RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૩ કારતક સુદ - ૯ બુધવાર, તા.૧૮-૧૧-૨૦૨૬ અંક : ૧૨૨ વર્ષ : ૨૨ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

એપલની સર્વિસમાં વૈશ્વિક 'બ્લેકઆઉટ', iPhone યુઝર્સ હેરાન

ભારત સહિત અનેક દેશોમાં લાખો યુઝર્સ મુશ્કેલીમાં મુકાયા; Apple Pay, Apple Music અને iCloud ખોરવાતાં ડિજિટલ વ્યવહારો અને સેવાઓ પર અસર, સાત દિવસમાં અમેરિકામાં ચોથી મોટી ટેકનિકલ ખામી

વોશિંગટન,

ટેક્નોલોજીના આજના આધુનિક યુગમાં, જ્યાં માનવીનું અડધું જીવન સ્માર્ટફોન અને ડિજિટલ ઉપકરણો પર નિર્ભર થઈ ગયું છે, ત્યાં અચાનક જ દુનિયાના દિગ્ગજ બ્રાન્ડ ગણાતી 'એપલ' કંપનીની મુખ્ય સેવામાં મોટો બ્રેકડાઉન જોવા મળ્યો છે.

વિશ્વભરમાં એપલના કરોડો યુઝર્સ માટે બુધવારની રાત અતિશય મુશ્કેલીભરી સાબિત થઈ હતી. આઈફોન , મેકબુક અને અન્ય એપલ ડિવાઈસ વાપરતા લાખો લોકો અચાનક જ કંપનીની મુખ્ય સર્વિસથી વિમુખ થઈ ગયા હતા.

મળતી માહિતી મુજબ, એપલની આંતરરાષ્ટ્રીય સ્તરની લોકપ્રિય સેવાઓ જેવી કે આઈક્લાઉડ, એપ સ્ટોર, એપલ પે, એપલ મ્યુઝિક અને સપોર્ટ સર્વિસ સંપૂર્ણપણે



ઠપ થઈ ગઈ હતી. ભારત સહિત દુનિયાભરના અનેક દેશોમાં યુઝર્સે સોશિયલ મીડિયા પર પોતાની નારાજગી અને મુશ્કેલીઓ વ્યક્ત કરી હતી.

યુઝર્સ દ્વારા પ્રાપ્ત અહેવાલો અને આઉટેજ ટ્રેક કરતી જાણીતી વેબસાઈટ 'ડાઉનડિટેક્ટર' પર હજારોની સંખ્યામાં ફરિયાદો નોંધાઈ હતી.અનેક યુઝર્સે ફરિયાદ કરી હતી કે તેમના આઈફોન અને મેક ડિવાઈસમાંથી અચાનક આઈક્લાઉડ લોગઆઉટ થઈ ગયું હતું. વારંવાર આવતા ટેક્નિકલ એરરના કારણે યુઝર્સે ફરીથી લોગઈન કરવાની લાંબી અને કંટાળાજનક પ્રક્રિયામાંથી પસાર થવું પડ્યું હતું.આઈફોન ચલાવતા શોખીનો જ્યારે નવા એપ્લિકેશન્સ ડાઉનલોડ કરવા માટે એપ સ્ટોર પર ગયા, ત્યારે તે એક્સેસ ન થવાને કારણે ભારે હાલાકી ભોગવવી પડી હતી.ડિજિટલ પેમેન્ટના આ યુગમાં ગ્રાહકોને સ્ટોર્સ પર ખરીદી કરતી વખતે 'એપલ પે' વાપરવામાં અડચણો નડી હતી, જેના કારણે લેણદેણ અટકી પડી હતી. સંગીતના શોખીન યુઝર્સ માટે મનોરંજન પર પણ ગ્રહણ લાગ્યું હતું. અમેરિકા અને અન્ય દેશોમાં યુઝર્સ મ્યુઝિક સ્ટ્રીમ કરી શક્યા નહોતા નવું ડિવાઈસ ખરીદીને એક્ટિવેટ કરવા માગતા ગ્રાહકો અટવાયા હતા, તેમજ ડેવલપર્સ માટેનું 'એપલ સ્ટોર કનેક્ટ' પણ ઠપ થઈ જતા પ્રોજેક્ટ્સને અસર થઈ હતી.

ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સ માટે આ અઠવાડિયું આફતોથી ભરેલું સાબિત થઈ રહ્યું છે. છેલ્લા માત્ર સાત જ દિવસમાં આ ચોથી મોટી ઘટના છે જ્યારે કોઈ મોટી ટેક કંપની કે સિસ્ટમ ખોરવાઈ ગઈ હોય. આ સિલસિલો ગત ગુરુવારની રાત્રે 'માઈક્રોસોફ્ટ'ના મોટા આઉટેજ સાથે શરૂ થયો હતો.

ત્યારબાદ એરલાઈન્સનું કમ્યુનિકેશન સિસ્ટમ અચાનક ડાઉન થઈ ગયું હતું અને મંગળવારે અમેરિકન બેંકિંગ સિસ્ટમમાં પણ કેટલાક સમય માટે મોટો અવરોધ ઊભો થયો હતો. આટલું ઓછું હોય તેમ, હવે એપલ જેવી મજબૂત સિક્યોરિટી અને સર્વિસ ધરાવતી કંપનીનું નેટવર્ક પણ ખોરવાઈ જતાં વૈશ્વિક સ્તરે સાયબર નિષ્ણાંતો અને ટેક પ્રેમીઓ ચિંતામાં મૂકાયા છે.

૨૦મીએ આંધ્ર.માં ત્રાટકશે વાવાઝોડું અકવાન

૪ રાજ્યોમાં ભારે વરસાદનું ઍલર્ટ, મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ કરી સમીક્ષા, હેલ્પલાઈન નંબર કરાયા જાહેર

નવીદિલ્હી,

બંગાળની ખાડીમાં સક્રિય થયેલું વાવાઝોડું અકવાન ઝડપથી આગળ વધી રહ્યું છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ સિસ્ટમ ડીપ ડિપ્રેશનમાંથી આગળ વધીને ચક્રવાતી તોફાન બની ચૂકી છે અને આજે સાંજ સુધીમાં તે 'ગંભીર ચક્રવાતી તોફાન'માં ફેરવાઈ શકે છે.

હાલમાં આ વાવાઝોડું ચેન્નાઈથી લગભગ ૬૧૦ કિલોમીટર પૂર્વમાં, મછલીપટ્ટનમથી ૬૬૦ કિલોમીટર, વિશાખાપટ્ટનમથી ૬૭૦ કિલોમીટર અને ઓડિશાના ગોપાલપુરથી ૭૯૦ કિલોમીટર દૂર સમુદ્રમાં સ્થિત છે. હવામાન વિભાગના અંદાજ મુજબ, ગુરુવાર સવાર સુધીમાં તે અત્યંત ગંભીર સ્વરૂપ ધારણ કરશે અને શુક્રવાર, ૨૦ નવેમ્બરની બપોર આસપાસ આંધ્રપ્રદેશના નેલ્લોર અને તુની વચ્ચે લેન્ડ કરશે.

લેન્ડ થવાના સમયે પવનની ઝડપ ૧૨૦થી ૧૩૦ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે, જ્યારે પવનના ઝોકા ૧૪૫ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. તાજેતરના અઠવાડિયામાં 'અર્નબ' અને 'મુરાસુ' બાદ આંધ્રપ્રદેશ પર ત્રાટકનારું આ ત્રીજું મોટું વાવાઝોડું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ૧થી ૨ મીટર ઊંચા મોજા ઉછળી શકે છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાનું જોખમ ઊભું થયું છે.

વૈશ્વિક ઊર્જાના સંકટ વચ્ચે જાપાને એશિયન એનર્જી એજન્સી બનાવવાનો મૂક્યો પ્રસ્તાવ

જાપાન ઈન્ડોનેશિયા સ્થિત આર્થિક સંશોધન સંસ્થા સાથે મળીને આ ટાસ્ક ફોર્સનું નેતૃત્વ કરશે

નવી દિલ્હી,

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા ઈરાન યુદ્ધના કારણે સમગ્ર વિશ્વમાં ઊર્જા સંકટ ઘેરું બન્યું છે અને ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચ્યા છે. આ કપરી પરિસ્થિતિ વચ્ચે જાપાને એશિયાઈ દેશોને મોટી રાહત અપાવતો એક ઐતિહાસિક પ્રસ્તાવ રજૂ કર્યો છે. તારીક ૧૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ ફિલિપાઈન્સની રાજધાની મનીલા ખાતે યોજાયેલા છજીઈછદ્ર શિખર સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં જાપાનના વડાપ્રધાન સનાએ તાકાઈચીએ ૪૮ દેશો સમક્ષ 'એશિયન એનર્જી એજન્સી'ની સ્થાપના કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

સંમેલનમાં પ્રસ્તાવર અંગે વાત કરતા જાપાનના વડાપ્રધાને સ્પષ્ટ કર્યું કે, તેઓ ૧૯૭૪ના તેલ સંકટ સમયે રચાયેલી 'ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી'ના તર્જ પર તેનું એશિયન વર્ઝન અને એક ખાસ 'ઓઈલ સિક્યોરિટી ટાસ્ક ફોર્સ' બનાવવા માંગે છે. જાપાન ઈન્ડોનેશિયા સ્થિત આર્થિક સંશોધન સંસ્થા સાથે મળીને આ ટાસ્ક ફોર્સનું નેતૃત્વ કરશે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય યુદ્ધ કે વૈશ્વિક કટોકટીના સમયે સભ્ય દેશોના રાષ્ટ્રીય તેલ ભંડારમાંથી તેલ જારી કરવા અને જરૂરિયાતમંદ દેશો સાથે પરસ્પર વહેંચણી કરવા માટેના ચોક્કસ નિયમો ઘડવાનો છે.

એશિયામાં મોટાભાગના દેશો પોતાની જરૂરિયાત પ્રમાણે તેલની આયાત કરે છે. વર્તમાનમાં જે યુદ્ધની સ્થિતિ ચાલી રહી છે તેના કારણે તેલ સપ્લાય પર અસર થઈ રહી છે. આ સંકટમાં એશિયાઈ દેશોમાં કોઈ સમસ્યા ના સર્જાય અને ઈંધણના ભાવ ભૂતકાળની જેમ જળવાઈ રહે તે માટે જાપાને આ યોજના બનાવી છે. આ પ્લાન ભારત માટે અતિમહત્વપૂર્ણ અને ફાયદાકારક સાબિત થઈ શકે છે. ભારત

ભારત પાસે ૨ અબજ ડોલરની લોન, નવા હવાઈ માર્ગોની માંગ સાથે દિલ્હી આવશે બાલેન શાહ

૨૨ નવેમ્બરે દિલ્હી પહોંચશે નેપાળના વડાપ્રધાન; હવાઈ માર્ગોની સુવિધા, ૨.૫ અબજ ડોલરની આર્થિક સહાય અને પુનર્નિર્માણ પેકેજ પર થશે ચર્ચા

કાઠમાંડૂ,તા.૧૭

નેપાળી વડા પ્રધાન બાલેન શાહ ૨૨ નવેમ્બરે લગભગ ૨૫ કલાક માટે ભારતની મુલાકાતે આવી રહ્યા છે.

આ એક દુર્લભ ઘટના છે, કારણ કે નેપાળી વડા પ્રધાનોની રાજ્ય મુલાકાતો સામાન્ય રીતે ૩ થી ૫ દિવસની હોય છે. જા કે, બાલેન શાહ ૨૩ નવેમ્બરે બપોરે ૩ વાગ્યાની આસપાસ નેપાળ પાછા ફરશે.



બાલેન શાહ ફક્ત વડા પ્રધાન મોદીને મળવા દિલ્હી આવવા માંગતા ન હતા; તેમણે ઘણા મહિનાઓ પહેલા જ તેમની મુલાકાત માટે ઘણી શરતો મૂકી દીધી હતી.

ભારત સાથે હવાઈ જાડાણ વધારવું એ નેપાળની લાંબા સમયથી માંગ રહી છે, અને બાલેન શાહની મુલાકાત દરમિયાન આ એક મુખ્ય એજન્ડા રહેશે. નેપાળ ભૈરહવા, નેપાળગંજ, મહેન્દ્રનગર અને જનકપુર થઈને નવા હવાઈ માર્ગો ઇચ્છે છે જેથી નેપાળ જતી અને જતી આંઆંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ માટે મુસાફરીને સરળ બનાવી શકાય. નેપાળી અધિકારીઓને આશા છે કે ભારત સકારાત્મક વલણ અપનાવશે. કાઠમંડુ પોસ્ટના અહેવાલ મુજબ, ભારત રક્સૌલમાં એક એરપોર્ટ બનાવી રહ્યું છે, અને ભારતીય અધિકારીઓએ નેપાળી એરસ્પેસનો ઉપયોગ કરવાની પરવાનગી માંગી હતી, જેને નેપાળે નકારી કાઢી છે અને તકનીકી વિગતો માંગી છે. જાકે, ભારતને બાગડોગરામાં હવાઈ ક્ષેત્રની સુવિધા આપવામાં આવી છે.

ગુજરાતમાં શિયાળાની રાહ પૂરી થશે, ૧૯ નવેમ્બરથી ઠંડીનો ચમકારો વધશે

નવેમ્બરના ત્રણ સપ્તાહ બાદ પણ ગુજરાતમાં શિયાળાની જમાવટ નહીં; અલ નીનોની અસરથી ઠંડીનું આગમન મોડું

અમદાવાદ,

નવેમ્બર મહિનાના ત્રણ સપ્તાહ બાદ પણ ગુજરાતમાં શિયાળો હજુ જામ્યો નથી. અલબત્તા, ૧૯ નવેમ્બરથી લઘુતમ તાપમાન ૩ ડિગ્રી જેટલું ઘટતાં શિયાળો આખરે જમાવટ કરવા લાગે તેવી પૂરી સંભાવના છે. ૧૭ નવેમ્બર રાત્રિના અમદાવાદમાં ૨૦.૫ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૩.૮ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. આગામી ૧૯ નવેમ્બર બાદ અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૭ ડિગ્રી જેટલું નોંધાઈ શકે છે. ગત વર્ષે અમદાવાદમાં નવેમ્બરના બીજા સપ્તાહ બાદ લઘુતમ તાપમાનનો પારો ૧૫ ડિગ્રીથી નીચે ગગડી ચૂક્યો હતો. જાણકારોના મતે, આ વર્ષે અલ નીનોની અસરથી શિયાળાની એન્ટ્રી મોડી થઈ છે. ગત વર્ષે ગુજરાતમાં ૧૭ નવેમ્બરના ૧૦.૮ ડિગ્રી સાથે નલિયા ઠંડુગાર હતું.

૧૭ નવેમ્બરના રાત્રિના રાજ્યભરમાં અન્ય વિસ્તારોની વાત કરીએ તો, ડીસામાં ૧૮.૯, વડોદરા-અમરેલીમાં ૧૯.૬, સુરતમાં ૨૦.૬, ગાંધીનગરમાં ૨૧.૨, ભુજમાં ૨૧.૬, જુનાગઢમાં ૨૧.૭, ભાવનગરમાં ૨૧.૮, રાજકોટમાં ૨૨.૬ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં ગુજરાતમાં ઠંડીનો ચમકારો વધવાની પૂરી સંભાવના છે.

પીએમ મોદીએ મનીલામાં જમીન પર પડેલા તિરંગાના માર્કરને ઉઠાવી ખિસ્સામાં મુક્યું

ડોનાલ્ડ ટ્રમ્પે તરત જ કહ્યું- 'આને સાચવીને રાખજો', સોસીયલ મીડિયા પર વિડિઓ વાયરલ

મનિલા,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રાષ્ટ્રધ્વજ પ્રત્યેનો આદર એકવાર ફરી આંતરરાષ્ટ્રીય મંચ પર જોવા મળ્યો છે. મનીલામાં યોજાયેલી ઊંછઠ્ઠ શિખર બેઠક દરમિયાન ગ્રુપ ફોટો સેશનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઇરલ થઈ રહ્યો છે.આ વીડિયોમાં PM મોદી જમીન પર રાખેલા ભારતીય તિરંગાના નિશાનવાળા માર્કરને ઉઠાવીને પોતાની ખિસ્સામાં મૂકતા નજરે પડે છે. આ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ તેમની પાસે જ હાજર હતા. મોદીના આ પગલા પર પ્રતિક્રિયા આપતા ટ્રમ્પે કહ્યું હતું, "આને સાચવીને રાખજો."

QUAD શિખર બેઠક દરમિયાન વિવિધ દેશોના રાષ્ટ્રાધ્યક્ષોનું ગ્રુપ ફોટોગ્રાફી થઈ રહી હતી. આ જ દરમિયાન વડાપ્રધાન મોદીની નજર કાર્પેટ પર રાખેલા એક નાના સફેદ કાર્ડ પર પડી. આ કાર્ડ પર ભારતીય તિરંગાનું પ્રતીક બનેલું હતું. હકીકતમાં આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં ગ્રુપ ફોટો વખતે નેતાઓની નિર્ધારિત જગ્યા નક્કી કરવા માટે આવા



માર્કરનો ઉપયોગ કરવામાં આવે છે. વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે PM મોદી નીચે નમીને ભારતીય ધ્વજના નિશાનવાળા આ માર્કરને ઉઠાવે છે અને પોતાના ખિસ્સામાં મૂકી દે છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે તેમણે આવું એટલા માટે કર્યું કારણ કે તેઓ તિરંગાના પ્રતીકને જમીન પર પડેલું છોડવા માંગતા ન હતા. આ દરમિયાન પોતાની ભાવના વ્યક્ત કરતા તેમણે કહ્યું હતું, "હું આને જમીન પર ન રાખી શકું."આ આખી ઘટના સમયે વડાપ્રધાન મોદીની આસપાસ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, જાપાનના વડાપ્રધાન સનાએ તાકાઈચી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ પણ હાજર હતા.

બિશ્નોઈ ગેંગના નેટવર્ક પર દિલ્હી પોલીસનો સકંજો, સાબરમતી જેલના મુલાકાતીઓની કુંડળી તપાસશે

જેલની બહાર ગેંગ ઓપરેટ કરતાં સાગરિતોને શોધવાની કવાયત, સ્પેશિયલ ટીમો દ્વારા હાથ ધરાશે આગળની તપાસ

નવીદિલ્હી,

કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની મુલાકાત લેનારા તમામ લોકો હવે દિલ્હી પોલીસના રડાર પર આવી ગયા છે. જેલની અંદર રહીને બહાર ચાલતા ગુનાખોરીના નેટવર્કને તોડી પાડવા માટે દિલ્હી પોલીસે એક અત્યંત મહત્વપૂર્ણ કવાયત હાથ ધરી છે. જે અંતર્ગત દિલ્હી પોલીસે ગુજરાતની અમદાવાદ સ્થિત સાબરમતી સેન્ટ્રલ જેલના સત્તાધીશોને એક સત્તાવાર પત્ર લહીને લોરેન્સ બિશ્નોઈને મળવા આવેલા અથવાઆ વ્યક્તિગત રીતે મુલાકાત કરવાની ઈચ્છા ધરાવતા તમામ મુલાકાતીઓની સંપૂર્ણ વિગતો માંગી છે.

પોલીસ તંત્રનું માનવું છે કે જેલની બહાર રહીને બિશ્નોઈ ગેંગનું સંચાલન કરતાં શખ્સો મુલાકાતના બહાને તેના સંપર્કમાં રહેતા હોય શકે છે. આ સંભવિત કનેક્શન અને ગુનાહિત ષડ્યંત્રનો પર્દાફાશ કરવા માટે મુલાકાતીઓની યાદી તપાસવામાં આવી રહી છે. તાજેતરના સમયમાં બિશ્નોઈ ગેંગના નામે મોટા વેપારીઓ અને ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલી હસ્તીઓને ખંડણી માટે ધમકીભર્યા ફોન અને સંદેશાઓ મળવાના કિસ્સાઓ સામે આવ્યા છે, જેને ગંભીરતાથી લઈને દિલ્હી પોલીસે આ આકરું પગલું ભર્યું છે. આ સમગ્ર મામલે એક પોલીસ અધિકારીએ નામ ન આપવાની શરતે માહિતી આપી હતી કે જેલ સત્તાધીશો તરફથી મુલાકાતીઓની સત્તાવાર વિગતો પ્રાપ્ત થયા બાદ દિલ્હી પોલીસની સ્પેશિયલ ટીમો દ્વારા આ તમામ લોકોની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવશે.

ટ્રમ્પ આજે APEC સમિટ માટે ચીન પહોંચશે, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે થશે મુલાકાત

પહેલીવાર વ્લાદિમીર પુતિન, શી જિનપિંગ અને ડોનાલ્ડ ટ્રમ્પની બેઠક થશે

વોશિંગટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આજે એશિયા-પેસિફિક ઈકોનોમિક કોઓપરેશન સમિટમાં ભાગ લેવા માટે ચીન પહોંચશે.આ દરમિયાન તેમની ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત થઈ શકે છે.સાથે જ વિશ્વની ત્રણ મોટી પરમાણુ શક્તિઓ—અમેરિકા, ચીન અને રશિયાના નેતાઓની પ્રથમ વખત બેઠક પણ યોજાશે. આ બેઠકમાં પરમાણુ હથિયારો, વૈશ્વિક શાંતિ અને આંતરરાષ્ટ્રીય સંબંધો પર ચર્ચા થઈ શકે છે.

છઁઈઝ સમિટ આજથી બે દિવસ ચીનના શેનઝેનમાં યોજાઈ રહી છે. તેમાં એશિયા-પેસિફિક ક્ષેત્રની ૨૧ અર્થવ્યવસ્થાઓના નેતાઓ ભાગ લઈ રહ્યા છે. આમાં અમેરિકા, ચીન, રશિયા, જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર અને ઈન્ડોનેશિયા જેવા દેશો સામેલ છે.ચીન ૧૨ વર્ષ બાદ ત્રીજી વખત આ સમિટની યજમાની કરી રહ્યું છે. આ વર્ષની થીમ છે—'બિલ્ડિંગ એશિયા-પેસિફિક કમ્યુનિટી ટુ પ્રોસ્પર ટુગેધર' એટલે કે સાથે મળીને પ્રગતિ કરતો એશિયા-પેસિફિક સમુદાય.

ટ્રમ્પ અને જિનપિંગની ગુરુવારે દ્વિપક્ષીય બેઠક યોજાશે. આ વર્ષે બંને નેતાઓની આ ત્રીજી રૂબરૂ મુલાકાત હશે. તેમાં વેપાર અને ટેક્નોલોજીને લઈને ચાલી રહેલા તણાવને ઘટાડવા અંગે ચર્ચા થઈ શકે છે.અમેરિકાના કૃષિ વિભાગ મુજબ, ચીને ૨૦૨૪માં ૨.૬૮ કરોડ ટન સોયાબીન ખરીદ્યું હતું, જે ૨૦૨૫માં ઘટીને ૭૨ લાખ ટન રહી ગયું. ચીને આગામી ત્રણ વર્ષ સુધી દર વર્ષે ૨.૫ કરોડ ટન સોયાબીન ખરીદવાનું વચન આપ્યું હતું.સાથે જ ૨૦૨૮ સુધી દર વર્ષે ૧૭ અબજ ડૉલરના અન્ય અમેરિકન કૃષિ ઉત્પાદનો ખરીદવાની વાત પણ કહી હતી.

ચીને ૨૦૨૫માં તેની નિકાસ પર કડકાઈ કરી હતી, જેના કારણે અમેરિકન કંપનીઓને સપ્લાય અટકી જવાનો ડર હતો.ગયા વર્ષે ચીને પ્રતિબંધો પર રોક લગાવી હતી, જેને હવે ૧૦ જાન્યુઆરી ૨૦૨૭ સુધી લંબાવી દેવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો નવતર જનસંપર્ક અભિગમ : ત્રણ દિવસ સુધી આદિજાતિ વિસ્તાર ગરબાડાના અંતરિયાળ ગામડાઓની મૂલાકાત લેશે

આદિજાતિ ગ્રામજનો સાથે પ્રત્યક્ષસંવાદ – આદિવાસી પરિવારોના ઘરે ભોજન અને રાત્રિ રોકાણ કરશે



ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અંતરિયાળ આદિજાતિ વિસ્તાર ગરબાડા તાલુકાના વિવિધ ગામોની ત્રણ દિવસની મૂલાકાતે તા.૧૮ નવેમ્બર બુધવારથી ૨૦ નવેમ્બર શુક્રવાર દરમિયાન જશે.

મૃદુ, મિતભાષી અને મક્કમ મુખ્યમંત્રી તરીકે જનમાનસમાં આગવી લોકચાહના મેળવેલા સહજ, સરળ અને સાલસ વ્યક્તિત્વ ધરાવતા ભૂપેન્દ્રભાઈએ લોકોની રજૂઆતો, નાગરિક-ફરિયાદો, લોક-સમસ્યાઓનું ત્વરાએ નિવારણ લાવવા માટે પણ હવે 'આપણા ભૂપેન્દ્રભાઈ'ની ઓળખ ઊભી કરી છે.

મુખ્યમંત્રીએ પોતાની આવી જ સહજ, સરળતાનો વધુ એક પરિચય આપતાં છેક ગ્રામીણ સ્તરના પાયાના કાર્યકર્તાઓ અને આદિજાતિ ગ્રામજનો સાથે બેસીને સંવાદ અને લોકસંપર્કનો નવતર અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રીએ આદિજાતિ ગામોના સામાન્ય માનવીઓના જનજીવન અને ગ્રામ્ય જીવનની રહેણી-કરણી આત્મીય ભાવે નજીકથી સમજવા-નિહાળવા સાથે ગ્રામીણ વિસ્તારોની સમસ્યાઓ – રજૂઆતો કાને ધરવાના સંવેદનશીલ અને લોકાભિમુખ અભિગમ સાથે આ ત્રિદિવસીય મૂલાકાતનું આયોજન કર્યુ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમના આ સમગ્ર પ્રવાસ દરમિયાન ત્રણેય દિવસે અદના આદિવાસી પરિવારોના ઘરે તેમની સાથે બેસીને પરંપરાગત આદિવાસી ભોજન લેશે અને રાત્રી રોકાણ કરશે તથા સ્થાનિક આદિવાસી ભજન મંડળીઓના ભજન કિર્તનનું શ્રવણ કરશે.

મુખ્યમંત્રી આદિજાતિ વિસ્તારના ૭૨ કલાકના પ્રવાસ-મૂલાકાત દરમિયાન ધાનપૂર તાલુકામાં જિલ્લા વહિવટી તંત્રના સંબંધિત વિભાગો સાથે વિકાસ કાર્યોની સમીક્ષા કરશે અને આદિજાતિઓના શ્રદ્ધા-આસ્થા કેન્દ્ર સમા બાબા ધોડાજા દેવ મંદિરમાં દર્શન-પૂજન કરશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમના ત્રિદિવસીય પ્રવાસના અંતિમ ચરણમાં સ્માર્ટ સિટી દાહોદની સરકારી લાયબ્રેરી-વાંચનાલયની મૂલાકાત લઈને બાળકો-યુવાઓ સાથે સંવાદ ગોષ્ઠિ કરશે અને ૨૦ નવેમ્બર, શુક્રવારે બપોર બાદ ગાંધીનગર પરત આવશે.

શિયાળુ સિઝન માટે ખેડૂતોએઅધિકૃત વિક્રેતાઓ પાસેથી જ બિયારણ અને ખાતરની ખરીદી કરવા અનુરોધ

ખરીદી વખતે વેપારીની તમામ વિગતો દર્શાવતું પાકું બિલ સહી સાથે મેળવવું અનિવાર્ય

ગાંધીનગર,

રાજ્યના ખેડૂતોએ આગામી શિયાળુ સિઝનમાં પાક વાવેતર માટે બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે છેતરપીંડીથી બચવા માટે કેટલીક કાળજી રાખવાની થતી હોય છે. ખેતી નિયામકશ્રીની યાદીમાં જણાવ્યા અનુસાર ખેડૂતોએ હંમેશાં બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ કે પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા નોંધાયેલા ખાનગી વિક્રેતાઓ પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. છેતરપિંડીથી બચવા માટે કોઈપણ સંજોગોમાં લાયસન્સ કે પરવાનો ન ધરાવતી વ્યક્તિઓ, પેઢીઓ, ફેરીયાઓ અથવા શંકાસ્પદ તત્વો પાસેથી ક્યારેય પણ ખેતી માટે જરૂરી ચીજ વસ્તુઓની ખરીદી કરવી નહીં. વધુમાં જણાવ્યા અનુસાર બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પૂરું નામ, સરનામું, ખરીદેલ ઈનપુટનું નામ અને લોટ નંબર જેવી તમામ વિગતો દર્શાવતું પાકું બિલ સહી સાથે મેળવી લેવું અનિવાર્ય છે. આ ઉપરાંત, કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થઈ ગઈ હોય તેવા ઈનપુટની ખરીદી કે વાવેતર કરવું નહીં.

ખેડૂતોએ હંમેશાં વૈજ્ઞાનિક ભલામણ મુજબના જથ્થામાં જ બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો હિતાવહ છે. જો ક્યાંય પણ અધિકૃત અથવા પ્રચલિત નામથી મળતાં આવતાં અમાન્ય કે નકલી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનું વેચાણ થતું હોવાનું ધ્યાનમાં આવે, તો તાત્કાલિક ધોરણે સંબંધિત ખેતીવાડી અધિકારી અથવા જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રીને આ બાબતની જાણ કરવા ખેતી નિયામક કચેરીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

પશ્ચિમ કચ્છ પોલીસમાં મોટો ફેરફાર, 17 PI-PSIની આંતરિક બદલી

કચ્છ,

વહીવટી કારણોસર પોલીસ બેડામાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે જેમાં, પશ્ચિમ કચ્છ પોલીસ વિભાગમાં વહીવટી કારણોસર ૧૭ પોલીસ ઈન્સ્પેક્ટર (PI) અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI)ની આંતરિક બદલી કરવામાં આવી છે. જિલ્લા પોલીસ વડા વિકાસ સુંડાએ આ બદલીઓના આદેશ જાહેર કર્યા છે. આ બદલીઓના પગલે વિવિધ પોલીસ સ્ટેશન અને શાખાઓમાં ફરજ બજાવતા અધિકારીઓને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. મીડિયા સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પશ્ચિમ કચ્છ પોલીસ વિભાગમાં વહીવટી વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા માટે આ આંતરિક બદલીઓ કરવામાં આવી છે. જેમાં PI અને PSI કક્ષાના અધિકારીઓની જુદી-જુદી પોલીસ સ્ટેશન તેમજ શાખાઓમાં નિમણૂક કરવામાં આવી છે. બદલીના આદેશ અનુસાર, PI એ.બી. જાડેજાની નિરોણા પોલીસ સ્ટેશનથી માધાપર પોલીસ સ્ટેશન ખાતે બદલી કરવામાં આવી છે. જ્યારે PI એ.કે. જાડેજાને માધાપર પોલીસ સ્ટેશનથી મુન્દ્રા એરપોર્ટ ખાતે મૂકવામાં આવ્યા છે.

તેવી જ રીતે PI એસ.એમ. દેસાઈની મુન્દ્રા એરપોર્ટથી કોડાય પોલીસ સ્ટેશન ખાતે બદલી કરવામાં આવી છે. PI બી.પી. ખરાડીને કોડાય પોલીસ સ્ટેશનથી ખાવડા પોલીસ સ્ટેશનમાં નવી જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત PI ટી.ડી. ચુડાસમાની ધોરડો પોલીસ સ્ટેશનથી ગઢશીશા પોલીસ સ્ટેશન ખાતે બદલી કરવામાં આવી છે.

મંત્રી જીતુભાઈ વાઘાણીના ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને નૂતન વર્ષના મંગલ પ્રારંભે દેશી ઓલાદની ગીર ગાયોનું આગમન

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગૌ-પૂજન કરી મંત્રીની પહેલને બિરદાવી

ગાંધીનગર,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અનન્ય ગૌ-પ્રેમ અને તેમણે પોતાના દિલ્હી સ્થિત નિવાસસ્થાને ગાયો રાખીને સમગ્ર દેશને આપેલી પ્રેરણામાંથી પ્રેરાઈને ગુજરાતના કૃષિ અને પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીએ એક અનુકરણીય પહેલ કરી છે. દિવાળીના પાવન પર્વ બાદ નૂતન વર્ષના મંગલ પ્રારંભ સાથે જ મંત્રીએ પોતાના ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને 'બાલા હનુમાન ગૌશાળા-પોરબંદર' (કેતનભાઈ ગજ્જર) ખાતેથી વિશ્વપ્રસિદ્ધ દેશી



ઓલાદની બે ગીર ગાય અને બે વાછરડી લાવીને પોતાનો ગૌ-પ્રેમ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની પ્રતિબદ્ધતા પ્રદર્શિત કરી છે. નવા વર્ષના શુભ અવસરે, પ્રાકૃતિક કૃષિના પ્રખર હિમાયતી અને ગૌ-પ્રેમી એવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સ્વયં મંત્રીના નિવાસસ્થાને પધારીને આ ગીર ગાયોનું શાસ્ત્રોક્ત વિધિથી ગૌ-પૂજન કર્યું હતું અને ગાયોને નિરાણ અર્પણ કરી મંત્રીની આ ભાવનાને હૃદયપૂર્વક બિરદાવી હતી. આ પ્રસંગે રાજ્યપાલએ ભારતીય સંસ્કૃતિમાં ગૌમાતાના મહત્વને ઉજાગર કરતાં ગાયોની યોગ્ય સારસંભાળ, પોષણ અને વૈજ્ઞાનિક ઢબે ગૌ-સંવર્ધન અંગે મંત્રીને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ગુજરાત સરકાર દ્વારા બેંકોની જાહેર રજાઓમાં આંબેડકર જયંતીની તારીખ અંગે સુધારો જાહેર



ગાંધીનગર,

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૭ની બેંકોની જાહેર રજાઓ અંગે ગત તા. ૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં "ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતી"ની તારીખ,વાર અને શક સંવત બાબતે શરતચૂકથી થયેલી ભૂલ સુધારવામાં આવી છે.

જેમાં અગાઉના જાહેરનામામાં આ રજા શરતચૂકથી તા. ૧૪ એપ્રિલ, ૨૦૨૬ દર્શાવવામાં આવી હતી. આ સંદર્ભે તા. ૧૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ નવું સુધારેલું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

નવા સુધારા મુજબ, વર્ષ ૨૦૨૭માં ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતીની જાહેર રજા હવે બુધવાર, ૧૪ એપ્રિલ, ૨૦૨૭ના રોજ રહેશે. આ દિવસની અન્ય પંચાંગની વિગતો જોઈએ તો, શક સંવત ૧૯૪૯ની ૨૪ ચૈત્ર અને વિક્રમ સંવત ૨૦૮૩ની ચૈત્ર સુદ-૮ રહેશે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આ એક જ બાબતના સુધારા સિવાય અગાઉના મૂળ જાહેરનામાની બાકીની તમામ રજાઓ અને વિગતો યથાવત્ રહેશે.

સંગીત જગતના સ્ટાર દિલજીત દોસાંઝે ગીરની મુલાકાત લઈ એશિયાટિક સિંહની સફારીનો આનંદ માણ્યો

ગુજરાતમાં કોન્સર્ટ ટૂરિઝમના વધતા અવસર વચ્ચે દિલજીત દોસાંઝે માણ્યું ગુજરાતનું વન્યજીવન અને આતિથ્ય

અમદાવાદ,

વૈશ્વિક સંગીત જગતના લોકપ્રિય કલાકાર દિલજીત દોસાંઝ હાલમાં ગુજરાતની મુલાકાતે છે અને તેમણે આજે ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાત લઈ સિંહ સફારીનો આનંદ માણ્યો હતો. ગીરના જંગલમાં ભવ્ય એશિયાટિક સિંહ તેમજ ગુજરાતની સમૃદ્ધ કુદરતી અને વન્યજીવનની વિરાસતથી દિલજીત દોસાંઝ અભિભૂત થયા હતા. તેઓ ગુજરાતમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાનાર આગામી કોન્સર્ટ માટે આવ્યા છે. દિલજીતની ગીર મુલાકાત મનોરંજન અને પ્રવાસનના વધતા સંગમને ઉજાગર કરે છે.

ગુજરાતમાં કોન્સર્ટ ટૂરિઝમ પ્રવાસનના નવા અને મહત્વપૂર્ણ ક્ષેત્ર તરીકે ઉભરી રહ્યું છે, જે દેશ-વિદેશમાંથી પ્રવાસીઓને આકર્ષવાની સાથે હોટેલ, રેસ્ટોરન્ટ, પરિવહન, સ્થાનિક વ્યવસાય અને પ્રવાસન ક્ષેત્ર સાથે સંકળાયેલા વિવિધ હિતધારકો માટે આર્થિક તકો ઊભી કરી શકે છે. વિશાળ સ્તરના કોન્સર્ટ સાથે ગીરનું વન્યજીવન, ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ અને વિવિધ પ્રવાસન સ્થળોને જોડવાથી અમદાવાદ અને ગુજરાતનું ડેસ્ટિનેશન બ્રાન્ડિંગ વધુ મજબૂત બનશે અને રાજ્યને કોન્સર્ટ, ઈવેન્ટ તથા એક્સપિરિએન્શિયલ ટૂરિઝમ માટે એક આકર્ષક સ્થળ તરીકે પ્રસ્થાપિત કરવામાં મદદ મળશે.

મોટા પાયે યોજાતા કોન્સર્ટ ગુજરાતના પ્રવાસનને પરંપરાગત પ્રવાસન અનુભવોથી આગળ લઈ જવાની, પ્રવાસીઓની સંખ્યા વધારવાની, સ્થાનિક આર્થિક પ્રવૃત્તિને વેગ આપવાની અને ગુજરાતના બ્રાન્ડને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ મજબૂત બનાવવાની નોંધપાત્ર તક પૂરી પાડશે.

IIT ગાંધીનગરના સંશોધકોએ છોડને જરૂર હોય ત્યારે સૂક્ષ્મ પોષકતત્વો મુક્ત કરે તેવા સીવીડ-આધારિત બીડ્સ વિકસાવ્યા

ગાંધીનગર,

ભલે માટીમાં છોડને જરૂરી બધા પોષક તત્વો હોય, છતાં તે વધવા માટે સંઘર્ષ કરી શકે છે. ઝીંક અને આયર્ન જેવા સૂક્ષ્મ પોષક તત્વો છોડના મૂળ સુધી પહોંચે છે કે માટીના કણોમાં ફસાયેલા રહે છે તે જમીનના રસાયણશાસ્ત્ર પર આધાર રાખે છે, ખાસ કરીને તેની એસિડિટી પર. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ગાંધીનગર (IITGN) ના સંશોધકોએ સીવીડ જેલના નાના મણકા વિકસાવ્યા છે. જ્યારે મૂળની આસપાસની માટી એસિડિક બને છે, ત્યારે આ મણકા સૂક્ષ્મ પોષક તત્વોને મુક્ત કરે છે. આ એક સંકેત છે જે છોડ પોષક તત્વોની ઉણપ અનુભવે છે ત્યારે આપે છે.

ACS Omega માં પ્રકાશિત આ અભ્યાસ, કૃષિ સમસ્યાને ઉકેલવા માટે જેલ-બીડ્સ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. તેનો ઉદ્દેશ્ય ઝીંક, આયર્ન, મેંગેનીઝ અને તાંબુ જેવા આવશ્યક સૂક્ષ્મ પોષક તત્વોને જમીન દ્વારા શોષાય તે પહેલાં અથવા પાણી



દ્વારા ધોવાઈ જાય તે પહેલાં પાક સુધી પહોંચાડવાનો છે.

આ સૂક્ષ્મ પોષક તત્વોર્ૈય્દ્ર ના જૈવિક વિજ્ઞાન અને એન્જિનિયરિંગ વિભાગના પીએચડી વિદ્વાનો, હિતાશા વિઠલાની અને સુભોજીત ઘોષની કૃતિ છે. હિતાશા વિઠલાની ડૉ. મુકેશ ધાનકાની પ્રયોગશાળામાં કેન્સર અને ઘાની સારવાર માટે બાયોમટીરિયલ્સ પર કામ કરે છે. તેમની પ્રયોગશાળા તબીબી ઉપયોગો માટે પાણી શોષક જેલ, જેને હાઈડ્રોજેલ્સ કહેવાય છે, ડિઝાઈન કરે છે. સુભોજીત ઘોષ, ડૉ. સુબ્રમણ્યમ શંકરનારાયણનના માર્ગદર્શન હેઠળ, છોડ પ્રણાલીઓમાં બાયોમોલેક્યુલ્સનો અભ્યાસ કરે છે.

આ ગ્રાન્યુલ્સ તબીબી ક્ષેત્રના એક વિચારને માટીના પોષણ પર લાગુ કરે છે. IITGN ખાતે જૈવિક વિજ્ઞાન અને એન્જિનિયરિંગ વિભાગના સહાયક પ્રોફેસર અને અભ્યાસના લેખક ડૉ. ધનકાએ જણાવ્યું, "હાઈડ્રોજેલ્સ, જે કોઈ દવાને પોતાની અંદર રાખીને તેને ધીમે ધીમે મુક્ત કરે છે, તેમાં તબીબી ઉપયોગો માટે અપાર સંભાવનાઓ છે. અમે આ ટેકનોલોજીને અનુકૂલિત કરી છે જેથી જેલ છોડને મૂળની નજીક પોષક તત્વોની આસપાસ ત્યાં સુધી રોકી રાખે જ્યાં સુધી છોડને તેમની જરૂર ન પડે."

છોડની નાની જરૂરિયાત, ભરવા માટે મોટી ઉણપ

છોડને ખૂબ જ ઓછી માત્રામાં સૂક્ષ્મ પોષકતત્વોની જરૂર પડે છે, પરંતુ તેમની ઉણપ સામાન્ય ઉત્સેચક પ્રવૃત્તિને અવરોધે છે અને હરિતદ્રવ્ય ઘટાડી શકે છે. આના પરિણામે પાંદડા પીળા પડી જાય છે, છોડનો વિકાસ અટકે છે અને ઉપજમાં ઘટાડો થાય છે. ૨૦૨૧માં બહાર પાડવામાં આવેલા સોઈલ હેલ્થ કાર્ડ ડેટાના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે લગભગ ૩૯% ભારતીય જમીનમાં ઝીંક અને લગભગ ૧૯% આયર્નની ઉણપ છે.

આવા પાકોના ખોરાકમાં ખનીજોની ઉણપ હોય છે, જે હિડન હંગરમાં ફાળો આપે છે. આ વિટામિન અને ખનીજની ઉણપ સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસ ધ્યેય રનું લક્ષ્ય છે. જમીનમાં સૂક્ષ્મ પોષકતત્વોના ક્ષાર ઉમેરવા અથવા પાંદડા પર છંટકાવ કરવા જેવા સામાન્ય અભિગમોની પોતાની મર્યાદાઓ હોય છે. ઘણીવાર, આ ક્ષાર જમીનમાં સ્થિર થઈ જાય છે અથવા છોડના મૂળ તેમને શોષી શકે તે પહેલાં ધોવાઈ જાય છે.

કેન્દ્રીય મંત્રી એસ. પી. સિંહ બઘેલે ભુજ ખાતેની બેઠકમાં પંચાયતોની નાણાકીય આત્મનિર્ભરતા પર ભાર મૂક્યો



કેન્દ્રીય પંચાયતી રાજ રાજ્ય મંત્રી પ્રો. એસ. પી. સિંહ બઘેલે મંગળવારે કચ્છના ભુજ ખાતે "પંચાયતી રાજ સંસ્થાઓમાં આવકના પોતાના સ્ત્રોતોનું એકત્રીકરણ" વિષય પરની સલાહકાર સમિતિની બેઠકમાં ભાગ લીધો હતો.આ બેઠકમાં પંચાયતી રાજ સંસ્થાઓની નાણાકીય સ્વાયત્તતાને મજબૂત કરવા, તેમની પોતાની આવક ઊભી કરવાની ક્ષમતા વધારવા અને ટકાઉ ગ્રામીણ વિકાસ માટે નાણાકીય સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.વિચાર-વિમર્શમાં ગ્રામીણ વિકાસને વેગ આપવા માટે પાયાના સ્તરના શાસનને વધુ નાણાકીય રીતે સ્વતંત્ર, કાર્યક્ષમ અને જવાબદાર બનાવવાના મહત્વને પણ રેખાંકિત કરવામાં આવ્યું હતું.આ બેઠકમાં લોકસભાના સાંસદો ગેનીબેન નાગાજી ઠાકોર અને ઉમેશભાઈ બાબુભાઈ પટેલ, પંચાયતી રાજ મંત્રાલયના સચિવ વિનીત જોશી, સંયુક્ત સચિવો મુક્તા શેખર અને રાજેશ કુમાર સિંહ, અધિક વિકાસ કમિશનર યોગેશ નિર્ગુડે, પંચાયતી રાજ મંત્રાલયના નાયબ સચિવ દીપેન્દ્ર સિંહ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં મજબૂત ગ્રામીણ ભારતના નિર્માણ અને 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવાના પાયા તરીકે સશક્ત, નાણાકીય રીતે સુદૃઢ અને આત્મનિર્ભર પંચાયતોના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

ગિરનારની લીલી પરિક્રમાને લઈને જૂનાગઢ પોલીસે રીક્ષાચાલકો માટે રજીસ્ટ્રેશન, અધિકૃત પાસ ફરજીયાત કર્યા

જૂનાગઢ,

સમગ્ર દેશમાં મહત્વનું ગણાતી ગિરનારની પાવનકારી લીલી પરિક્રમા કાર્તિક સુદ એકાદશીથી કાર્તિકી પૂર્ણિમા સુધી આયોજિત થતી હોય છે. પરિક્રમા માટે આવતા શ્રદ્ધાળુઓ ભવનાથ સુધી ઓટોરિક્ષા મારફતે પહોંચતા હોય છે. આ વખતે જૂનાગઢ જિલ્લા પોલીસ દ્વારા રિક્ષાચાલકોને પાસ આપવાનું નક્કી થયું છે. જૂનાગઢમાં સ્થાનિક રહેતા હોય તેવા રિક્ષાચાલકોને પાસ આપવામાં આવશે. આ સિવાય પરિક્રમાના પાંચ દિવસ દરમિયાન તમામ પ્રકારના રિક્ષાના ડોક્યુમેન્ટ, જેવા કે રીક્ષા કોઈ ગુનામાં વપરાય નથી અને ચાલકનો કોઈ ઈતિહાસ ગુનાહિત નથી. આવા પ્રમાણપત્રો સાથે પાસ આપવામાં આવી રહ્યા છે.

કાર્તિક સુદ એકાદશીથી કાર્તિકી પૂર્ણિમા સુધી ગરવા ગિરનારની પાવનકારી લીલી પરિક્રમા શરૂ થઈ રહે છે. આગામી ૨૦ તારીખથી આ પરિક્રમા શરૂ થશે. જે ૨૪મી તારીખે પૂર્ણ થશે. પરિક્રમામાં સમગ્ર ગુજરાત અને દેશમાંથી આવતા ભાવિકો ભવનાથ અને પરિક્રમા માર્ગ સુધી પહોંચે, તે માટે રિક્ષાચાલકોને વિશેષ પાસ આપવાનો નિર્ણય જૂનાગઢ જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવ્યો છે. જે રિક્ષાચાલકો પાસે પોલીસ દ્વારા અધિકૃત પાસ આપવામાં આવ્યો હશે, તેવી જ રિક્ષાને પરિક્રમાના દિવસો દરમિયાન ભવનાથ તળેટી અને પરિક્રમાના માર્ગ સુધી જવા દેવાની મંજૂરી આપવામાં આવશે.

જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરાએ આપેલી વિગતો અનુસાર, આ વર્ષે પરિક્રમામાં રિક્ષાચાલકો માટે પાસ ફરજિયાત બનાવવામાં આવ્યો છે. જૂનાગઢ શહેરમાં રહેતા જ રિક્ષાચાલકોને પાસ આપવામાં આવશે. જેમાં રિક્ષાના તમામ આધાર સાથેના પ્રમાણપત્રો, જે રીક્ષા પરિક્રમામાં ચલાવવા માટે મંજૂરી માંગવામાં આવી છે, તે ગુનાહિત કામો માટે ક્યારેય વપરાઈ નથી અને સાથે સાથે રિક્ષાચાલકનો પણ કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. આવા ધારા ધોરણોને પૂર્ણ કરનાર રિક્ષા અને તેના ચાલકને પરિક્રમા દરમિયાન પાંચ દિવસ માટે પાસ આપવાનો નક્કી થયું છે.

જૂનાગઢ પોલીસે લીધેલા આ મોટા નિર્ણય બાદ પોલીસ સ્ટેશન બહાર રિક્ષાચાલકોની કતાર લાગી હતી. રિક્ષાચાલકોને પાસ આપવાની તમામ કામગીરી જૂનાગઢ જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા શરૂ કરવામાં આવી છે. પોલીસ વિભાગ દ્વારા અધિકૃત ન કરાયેલી કોઈપણ રિક્ષાને પરિક્રમા માર્ગ પર પ્રવેશ દેવામાં આવશે નહીં.

દબાણ હટાવ શાખા દ્વારા ૧૮ રેંકડી / કેબીન અને ૧૫૬૯ બોર્ડ/બેનરો જપ્ત:રૂ.૩,૭૪,૦૧૫-/-નો વહીવટી ચાર્જ વસુલ

રાજકોટઃ રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તારીખ. ૦૧/૧૧/૨૦૨૬ થી ૧૫/૧૧/૨૦૨૬ દરમ્યાન રાજકોટ શહેરમાં જાહેર માર્ગો પર અસ્થાઈ દબાણ રેકડી-કેબીન અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો તેમજ બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે.



ધરાર માર્કેટ, સંતકબિર રોડ, પેડક રોડ, કોઠારીયા રોડ, મવડી મેઈનરોડ, સાધુવાસવાણી રોડ, ૧૫૦ રિંગ રોડ, રૈયા ધાર રોડ, રામાપીર ચોકડી, કાલાવડ રોડ, જ્યુબેલી, જંક્શન રોડ, ઢેબર રોડ, પરાબજાર પાસેથી રસ્તા પર નડતર રૂપ ૧૮ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી.

ધરાર માર્કેટ, સંતકબિરરોડ, પેડક રોડ, કોઠારીયા રોડ, મવડી મેઈન રોડ, સાધુવાસવાણી રોડ, ૧૫૦ રિંગ રોડ, રૈયાધાર રોડ, રામાપીર ચોકડી, કાલાવડ રોડ, જ્યુબેલી, જંક્શન રોડ, ઢેબરરોડ, પરાબજાર, ગુંદાવાડી, પરાબજાર, ગાયત્રીનગર મેઈન રોડ, યાજ્ઞિક રોડ, રેસકોર્ષ ગ્રાઉન્ડ પાસેથી જુદી-જુદી અન્ય ૧૧૯ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ.

ધરાર માર્કેટ, પેડક રોડ, પારેવડી ચોક, કેસરી હિન્દ પુલ, કોઠારીયા રોડ રણુજા મંદિર પાસે, મવડી મેઈન રોડ, પુષ્કરધામ મેઈન રોડ, સાધુવાસવાણી રોડ, ૧૫૦ રિંગ રોડ, રૈયાધાર રોડ, રામાપીર ચોકડી, કાલાવડરોડ, જ્યુબેલી, જંક્શન રોડ, ઢેબર રોડ, પરાબજાર, ગુંદાવાડી પાસેથી ૧૦૧૯ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ.

કોઠારીયા રોડ, સંતકબીર રોડ, પેડક રોડ, ભાવનગર રોડ, પુષ્કરધામ મેઈન રોડ, યુનિ.રોડ,નાણાવટી ચોક, રૈયા રોડ, મવડી રોડ, સ્વામીનારાયણ ચોક, ઢેબર રોડ, સોરઠીયાવાડી પાસે થી રૂ.૨,૨૩,૦૫૦/- મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.

૮૦ફુટ રોડ, પારેવડી ચોક, સંતકબીર રોડ, ધરાર માર્કેટ, કોઠારીયા રોડ, મોરબી રોડ, ભાવનગર રોડ, કુવાડવા રોડ, ૮૦ફુટ રોડ, અટિકા ફાટક, જામનગર રોડ, ટાગોર રોડ, આનંદબંગલા ચોક, મવડી મેઈન રોડ, આહિર ચોક પરથી રૂ.૧,૫૦,૯૬૫/- વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેટેલાઈટ ચોક, કોઠારીયા રોડ, મોરબી રોડ, પેડક રોડ,ભાવનગર રોડ, ચુનારાવાડ મેઈન રોડ,ઢેબર રોડ, રેસકોર્ષ રિંગ રોડ, જામનગર રોડ, બંજરવાડી સર્કલ પાસે, મહીલા અંડરબ્રિજ, કાલાવડ રોડ, મવડી મેઈન રોડ, ગોંડલ ચોકડી, પુનીત નગરનાં ટાંકા પાસેથી મવડી ચોકડી સુધી, પરથી ૧૫૬૯ બોર્ડ-બેનર જપ્ત કરેલા છે.

વિજ્ઞાન પ્રૌદ્યોગિકી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ 'સ્પેસટેક હેકાથોન ૨૦૨૬'ની જાહેરાત કરી

સ્પેસ ટેકનોલોજીના માધ્યમથી કૃષિ, દરિયાઈ સુરક્ષા, આપત્તિ વ્યવસ્થાપન અને વન-સંરક્ષણ જેવા ક્ષેત્રોની સમસ્યાઓના સમાધાન શોધવાનો ઉદ્દેશ : મોઢવાડિયા

રાજકોટઃ ગુજરાતમાં સ્પેસ ટેકનોલોજી આધારિત ઈનોવેશન અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વેગ આપવાના લક્ષ્ય સાથે ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ગાંધીનગર ખાતેથી 'સ્પેસટેક હેકાથોન ૨૦૨૬'ની જાહેરાત કરી છે. આ હેકાથોન અંતર્ગત નવીન વિચારો અને ટેકનોલોજીકલ સોલ્યુશન્સ રજૂ કરનારા સ્પર્ધકો માટે કુલ રૂ.૫૬ લાખની ઈનામી રકમ રાખવામાં આવી છે.સ્પેસટેક હેકાથોનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પ્રથમ વિજેતાને રૂ.૫ લાખ અને દ્વિતીય સ્થાન મેળવનારને રૂ.૩ લાખનો રોકડ પુરસ્કાર



અપાશે.વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગના મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ 'સ્પેસટેક હેકાથોન ૨૦૨૬નો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં કહ્યું કે, 'સ્પેસટેક હેકાથોન ૨૦૨૬' માત્ર નવા વિચારો રજૂ કરવા પૂરતી સીમિત નથી, પરંતુ તે વૈજ્ઞાનિકો, ઈનોવેટર્સ, ઉદ્યોગસાહસિકો અને વિવિધ સ્ટેકહોલ્ડર્સને એક જ પ્લેટફોર્મ પર લાવીને વાસ્તવિક જીવનના પડકારો ઉકેલવાનું એક સશક્ત માધ્યમ છે.સ્પેસ ટેકનોલોજીના મેન્યુફેક્ચરિંગ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે સાણંદ નજીક 'ગુજરાત સ્પેસ પાર્ક'ની પણ રચના કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ પાર્કમાં સેટેલાઈટ સહિતના અવકાશી ઉપકરણોના ઉત્પાદન અને પરીક્ષણ માટે અત્યાધુનિક કોમન ટેસ્ટિંગ ફેસિલિટી ઊભી કરવામાં આવી છે.આ પ્રોજેક્ટના પગલે ઉદ્યોગોને એક જ સ્થળે તમામ સુવિધાઓ મળી રહે. મંત્રીએ 'સ્પેસટેક હેકાથોન-૨૦૨૬' જેવી અભિનવ પહેલ બદલ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના તમામ અધિકારીઓ અને ટીમને અભિનંદન પાઠવ્યા હતા. આ અવસરે વિજ્ઞાન અને ટેક્નોલોજીના સચિવ પી. ભારતી, મિશન નિયામક નેહાકુમારી સહીત વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ તથા ઈન સ્પેસના ઉચ્ચ અધિકારીઓ - કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

જૂનાગઢ પરિક્રમા મેળા દરમિયાન રાજકોટ-જૂનાગઢ વચ્ચે દોડશે બે જોડી મેળા સ્પેશિયલ ટ્રેનો

રાજકોટઃ પશ્ચિમ રેલવે દ્વારા જૂનાગઢમાં આયોજિત થનાર પ્રસિદ્ધ પરિક્રમા મેળા દરમિયાન મુસાફરોના વધારાના ધસારાને ધ્યાનમાં રાખીને તેમની સુવિધા માટે રાજકોટ અને જૂનાગઢ વચ્ચે બે જોડી મેળા સ્પેશિયલ ટ્રેનો દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ





૧) ટ્રેન સંખ્યા ૦૯૬૦૪/૦૯૬૦૩ રાજકોટ-જૂનાગઢ-રાજકોટ સ્પેશિયલટ્રેન સંખ્યા ૦૯૬૦૪ રાજકોટ-જૂનાગઢ સ્પેશિયલ ટ્રેન રાજકોટથી સવારે ૧૦:૨૫ વાગ્યે ઉપડીને બપોરે ૧૩:૦૦ વાગ્યે જૂનાગઢ પહોંચશે. વળતામાં ટ્રેન સંખ્યા ૦૯૬૦૩ જૂનાગઢ-રાજકોટ સ્પેશિયલ ટ્રેન જૂનાગઢથી બપોરે ૧૩:૪૦ વાગ્યે ઉપડીને સાંજે ૧૭:૦૫ વાગ્યે રાજકોટ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં ભક્તિનગર, ગોંડલ, ગોમટા, વીરપુર, નવાગઢ, જેતલસર અને વડાલ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેન ૧૮ થી ૨૬ નવેમ્બર, ૨૦૨૬ સુધી (૨૦ અને ૨૪ નવેમ્બર સિવાય) દરરોજ દોડાવવામાં આવશે.૨) ટ્રેન સંખ્યા ૦૯૬૦૬/૦૯૬૦૫ રાજકોટ-જૂનાગઢ-રાજકોટ સ્પેશિયલટ્રેન સંખ્યા ૦૯૬૦૬ રાજકોટ-જૂનાગઢ સ્પેશિયલ ટ્રેન રાજકોટથી રાત્રે ૨૩:૩૦ વાગ્યે ઉપડીને બીજા દિવસે મધ્યરાત્રિએ ૦૨:૪૫ વાગ્યે જૂનાગઢ પહોંચશે. વળતામાં ટ્રેન સંખ્યા ૦૯૬૦૫ જૂનાગઢ-રાજકોટ સ્પેશિયલ ટ્રેન જૂનાગઢથી સવારે ૦૪:૨૫ વાગ્યે ઉપડીને સવારે ૦૯:૫૫ વાગ્યે રાજકોટ પહોંચશે.આ ટ્રેન પણ બંને દિશામાં ભક્તિનગર, ગોંડલ, ગોમટા, વીરપુર, નવાગઢ, જેતલસર અને વડાલ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેન ૧૮ થી ૨૬ નવેમ્બર, ૨૦૨૬ સુધી (૧૯ અને ૨૩ નવેમ્બર સિવાય) દરરોજ દોડાવવામાં આવશે.

પર્યાવરણ સંરક્ષણ અને ઊર્જા બચતની દિશામાં રાજકોટ ડિવિઝનની નોંધપાત્ર પહેલ

૨,૨૭૦ કિલોવોટ ક્ષમતાની સોલાર પેનલ સ્થાપિત; ચાલુ નાણાકીય વર્ષમાં ઓક્ટોબર સુધી ૧૫.૦૨ લાખ યુનિટ સૌર વીજળીનું ઉત્પાદન અને ૧.૧૪ કરોડ રૂપિયાની બચત

રાજકોટઃ પશ્ચિમ રેલવેનું રાજકોટ ડિવિઝન વર્ષ ૨૦૩૦ સુધીમાં નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનના લક્ષ્યને હાંસલ કરવાના ભારતીય રેલવેના સંકલ્પ પ્રત્યે કટિબદ્ધ છે. પર્યાવરણ સંરક્ષણની દિશામાં પોતાની પ્રતિબદ્ધતાને આગળ વધારતા રાજકોટ ડિવિઝન હરિત અને નવીનીકરણીય ઊર્જાના ઉપયોગને સતત પ્રોત્સાહન આપી રહ્યું છે. આ જ ક્રમમાં ડિવિઝન દ્વારા પોતાની વીજળીની જરૂરિયાતો પૂરી કરવા માટે સૌર ઊર્જાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તથા નવીનીકરણીય ઊર્જાના ઉત્પાદન અને ઉપયોગને વધારવા માટે વિવિધ મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે.



પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનના રેલવે સ્ટેશનો અને ઓફિસ ભવનો પર કુલ ૨,૨૭૦ કિલોવોટ ક્ષમતાની સોલાર પેનલ સ્થાપિત કરવામાં આવી ચૂકી છે. તેનાથી ડિવિઝનની વીજળીની જરૂરિયાતો પૂરી કરવામાં નવીનીકરણીય ઊર્જાનું યોગદાન વધ્યું છે તથા ઊર્જા સંરક્ષણ અને પર્યાવરણ સંરક્ષણને પણ પ્રોત્સાહન મળ્યું છે.વધુ માહિતી આપતા રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (પાવર) શ્રીમતી રજની યાદવે જણાવ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રાજકોટ ડિવિઝનમાં સ્થાપિત સોલાર પેનલોમાંથી કુલ ૧૧,૬૫,૪૫૮ કિલોવોટ-કલાક (યુનિટ) વીજળીનું ઉત્પાદન થયું, જે ૭૮૬ મેટ્રિક ટનથી વધુ કાર્બન ઉત્સર્જનમાં ઘટાડા સમાન છે. તેના પરિણામે કુલ ૮૦.૬૮ લાખ રૂપિયાની બચત થઈ.તેમણે વધુમાં જણાવ્યું કે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં એપ્રિલથી ઓક્ટોબર ૨૦૨૬ સુધી સોલાર પેનલોમાંથી કુલ ૧૫,૦૨,૫૪૦ કિલોવોટ-કલાક (યુનિટ) વીજળીનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. આ ઉત્પાદન ગત સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ૧૧,૬૫,૪૫૮ યુનિટ ઉત્પાદન કરતાં લગભગ ૨૯% વધુ છે. આ સમયગાળામાં સૌર ઊર્જાના ઉપયોગથી ૧,૨૩૨ મેટ્રિક ટનથી વધુ કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થયો છે તથા કુલ ૧.૧૪ કરોડ રૂપિયાની બચત થઈ છે.આ ઉપરાંત, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા હરિત ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે સોલાર વોટર હીટર તથા લેવલ ક્રોસિંગ ગેટ પર પણ સોલાર પેનલ સ્થાપિત કરવામાં આવી છે. ડિવિઝન દ્વારા ભવિષ્યમાં વધુને વધુ રેલવે ભવનો અને પરિસરોમાં સૌર ઊર્જા પ્લાન્ટ સ્થાપિત કરવાની યોજના પર કામ કરવામાં આવી રહ્યું છે. આ પ્રયાસોથી ઊર્જા સંરક્ષણ, વીજળી ખર્ચમાં ઘટાડો તથા પર્યાવરણ સંરક્ષણના રાષ્ટ્રીય મિશનને વેગ મળશે.રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજરશ્રી ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું, "રાજકોટ ડિવિઝન ભારતીય રેલવેના નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે દૃઢ સંકલ્પિત છે. સૌર ઊર્જાનો વધુને વધુ ઉપયોગ ઊર્જા સંરક્ષણ, વીજળી ખર્ચમાં બચત તથા પર્યાવરણ સંરક્ષણની દિશામાં અમારો મહત્વપૂર્ણ પ્રયાસ છે. ડિવિઝન ભવિષ્યમાં પણ હરિત અને નવીનીકરણીય ઊર્જાના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે સતત પ્રયત્નશીલ રહેશે."

સૌરાષ્ટ્રના લડાયક ખેડૂત નેતા અને પૂર્વ સાંસદ શિવલાલભાઈ વેકરિયાને ચેતન રામાણી દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલિ

ખેડૂતોના હક્ક માટે સંઘર્ષ, ગરીબોની સેવા અને અન્યાય સામેની અડગ લડતનું જીવંત પ્રતીક એટલે શિવલાલભાઈ વેકરિયાઃ ચેતન રામાણી

રાજકોટઃ ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી તેમજ સૌરાષ્ટ્રના લડાયક ખેડૂત નેતા ચેતનભાઈ રામાણીએ રાજકોટના પૂર્વ સાંસદ અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ અગ્રણી સ્વ. શિવલાલભાઈ વેકરિયાના દુઃખદ અવસાન પર ઊંડો શોક વ્યક્ત કરતા તેમને અંતઃકરણપૂર્વક ભાવભીની શ્રદ્ધાંજલિ આપી છે. તેમણે જણાવ્યું હતું કે શિવલાલભાઈના નિધનથી સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતના જાહેર જીવનમાં ક્યારેય ન પૂરાય તેવી ખોટ પડી છે. તેમની સાથેનો સંબંધ માત્ર રાજકીય નહોતો, પરંતુ ખેડૂતોના હક્ક, ગરીબોના ઉત્થાન અને સંગઠનની મજબૂતી માટે સાથે રહીને કરેલા સંઘર્ષનો હતો.

વર્ષ ૧૯૮૨-૮૩માં રાજકોટ જિલ્લા ભાજપના પ્રમુખ શિવલાલભાઈ વેકરિયાની આગેવાની હેઠળ 'ખેડૂત હક્ક પત્ર'ને લઈને સમગ્ર જિલ્લામાં ગામડે ગામડે પગપાળા પદયાત્રા કરવામાં આવી હતી, જેમાં ચેતનભાઈ પણ જોડાઈને ખેડૂતોને જાગૃત કર્યા હતા. આ ઉપરાંત, વર્ષ ૧૯૮૬-૮૭માં લોધિકા તાલુકાના ખેડૂતોને પાકવીમાની રકમ ન મળતા, તત્કાલીન ધારાસભ્યો અને અગ્રણીઓના માર્ગદર્શન હેઠળ શિવલાલભાઈ વેકરિયા, ચેતનભાઈ રામાણી અને શિવાભાઈ મોલિયાએ ચાલુ વિધાનસભા દરમિયાન પત્રિકાઓ ફેંકીને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો અને લોકશાહી ઢબે ધરપકડ પણ વહોરી હતી. દુષ્કાળના કપરા સમયમાં ચકુભાઈ ડોડિયા તથા શિવલાલભાઈ વેકરિયાની આગેવાની હેઠળ વસંત ગજેન્દ્રગડકર ટ્રસ્ટ દ્વારા અનુસૂચિત જાતિ અને પછાત વર્ગના ગરીબ પરિવારો માટે વિશેષ સેવા અભિયાન ચલાવવામાં આવ્યું હતું, જેમાં ગામેગામ ફરીને ખીચડી અને ઘઉંના પેકેટનું વિતરણ કરાયું હતું. તેમજ રાજકોટ આસપાસનાં ૩૯ ગામોનો શહેરી જમીન ટોચ મર્યાદા કાયદામાં સમાવેશ થતાં ખેડૂતોના જમીન હક્કોનું રક્ષણ કરવા માટે શિવલાલભાઈની આગેવાની હેઠળ વિશેષ સમિતિ બનાવીને ઉગ્ર લડત ચલાવવામાં આવી હતી. લોધિકા તાલુકાની ગુંડાગીરી નાબૂદી સમિતિના પ્રમુખ તરીકે



ચેતનભાઈએ કોટડા સાંગાણી, અરડોઈ, લોધિકા અને ચાંદલી સહિતનાં ગામોમાં અસામાજિક તત્ત્વો સામે શિવલાલભાઈ વેકરિયા તથા સૂર્યકાંતભાઈ આચાર્યના માર્ગદર્શન હેઠળ અભિયાન ચલાવી નાગરિકોને ભયમુક્ત કર્યા હતા. શિવલાલભાઈએ જનસંઘથી લઈને ભાજપની સંગઠનયાત્રામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમનું આખું જીવન હોદ્દા કરતાં સિદ્ધાંતો અને રાજકારણ કરતાં જનસેવાને સર્વોપરી ગણનાર કાર્યકરો માટે હંમેશાં પ્રેરણારૂપ રહેશે.

લગ્નગાળા પૂર્વે જ આર.એમ.સી.નાં ૩૩ કોમ્યુનિટી હોલનાં બુકીંગ થઈ ગયા !

નવા એ.સી.હોલ અભય ભારદ્વાજ અને રણછોડદાસબાપુ હોલની માંગ સૌથી વધુ

રાજકોટઃ ડિસેમ્બર માસથી રાજકોટમાં લગ્નગાળાની સિઝન શરૂ થઈ રહી છે. તે પૂર્વે જ આર.એમ.સી.નાં જુદા જુદા વિસ્તારોમાં આવેલા ૩૩ જેટલા કોમ્યુનિટી હોલ અત્યારથી જ બુક થઈ ગયા છે.

ખાસ કરીને લગ્નગાળા અનુસંધાને સંતોષ પાર્કનાં નવા એ.સી. હોલ અભય ભારદ્વાજ અને રણછોડદાસબાપુ હોલની સૌથી વધુ ડિમાન્ડ છે. પ્રાપ્ત વધુ વિગતો મુજબ શહેરમાં ડિસેમ્બર મહિનાના અંતથી શરૂ થઈ એપ્રિલ મહિનાના અંત સુધી લગ્નસરાની ધૂમ મચવાની છે. લગ્નપ્રસંગો માટે અત્યારથી જ વાડી, પાર્ટી પ્લોટ અને કોમ્યુનિટી હોલ મેળવવાની દોડધામ શરૂ થઈ ગઈ છે.

ખાસ કરીને રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત ૩૩ કોમ્યુનિટી હોલનાં બુકિંગ પેક થઈ



જતાં લગ્નપ્રસંગો માટે હોલ મેળવવા ઇચ્છુક પરિવારોમાં ભારે પડાપડી જોવા મળી રહી છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં કુલ ૩૩ કોમ્યુનિટી હોલની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આગામી ડિસેમ્બર એન્ડથી એપ્રિલ એન્ડ સુધી લગ્નોની ભરપૂર મોસમ રહેવાની હોવાથી આ હોલની માંગમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. લગ્નપ્રસંગો માટે મનપાના હોલનું બુકિંગ કરાવવા અરજદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.ખાસ કરીને સંતોષ પાર્ક વિસ્તારમાં આવેલા નવા એરકન્ડિશન્ડ કોમ્યુનિટી હોલ ઉપરાંત અભય ભારદ્વાજ કોમ્યુનિટી હોલ અને રણછોડદાસબાપુ કોમ્યુનિટી હોલની સૌથી વધુ માંગ હોવાનું જાણવા મળે છે. આ હોલમાં લગ્નપ્રસંગો યોજવા માટે અરજદારોની વિશેષ પસંદગી જોવા મળી રહી છે.

મહાનગરપાલિકા દ્વારા કોમ્યુનિટી હોલના બુકિંગની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવી હોવા છતાં હોલની ઉપલબ્ધતા, બુકિંગની તારીખો અને અન્ય વિગતો જાણવા માટે અરજદારોનો ધસારો જોવા મળી રહ્યો છે.ઓનલાઈન વ્યવસ્થા હોવા છતાં પૂછપરછ માટે લોકો મનપાનો સંપર્ક કરી રહ્યા છે. આગામી ચાર મહિનાના લગ્નગાળાને ધ્યાનમાં રાખતાં મનપાના કોમ્યુનિટી હોલની માંગ ચરમસીમાએ પહોંચી છે. ખાસ કરીને પસંદગીના હોલમાં મનપસંદ તારીખ મેળવવી મુશ્કેલ બની રહી છે.

પીઆઈ મકવાણા સામે પગલાં લેવા સીપીની ખાતરી, પોલીસ કમિ. - વકીલો વચ્ચે લાંબી મીટિંગ ચાલી

રાજકોટઃ રેસકોર્સમાં આતશબાજી વખતે પ્ર.નગર પીઆઈ એમ. ડી. મકવાણાએ જાહેરમાં અપશબ્દો કહી એડવોકેટ પુત્રનું ગળું પકડી લીધાનો આક્ષેપ થયો હતો. આ અંગેનો વીડિયો પણ વાઈરલ થયો હતો. પીઆઈને રજુઆત કરવા ગયેલા એડવોકેટ સાથે ગેરવર્તન થયું હતું. આ પછી હવે પીઆઈ મકવાણા વિરુદ્ધ ડીસીપીને રજુઆત કરાઈ હતી. ઉપરાંત ડીજીપીને પણ રજુઆત કરાઈ હતી.



જેના ઘેરા પડઘા પડ્યા હોય તેમ ગઈકાલ મોડી સાંજે ૭ વાગ્યાં આસપાસ પોલીસ કમિશનર અને વકીલ અગ્રણીઓ વચ્ચે લાંબી મીટિંગ ચાલી હતી. જેમાં યોગ્ય તપાસ કરાવી પીઆઈ મકવાણા સામે પગલાં લેવા સીપીએ ખાતરી આપી હોવાનું જાણવા મળ્યું છે. વકીલ અગ્રણીઓએ પીઆઈ કક્ષાના અધિકારીનું આ વર્તન અયોગ્ય હોવાનો મત વ્યક્ત કર્યો હતો.

રાજકોટ બાર એસો.ના પ્રમુખ સુમિત વોરા, સેક્રેટરી નિલેશ પટેલ, ટ્રેઝરર પ્રગતિ માકડીયા, સહિતના વકીલ અગ્રણીઓ અને જેમની સાથે ગેરવર્તન થયું તે રઘુવંશી સમાજના અગ્રણી એડવોકેટ ભરતભાઈ જોબનપુત્રા, તેમના પુત્ર અર્પિત જોબનપુત્રાએ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા સાથે રૂબરૂ મીટીંગ કરી હતી. લાંબી ચાલેલી મીટિંગમાં ઘટના વખતનો આખો વીડિયો પોલીસ કમિશનરને બતાવાયો હતો.

પ્રમુખ સુમિત વોરાએ રજુઆત કરેલી કે, ઘટના બન્યા પછી પોલીસ મથકે ગયેલા એડવોકેટ ભરતભાઈ જોબનપુત્રા સાથે પીઆઈએ ગેરવર્તન કર્યું. એડવોકેટ છે તેવું જાણતા હોવા છતાં પીઆઈએ થાય તે કરી લ્યો, જે દરવાજે થી આવ્યા ત્યાંથી પાછા જાવ, વીડિયો જ્યાં અપલોડ કરવો હોય ત્યાં કરી દેજો તેવા શબ્દ ઉચ્ચર્યા હતા તે અંગે વાત કરી. યોગ્ય પગલાં લેવા રજુઆત કરી હતી. આ ઉપરાંત પીઆઈ ભૂતકાળમાં જે વિવાદમાં આવ્યા છે તે અંગે પણ માહિતી આપી હતી.

રાજકોટ બાર એસો.નો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

રાજકોટઃ રાજકોટ બાર એસોસિએશન દ્વારા નૂતન વર્ષ સંવત ૨૦૮૩ના પ્રારંભ નિમિત્તે વકીલો અને તેમના પરિવારજનો માટે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગઈકાલ તા. ૧૬ નવેમ્બરના રોજ બપોરે નવા જિલ્લા કોર્ટ બિલ્ડિંગ ખાતે આવેલી લાઈબ્રેરીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વકીલોએ ઉત્સાહભેર ઉપસ્થિત રહી એકબીજાને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.



નવા વર્ષની શરૂઆતમાં યોજાયેલા આ સ્નેહમિલન કાર્યક્રમનો મુખ્ય હેતુ વકીલ ભાઈઓ-બહેનો વચ્ચે પરસ્પર સ્નેહ, ભાઈચારો અને એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો હતો. વ્યવસાયિક વ્યસ્તતાઓ વચ્ચે એકબીજાને મળવાનો અને હળવાશભર્યો સમય વિતાવવાનો અવસર મળતાં ઉપસ્થિત વકીલોમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

ભારત માટે ડિજિટલ કનેક્ટિવિટી, દરિયાઈ સુરક્ષા વધુ મહત્વની

આસિયાન-ભારત બેઠક ભારત માટે માત્ર એક ઔપચારિક કાર્યક્રમ નથી. તે ભારતની એક્ટ ઇસ્ટ નીતિની કસોટી છે. દક્ષિણ-પૂર્વ એશિયાના દેશો ભારતને એક વિશ્વસનીય ભાગીદાર તરીકે જુએ છે. તેઓ કોઈ એક મહાસત્તાના પક્ષે જવા માંગતા નથી. તેઓ બધા સાથે સંબંધ રાખવા માંગે છે. આવી સ્થિતિમાં ભારતની ભૂમિકા વધુ મહત્ત્વની બની જાય છે. ભારત આ દેશો સાથે વેપાર, ડિજિટલ કનેક્ટિવિટી, દરિયાઈ સુરક્ષા અને સાંસ્કૃતિક સંબંધો મજબૂત કરી શકે છે.

આસિયાન એટલે દક્ષિણ-પૂર્વ એશિયાના દસ દેશોનું સંગઠન. તેમાં ઇન્ડોનેશિયા, થાઇલેન્ડ, વિયેતનામ, ફિલિપાઇન્સ, મલેશિયા, સિંગાપોર, મ્યાનમાર, કંબોડિયા, લાઓસ અને બ્રુનેઈ છે. આ સંગઠનનો મુખ્ય હેતુ આ ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને આર્થિક વિકાસ જાળવવાનો છે. આ દેશો એકબીજા સાથે વેપાર વધારે છે અને મોટી શક્તિઓ વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કરે છે. ભારત માટે આ ક્ષેત્ર માત્ર પાડોશી ક્ષેત્ર નથી. તે ઇતિહાસ, સંસ્કૃતિ અને વેપારથી જોડાયેલું ક્ષેત્ર છે. બૌદ્ધ ધર્મ, રામાયણ અને સમુદ્રી વેપારના કારણે ભારત અને આસિયાન દેશો વચ્ચે સદીઓ જૂનો સંબંધ છે. આ સંબંધને આધુનિક અર્થતંત્ર સાથે જોડવો એ આજની જરૂરિયાત છે.આજે એશિયામાં બે વિરોધી ચિત્રો સામે આવી રહ્યા છે. એક તરફ ક્વાડ જેવા જૂથો છે, જે સુરક્ષા અને સહકારની વાત કરે છે. બીજી તરફ જી-૩ જેવી બેઠકો છે, જ્યાં દુનિયાની ત્રણ મોટી શક્તિઓ પોતાના હિતો માટે વાટાઘાટ કરે છે. ભારત ક્વાડનો સભ્ય છે, પણ જી-૩ નો સભ્ય નથી. આ સ્થિતિ ભારત માટે પડકાર પણ છે અને તક પણ છે. ભારતે પોતાના હિતોને કેન્દ્રમાં રાખીને બંને મંચો પર સક્રિય રહેવું પડશે. ક્વાડમાં રહીને ભારત એશિયા-પ્રશાંત ક્ષેત્રમાં પોતાની વાત રજૂ કરી શકે છે. જી-૩ થી બહાર રહીને પણ ભારત ત્રણેય મહાસત્તાઓ સાથે અલગ અલગ વાતચીત કરી શકે છે.ભારત માટે સૌથી મોટો પ્રશ્ન એ છે કે ચીન સાથે કેવી રીતે વર્તવું. સરહદ, વેપાર અને એશિયામાં પ્રભાવને લઈને ભારત અને ચીન વચ્ચે મતભેદ છે. છતાં બંને દેશો વચ્ચે વેપાર ચાલુ છે. અમેરિકા સાથે પણ ભારતના સંબંધો મહત્ત્વના છે. ટેકનોલોજી, સંરક્ષણ અને ઊર્જામાં અમેરિકા ભારતનો મોટો ભાગીદાર છે. રશિયા સાથે પણ ભારતના જૂના અને વિશ્વાસભર્યા સંબંધો છે. ભારત રશિયા પાસેથી ઊર્જા અને સંરક્ષણ સાધનો મેળવે છે. આ ત્રણેય સંબંધોને એકસાથે સાચવવા એ સરળ કામ નથી. તેના માટે ધીરજ અને સ્પષ્ટ નીતિની જરૂર છે. કોઈ એક દેશને ખુશ કરવા બીજા દેશને નારાજ કરવો એ ભારતના હિતમાં નથી.

આ સંજોગોમાં ભારતે કોઈ એક જૂથ પર આધાર રાખવાને બદલે પોતાની સ્વતંત્ર વિદેશ નીતિ પર ભાર મૂકવો જોઈએ. આસિયાન દેશો સાથે સંબંધ મજબૂત કરવા, ક્વાડમાં સક્રિય રહેવું અને બધી મહાસત્તાઓ સાથે વાતચીત ચાલુ રાખવી, એ જ સમજદારી ભર્યો માર્ગ છે. ભારત જો પોતાના હિતોને સ્પષ્ટ રીતે રજૂ કરશે તો દુનિયા તેને સાંભળશે. આજના સમયમાં તાકાત માત્ર સેનાથી માપાતી નથી. અર્થતંત્ર, ટેક્નોલોજી, ઊર્જા અને રાજદ્વારી વિશ્વાસથી પણ માપાય છે. ભારત પાસે આ બધા ક્ષેત્રોમાં આગળ વધવાની તક છે. યુવા વસ્તી, મોટું બજાર, ડિજિટલ તાકાત અને લોકશાહી વ્યવસ્થા ભારતની મોટી મૂડી છે.આસિયાન દેશો સાથે ભારતે હવે માત્ર વાતોથી આગળ વધીને કામ કરવું પડશે. વેપારના નિયમો સરળ બનાવવા, બંદરો અને રસ્તાઓની કનેક્ટિવિટી વધારવી, ડિજિટલ પેમેન્ટ અને સ્ટાર્ટઅપમાં સહકાર વધારવો, આ બધું જરૂરી છે. દરિયાઈ સુરક્ષામાં પણ ભારત આસિયાન દેશોને મદદ કરી શકે છે.

વિ.સં. ૨૦૮૩ જ્યોતિર્મય વર્ષ તરફ ઉર્જિત ઉડાન ભરતી પંખી પલટન....



ક્લિક કોર્નર

- જયદીપ એ. દવે.

અંતે ગત વર્ષ વિ.સં. ૨૦૮૨ ની તમામ નિરાશા, નકારાત્મકતા અને નિષ્ફળતા ને પાછળ છોડી છોડી એક નવા સંકલ્પ,ઉર્જા, આશા અને જુસ્સા સાથે વિ. સં. નું ૨૦૮૩ નું નૂતન વર્ષ સમગ્ર બ્રહ્માંડ ને સત્કારી રહ્યું છે. પુનિત અને પ્રફુલ્લ પ્રભાતે મુક્તિ અને પ્રકૃતિ ની જીવંત દૂત સમી પંખી પલટન જાણે નવા વર્ષ ભણી ઉર્જિત ઉડાન ભરી રહી હોય એવું દશ્ય સર્જન થયું છે. અગ્નિમય અને નારંગી આકાશ માં સમૂહ ઉડાન ભરતા ગગનવિહારીઓ આપણ ને પ્રેરિત કરી રહ્યા છે. કે ઊઠો અને તમામ નિષ્ફળતા ને કોરાણે મૂકી એક નવી સવાર તરફ પ્રયાણ કરો.

બીમારી અને વૃદ્ધત્વ સામે મોરચો

આ જના સમયમાં ટેકનોલોજીની દુનિયામાં એક રસપ્રદ પરિવર્તન જોવા મળી રહ્યું છે. અત્યાર સુધી આપણે સ્માર્ટવોચ દ્વારા હૃદયના ધબકારા, બ્લડ પ્રેશર, ઊંઘ, ચાલેલાં પગલાં અને શારીરિક પ્રવૃત્તિઓ પર નજર રાખતા થયા છીએ. હવે ટેકનોલોજીનું ધ્યાન માનવ શરીરના એક અત્યંત જટિલ અને રહસ્યમય અંગ તરફ વળ્યું છે - આપણું મગજ!

આ દિશામાં ભારતના જાણીતા ઉદ્યોગસાહસિક અને Zomato ના સ્થાપક દીપિન્દર ગોયલે રજૂ કરેલું 'Temple' નામનું ઉપકરણ ચર્ચાનો વિષય બન્યું છે. આ માત્ર એક વધુ વેરેબલ ગેજેટ નથી. તેની પાછળનો વિચાર માનવ મગજમાં થતા રક્તપ્રવાહ અને તેની સાથે સંકળાયેલી શારીરિક પ્રક્રિયાઓને સમજવાનો છે. જોકે, આ પ્રયોગે જેટલી ઉત્સુકતા જગાવી છે એટલા જ પ્રશ્નો અને વિવાદો પણ ઊભા કર્યા છે.આ વિષયને સમજવા માટે ત્રણ બાબતો મહત્ત્વની છ Úk Temple ખરેખર શું માપવા માગે છે, તેના દાવાઓ પાછળ કેટલું વિજ્ઞાન છે અને ભવિષ્યમાં માનવ જીવનમાં આવા ઉપકરણો કેટલી મોટી ભૂમિકા ભજવી શકે છે?

દીપિન્દરનો જન્મ ૧૯૮૩માં પંજાબના મુક્તસરમાં થયો હતો. તેમણે IIT દિલ્હીમાં ગણિત અને કમ્પ્યુટિંગનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસ પછી તેઓ Bain & Company નામની મેનેજમેન્ટ કન્સલ્ટિંગ કંપનીમાં જોડાયા હતા. તે પછી સ્ટાર્ટ અપ 'ઝોમાટો' દ્વારા ફૂડ ડિલિવરી ક્ષેત્રે ક્રાંતિ સર્જ્યા બાદ ફરી તેનું ટેકનોક્રેટ દિમાગ દિમાગના જ જટિલ સંશોધન માટે પ્રેરિત થયુ.દીપિન્દર ગોયલને માનવ શરીર કેવી રીતે કામ કરે છે, મગજને લોહીનો પુરવઠો કેવી રીતે મળે છે અને ઉંમર વધવાની પ્રક્રિયામાં ગુરુત્વાકર્ષણની કોઈ ભૂમિકા છે કે કેમ, તેવા પ્રશ્નો સતાવતા હતા. આ જિજ્ઞાસામાંથી ટ્વેક્ષી અને તેની સાથે સંકળાયેલી સંશોધનપ્રવૃત્તિનો જન્મ થયો.

મગજના સંકેતો ટ્વેક્ષી નામ સાંભળીને કોઈ ધાર્મિક સ્થળ કે મંદિર સાથે તેનો સંબંધ હોવાનું લાગે, પરંતુ હકીકતમાં આ નામ માનવ માથાના કાન અને આંખની વચ્ચેના ભાગ માટે વપરાતા અંગ્રેજી શબ્દ ટ્વેક્ષી (લમણાં) પરથી આવ્યું છે. આ ઉપકરણ માથાની બાજુમાં, કપાળ અને કાનની વચ્ચે ચોંટાડવામાં આવે છે. તેનું કદ અત્યંત નાનું છે અને વજન બે ગ્રામથી પણ ઓછું હોવાનું જણાવાયું છે.આ ઉપકરણમાં પ્રકાશ આધારિત એટલે કે Optical Sensros ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે સ્માર્ટવોચ કાંડા પર પહેરવામાં આવે છે અને ત્યાંથી હૃદયના ધબકારા, ઓક્સિજનનું પ્રમાણ વગેરે અંગેના સંકેતો મેળવે છે. Temple માં શરીરના બીજા એક ભાગમાંથી, એટલે કે માથાની બાજુમાંથી, શારીરિક સંકેતો મેળવવાનો પ્રયાસ થાય છે.BrainFlow નો હેતુ મગજ તરફ થતા રક્તપ્રવાહમાં આવતા ફેરફારોને સતત નોંધવાનો છે. મગજને યોગ્ય પ્રમાણમાં લોહી અને ઓક્સિજન મળવું અત્યંત જરૂરી છે. મગજ શરીરના વજનનો નાનો હિસ્સો હોવા છતાં શરીર દ્વારા વપરાતા ઓક્સિજન અને ઊર્જાનો નોંધપાત્ર હિસ્સો વાપરે છે. મગજની કામગીરી માટે લોહીનો પુરવઠો સતત અને યોગ્ય પ્રમાણમાં જળવાઈ રહે તે જરૂરી છે.આપણે ઊભા થઈએ, બેસીએ, દોડીએ, કસરત કરીએ કે લાંબા સમય સુધી એક જ સ્થિતિમાં રહીએ ત્યારે શરીરમાં રક્તપ્રવાહમાં ફેરફાર થાય છે. Temple નો પ્રયાસ આવા ફેરફારોને રેકોર્ડ કરવાનો છે. જો આ માપન વિશ્વસનીય સાબિત થાય તો માણસની દૈનિક જીવનશૈલી અને મગજને મળતા રક્તપ્રવાહ વચ્ચેનો સંબંધ સમજવામાં મદદ મળી શકે.બીજો મહત્ત્વનો માપદંડ Entropy છે. ગોયલના જણાવ્યા પ્રમાણે આ માપદંડ શરીર પોતાનું આંતરિક સંતુલન જાળવવા માટે કેટલી મહેનત કરી રહ્યું છે તેનો અંદાજ આપવાનો પ્રયાસ કરે છે. ઊંઘ, કસરત, તનાવ, ખોરાક, કેફીન અને શરીરના તાપમાનને નિયંત્રિત કરવાની પ્રક્રિયા જેવી બાબતો તેના પર અસર કરી શકે છે. કંપની આને એક પ્રકારના શારીરિક ભાર અથવા Physiological Strainના સૂચકાંક તરીકે રજૂ કરે છે.

વિશેષ

ગોયલે શરૂઆતમાં Temple ને સામાન્ય ગ્રાહકો માટે ખુલ્લું મૂકવાને બદલે મર્યાદિત લોકોના જૂથમાં અજમાવવાનો નિર્ણય લીધો હતો. ૨૦૨૬ના મે મહિનામાં પ્રથમ ૧૦૦ યુનિટ માટે પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આ ઉપકરણ અજમાવવા માટે રમતવીરો, વૈજ્ઞાનિકો, ઉદ્યોગસાહસિકો, ડોક્ટરો અને કન્ટેન્ટ ક્રિએટર્સ જેવા લોકો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. હેતુ માત્ર ઉપકરણ પહેરાવવાનો નહોતો, પરંતુ તેનો ઉપયોગ કરીને ઊંડાણપૂર્વક પ્રતિસાદ મેળવી શકાય તેવા લોકોને પસંદ કરવાનો હતો.આ ઉપકરણ પહેરીને જાહેરમાં દેખાયેલા જાણીતા ચહેરાઓમાં ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન શુભમન ગિલ અને બેડમિન્ટન ખેલાડી પી.વી. સિંધુનો સમાવેશ થાય છે. બંને રમતવીરોની હાજરીને કારણે ઉપકરણને ખાસ પ્રસિદ્ધિ મળી.આ પ્રકારના પ્રારંભિક ગ્રાહકોને ટેકનોલોજીની ભાષામાં Beta Users કહેવામાં આવે છે.

ગિરનારની ગોદમાં ઊતરેલી શ્રદ્ધાની લીલી પરિક્રમા

લીલાછમ જંગલ, ઝરણાંના કલરવ અને શિખરો પર ઝગમગતા દીવાઓ વચ્ચે ગિરનાર શ્રદ્ધાનું શિખર છે. અહીં અશોક શિલાલેખ, દત્ત શિખર અને જૈન તીર્થોની પવિત્રતા વસે છે. છત્રીસ કિલોમીટરની લીલી પરિક્રમા સોળસો લાઈટના અજવાળે, ત્રણસો મણ અથાણાના સ્વાદે, ફૂલગુલાબી ઠંડીમાં, ચુસ્ત સુરક્ષા અને સ્પેશિયલ ટ્રેનની સુવિધા સાથે આત્માની યાત્રા બનીને આવે છે.

ગુજરાતની ધરતી પર જ્યારે પણ ધર્મ, ઇતિહાસ અને પ્રકૃતિ એકસાથે બોલે છે ત્યારે સૌથી પહેલું નામ ગિરનારનું આવે છે. જૂનાગઢની નજીક ઊભેલો આ પર્વત માત્ર પથ્થરોનો ઢગલો નથી, તે હજારો વર્ષની તપસ્યા, સાધના અને શ્રદ્ધાનું જીવંત પ્રતીક છે. તેના શિખરો પર સૂર્યના પહેલા કિરણો પડે ત્યારે આખો પર્વત સોનાની જેમ ચમકી ઊઠે છે અને સાંજ પડે ત્યારે તેની છાયામાં જંગલની લીલાશ વધુ ઘેરી બની જાય છે. ગિરનારની તળેટીમાં વહેતી હવા પણ જાણે કોઈ મંત્ર બોલતી હોય તેવી લાગે છે. અહીંનાં વૃક્ષો, અહીંની ગુફાઓ, અહીંનાં ઝરણાં અને અહીંના પથરાળ રસ્તાઓ બધું જ કંઈક કહે છે. અહીં સમ્રાટ અશોકનો શિલાલેખ છે, અહીં જૈન તીર્થંકરોની નિર્વાણભૂમિ છે, અહીં ગુરુ દત્તાત્રેયનું શિખર છે, અહીં અંબાજી અને ગોરખનાથની સાધના સ્થળી છે. હિંદુ, જૈન અને સર્વ ધર્મના ભક્તો માટે ગિરનાર એક જીવંત તીર્થ છે. તેની પ્રાચીનતા એટલી ઊંડી છે કે તેને માત્ર ઇતિહાસના પાનાંમાં નહીં પણ લોકોના હૃદયમાં વાંચી શકાય છે. ચોમાસા પછી જ્યારે ગિરનાર લીલોછમ બની જાય છે ત્યારે તેનું સૌંદર્ય જોવા જેવું હોય છે. ઠેર ઠેર લીલું ઘાસ, ઝાડીઓ પર ખીલેલાં ફૂલો, પક્ષીઓનો કલરવ અને પર્વત પરથી નીચે ઊતરતું ધુમ્મસ આ બધું મળીને એક એવું દૃશ્ય રચે છે જેને જોઈને મન આપોઆપ શાંત થઈ જાય છે. આ જ લીલાશ, આ જ શીતળતા અને આ જ પવિત્રતાની વચ્ચે દર વર્ષે કારતક મહિનામાં એક મહાયાત્રા યોજાય છે જેને લોકો લીલી પરિક્રમા કહે છે. આ પરિક્રમા માત્ર ચાલવાની ક્રિયા નથી, તે આત્માની યાત્રા છે, તે શ્રદ્ધાની પરીક્ષા છે અને તે પ્રકૃતિ સાથે એકરૂપ થવાની સાધના છે.લીલી પરિક્રમા એટલે ગિરનાર પર્વતની ફરતે કરવામાં આવતી પદયાત્રા. લગભગ છત્રીસ કિલોમીટર લાંબો આ માર્ગ જંગલની વચ્ચેથી પસાર થાય છે. આ માર્ગ પર ભવનાથ તળેટીથી શરૂઆત થાય છે અને પછી જંગલ, ટેકરીઓ, નદીના પટ અને નાના ગામડાંઓમાંથી પસાર થઈને ફરી ભવનાથ પહોંચાય છે. આ રસ્તામાં આવતા જીણાબાવાની મઢી, માળવેલા, બોરદેવી, નળપાણીની ઘોડી, સરકડીયા હનુમાન જેવાં સ્થાનો માત્ર વિરામ સ્થાનો નથી, તે શ્રદ્ધાના કેન્દ્રો છે. અહીં યાત્રિકો થાક ઉતારે છે, પાણી પીએ છે, પ્રસાદ લે છે અને ફરી આગળ વધે છે. પરિક્રમાનો અર્થ જ એ છે કે પર્વતને કેન્દ્રમાં રાખીને તેની પ્રદક્ષિણા કરવી. જેમ મંદિરમાં દેવની પ્રદક્ષિણા કરવામાં આવે છે તેમ અહીં આખા પર્વતની પ્રદક્ષિણા કરવામાં આવે છે. એવી માન્યતા છે કે ગિરનાર પોતે જ દેવ સ્વરૂપ છે, તેની પરિક્રમા કરવાથી પાપનો નાશ થાય છે, મનની શુદ્ધિ થાય છે અને જીવનમાં નવી શક્તિ મળે છે. કારતક સુદ અગિયારસ એટલે દેવઊઠી એકાદશીની રાત્રે બાર વાગે જ્યારે પરિક્રમાનો દરવાજો ખૂલે છે ત્યારે લાખો લોકો એકસાથે હર હર મહાદેવ અને જય ગિરનારીના નાદ સાથે આગળ વધે છે. તે દૃશ્ય જોવું એ પણ એક જીવનનો લહાવો છે. નાના બાળકથી લઈને વૃદ્ધ સુધી, શહેરના માણસથી લઈને ગામડાના ખેડૂત સુધી, બધા જ એક જ રંગમાં રંગાઈ જાય છે. અહીં કોઈ નાનું મોટું નથી, કોઈ ગરીબ તવંગર નથી, બધા જ એક જ માર્ગના યાત્રી છે. પગમાં ચંપલ હોય કે ન હોય, ખભે થેલો હોય કે ન હોય, પણ હૃદયમાં શ્રદ્ધા તો સૌની સરખી જ હોય છે. રાત્રે જંગલમાં ચાલતાં ચાલતાં જ્યારે દૂર દૂર સુધી દીવાઓની હારમાળા દેખાય છે ત્યારે એવું લાગે છે કે જાણે આખું જંગલ જ દીવાઓથી ઝગમગી રહ્યું છે.

આસપાસ યોપાસ

- સુરેશ ભટ્ટ

આ વર્ષની પરિક્રમા માટે વહીવટી તંત્રએ અત્યાર સુધીની સૌથી મોટી અને આધુનિક તૈયારી કરી છે. આગામી વીસમી નવેમ્બરની મધ્યરાત્રિએ પરિક્રમાનો ગેટ ખુલશે અને તેની સાથે જ શ્રદ્ધાનો આ મહાપ્રવાહ શરૂ થશે. આ વખતે પરિક્રમાના છત્રીસ કિલોમીટરના આખા રૂટને સોળસો એલઈડી લાઈટથી ઝગમગાવવામાં આવ્યો છે. અગાઉ જ્યાં અંધારાને કારણે યાત્રિકોને તકલીફ પડતી હતી, ખાસ કરીને માળવેલા અને નળપાણીની ઘોડી જેવા વિસ્તારોમાં જ્યાં હાર્ટએટેક જેવા બનાવો બનતા હતા, ત્યાં આ વખતે પ્રથમ વખત અજવાળું પહોંચાડવામાં આવ્યું છે. આ કામ સરળ નહોતું, કારણ કે જંગલની અંદર વીજળી પહોંચાડવી મુશ્કેલ છે. તેથી પાંચ કેવીથી લઈને એકસો પચીસ કેવી સુધીના પચીસ જનરેટર રૂટ પર ગોઠવવામાં આવ્યા છે. આ વાતની માહિતી આરએન્ડબી ઈલેક્ટ્રિક શાખાના નાયબ કાર્યપાલક ઇજનેર વાય આર ચારોલાએ આપી છે. રાત્રે જ્યારે યાત્રિકો જંગલમાંથી પસાર થશે ત્યારે તેમને હવે અંધારાનો ડર નહીં લાગે, તેમનો માર્ગ પ્રકાશથી ઝળહળો હશે. આ પ્રકાશ માત્ર રસ્તાનો નથી, તે સલામતીનો પણ પ્રકાશ છે. પ્રશાસને આ વખતે યાત્રિકોની સુરક્ષા માટે પણ ખૂબ જ ચુસ્ત વ્યવસ્થા કરી છે. આખા રૂટને આઠ ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરાના માર્ગદર્શન હેઠળ સાત ડીવાયએસપી, અઢાવીસ પીઆઈ, ત્યાસી પીએસઆઈ, આઠસો અઢાર પોલીસ જવાનો, સિત્તેર ટ્રાફિક પોલીસ, બે બીડીડીએસ ટીમ, એક કંપની એસઆરપી, એક પ્લાટુન એસડીઆરએફ, અઢીસો હોમગાર્ડ, સાતસો દસ જીઆરડી અને એકસો ચોરાણું તાલીમાર્થી પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. આ બંદોબસ્ત એટલા માટે છે કે લાખો લોકોની ભીડમાં પણ કોઈને તકલીફ ન પડે, ટ્રાફિક વ્યવસ્થિત રહે અને કાયદો જળવાઈ રહે.



પરિક્રમાની બીજી સૌથી મોટી વિશેષતા એ છે કે તેનું અન્નક્ષેત્ર. ગિરનારના જંગલમાં જ્યારે લાખો લોકો ભૂખ્યા તરસ્યા ચાલતા હોય ત્યારે સેવાભાવી સંસ્થાઓ તેમને મફત ભોજન આપે છે. આ સેવા એ પરિક્રમાનો આત્મા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ખોડિયાર રાસ મંડળ અન્નક્ષેત્ર દ્વારા મંડપ ફીટિંગનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ સંસ્થાએ આ વર્ષે પરિક્રમાર્થીઓ માટે રાજકોટથી તૈયાર કરેલું ત્રણસો મણ મરચાનું અથાણું જંગલમાં પહોંચાડ્યું છે. આ ઉપરાંત આઠ ટન લાકડાં, ચારસો ડબ્બા તેલ, એકસો અડતાલીસ ડબ્બા ઘી જંગલમાં પહોંચાડીને સવારનો નાસ્તો, બપોર અને સાંજનું ભોજન તૈયાર કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ આંકડા માત્ર આંકડા નથી, તે સેવાની ભાવનાનું પ્રમાણ છે. આ ઉપરાંત અનેક સેવાભાવી સંસ્થાઓ પણ પોતાનું રાશન લઈને જંગલમાં પહોંચી ગઈ છે. કોઈ ચા પીવડાવે છે, કોઈ પાણી આપે છે, કોઈ દવા આપે છે, કોઈ પગ દબાવે છે. આ બધું જોઈને એવું લાગે છે કે માનવતા હજુ જીવે છે. જંગલની વચ્ચે જ્યારે એક અજાણ્યો માણસ બીજા અજાણ્યા માણસને પ્રેમથી જમાડે છે ત્યારે તે જ સાચી ભક્તિ છે. આ અન્નક્ષેત્રોમાં કોઈ જાતપાત પૂછવામાં આવતી નથી, કોઈ ધર્મ પૂછવામાં આવતો નથી, માત્ર એટલું જ પૂછવામાં આવે છે કે ભૂખ્યા તો નથી ને. આ જ તો ભારતીય સંસ્કૃતિની સાચી ઓળખ છે.હવામાનની દૃષ્ટિએ પણ આ વર્ષની પરિક્રમા યાત્રિકો માટે ખૂબ જ અનુકૂળ રહેવાની છે. હવામાન નિષ્ણાત પરેશ ગૌસ્વામીના જણાવ્યા મુજબ પરિક્રમાના શરૂઆતના ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાન ઓગણીસ ડિગ્રી જ્યારે મહત્તમ તાપમાન બત્રીસ ડિગ્રી રહેશે. ત્રેવીસથી પચીસ નવેમ્બર વચ્ચે લઘુત્તમ તાપમાન અઢાર ડિગ્રી રહેશે. આ સમયગાળા દરમિયાન કાતિલ ઠંડી નહીં હોય પણ ફૂલગુલાબી ઠંડીનો અહેસાસ થશે. રાત્રે જંગલમાં ચાલતી વખતે આ ઠંડી યાત્રિકોને તાજગી આપશે અને દિવસે તડકો પણ બહુ આકરો નહીં લાગે. આવા વાતાવરણમાં પરિક્રમા કરવી એ એક આનંદદાયક અનુભવ બની જશે.

દર્શકોને ખડખડાટ હસાવવા આવી રહી છે અનન્યા બિરલા દ્વારા નિર્મિત પહેલી ગુજરાતી ફિલ્મ 'રફ એન્ડ ટફ કન્યા'

અમદાવાદ,

ગુજરાતી સિનેમાના ચાહકો માટે એક શાનદાર પારિવારિક એન્ટરટેઇનર આવી રહી છે. જાણીતા યુવા આઇકોન અનન્યા બિરલા પ્રોડ્યુસર તરીકે પોતાની નવી ઇનિંગ શરૂ કરી રહ્યા છે. તેઓ 'બિગ બોક્સ સિરીઝ'ના સહયોગથી ગુજરાતી કોમેડી ફિલ્મ 'રફ એન્ડ ટફ કન્યા' લઈને આવી રહ્યા છે, જે દરેક પરિવારે સાથે બેસીને માણવા જેવી છે. આ ફિલ્મ આગામી ૨૦ નવેમ્બરે રૂપેરી પડદે ધૂમ મચાવશે.

આ ફિલ્મની વાર્તા દર્શકોને પેટ પકડીને હસાવશે. વાર્તામાં એક પિતાને જાણ થાય છે કે તેમની દીકરીને એક એવા યુવક સાથે પ્રેમ છે જેનો સ્વભાવ ખૂબ જ ગુસ્સાવાળો છે. દીકરીના ભવિષ્યને સુરક્ષિત કરવા પિતા શરત મૂકે છે કે તેઓ ૩૦ દિવસ દીકરીના સાસરે રહેશે. જો આ સમય દરમિયાન છોકરો કે તેનો પરિવાર સહેજ પણ ગુસ્સો કરશે, તો લગ્ન નહીં થાય. આ ૩૦ દિવસમાં પિતા જમાઈને ઉશ્કેરવા જે રમૂજી હરકતો કરે છે તે કોમેડીનું તોફાન લાવશે.

અનન્યા બિરલા આ પ્રોજેક્ટ માટે એટલા ઉત્સાહિત હતા કે માત્ર એક જ મીટિંગમાં તેમણે નિર્માતા બનવાની હા પાડી દીધી હતી. સ્ક્રિપ્ટ સાંભળતા જ તેઓ ખડખડાટ હસી પડ્યા હતા અને શૂટિંગના સેટ પર પણ કલાકારોનો અભિનય જોઈને તેઓ હસી-હસીને લોટપોટ થઈ ગયા હતા.

આ ધમાકેદાર કોમેડીમાં ગુજરાતી સ્ક્રીનના દિગ્ગજ હિતેન કુમાર સાથે રવિ ગોહિલ અને યુક્તિ રાંદેરિયા મુખ્ય રોલમાં જોવા મળશે.

આન્દ્રે રસેલ નાઈટ રાઈડર્સ ટીમમાં પરત ફર્યા, કિરોન પોલાર્ડ અને છ અન્ય સ્ટાર ખેલાડીઓને વાઈલ્ડકાર્ડ મળ્યા

નવીદિલ્હી,

આન્દ્રે રસેલ અને કિરોન પોલાર્ડ ટીમમાં સ્થાન મેળવનારા ઘણા મોટા વિદેશી સ્ટાર્સ ફરી એકવાર આઇએલટી ૨૦ માં ધૂમ મચાવવા માટે તૈયાર છે. પાંચમી સીઝન પહેલા, ફ્રેન્ચાઇઝીઓએ તેમના વાઇલ્ડકાર્ડ ખેલાડીઓના નામ જાહેર કર્યા છે. આ યાદીમાં વેસ્ટ ઈન્ડિઝના આન્દ્રે રસેલ, અકીલ હુસૈન અને કિરોન પોલાર્ડ ઉપરાંત ન્યુઝીલેન્ડના ટિમ સીફર્ટનો પણ સમાવેશ થાય છે. ઈંગ્લેન્ડના સેમ બિલિંગ્સ અને ટોમ કુરાનને પણ વિવિધ ટીમોમાં ઉમેરવામાં આવ્યા છે.

આઇએલટી ૨૦ ની પાંચમી સીઝન ૨૧ નવેમ્બરથી શરૂ થશે અને ૨૦ ડિસેમ્બર સુધી ચાલશે. ભાગ લેનારી બધી છ ફ્રેન્ચાઇઝીઓએ તેમના વાઇલ્ડકાર્ડ ખેલાડીઓ પસંદ કર્યા છે. રસેલ અબુ ધાબી નાઈટ રાઇડર્સમાં પાછો ફરશે, જ્યારે સીફર્ટ શારજાહ વોરિયર્સમાં જોડાશે અને હુસૈન ગલ્ફ જાયન્ટ્સમાં જોડાશે. દુબઈ કેપિટલ્સે સેમ બિલિંગ્સને પસંદ કર્યા છે, અને ડેઝર્ટ વાઇપર્સે ટોમ કુરાનને પસંદ કર્યા છે.એમઆઇ અમીરાતે પહેલાથી જ કિરોન પોલાર્ડને તેમના વાઇલ્ડકાર્ડ ખેલાડી તરીકે જાહેર કરી દીધું છે.આન્દ્રે રસેલ નાઈટ રાઇડર્સ ફ્રેન્ચાઇઝી સાથે લાંબા સમયથી સંકળાયેલો છે. તેણે આઇએલટી ૨૦ માં અબુ ધાબી નાઈટ રાઇડર્સ માટે અત્યાર સુધી ૩૮ મેચ રમી છે. ૨૦૨૫ સીઝનમાં, તેણે ૧૧ મેચમાં ૧૫૭ રન બનાવ્યા અને ૧૦ વિકેટ લીધી. જોકે, તેમણે ૨૦૨૬ ની આવૃત્તિમાં ફક્ત બે મેચ રમી હતી. તેમની વાપસી ટીમને બેટિંગ અને બોલિંગ બંનેમાં અનુભવ પ્રદાન કરશે. ટિમ સેફર્ટ ફરી એકવાર શારજાહ વોરિયર્સની જર્સીમાં જોવા મળશે.



તેમણે ૨૦૨૫ માં ટીમના પ્રથમ પ્લેઓફ અભિયાનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. એમઆઇ અમીરાત સામે એલિમિનેટરમાં, સેફર્ટે માત્ર ૨૦ બોલમાં ઝડપી ૪૦ રન બનાવ્યા.ઈંગ્લેન્ડના વિકેટકીપર-બેટ્સમેન સેમ બિલિંગ્સ દુબઈ કેપિટલ્સ સાથે પોતાનો કાર્યકાળ ચાલુ રાખશે. તેમની કેપ્ટનશીપ હેઠળ, ટીમે ૨૦૨૫ માં તેનું પ્રથમ આઇએલટી૨૦ ટાઇટલ જીત્યું. બિલિંગ્સ લીગની પ્રથમ ત્રણ સીઝનની ફાઇનલમાં રમી ચૂક્યા છે. પ્રથમ સીઝનમાં, તેઓ ડેઝર્ટ વાઇપર્સનો ભાગ હતા અને બાદમાં કેપિટલ્સ સાથે જોડાયા. તેઓ પાંચમી સીઝનમાં પણ દુબઈ ટીમનું નેતૃત્વ કરશે.

બીજી બાજુ, ગલ્ફ જાયન્ટ્સે ડાબોડી સ્પિનર અકીલ હુસૈનને ઉમેર્યો છે. તેઓ અગાઉ આ ટુર્નામેન્ટમાં અબુ ધાબી નાઈટ રાઇડર્સ અને એમઆઇ અમીરાત માટે રમી ચૂક્યા છે. ગલ્ફ જાયન્ટ્સના બોલિંગ આક્રમણમાં પહેલાથી જ વેસ્ટ ઈન્ડિઝની જોડી અલ્ઝારી જોસેફ અને શમાર જોસેફનો સમાવેશ થાય છે. હુસૈનના ઉમેરાથી ટીમની બોલિંગ વધુ મજબૂત બનશે. બેટ્સમેન એલિક એથેનાઝ પણ ટીમનો ભાગ છે.

ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર ટોમ કુરન પણ ડેઝર્ટ વાઇપર્સ પરત ફરશે. તે આઇએલટી ૨૦ ની પ્રથમ સીઝનમાં ટીમ માટે રમ્યો હતો, જ્યારે વાઇપર્સ રનર્સ-અપ રહ્યું હતું.

ભારતીય ટીમ વેલિંગ્ટન ટેસ્ટ મેચમાં ચાર ફાસ્ટ બોલર અને સાત બેટ્સમેનને મેદાનમાં ઉતારશે

નવીદિલ્હી,

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણી ૧૯ નવેમ્બરથી શરૂ થવાની છે. આ શ્રેણીની પહેલી મેચ વેલિંગ્ટનના બેસિન રિઝર્વ સ્ટેડિયમમાં રમાશે. ચાહકો પાસે આ મેચ માટે પ્લેઈંગ ઈલેવન વિશે ઘણા પ્રશ્નો છે. દરમિયાન, ટીમ ઈન્ડિયાના કેપ્ટન શુભમન ગિલે વેલિંગ્ટન ટેસ્ટ માટે પ્લેઈંગ ઈલેવન વિશે એક મોટો સંકેત આપ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે ભારતીય ટીમ આ મેચમાં ચાર ફાસ્ટ બોલર અને સાત બેટ્સમેનને મેદાનમાં ઉતારશે.



ઘણા ખેલાડીઓ ભારતીય ટીમની પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવવા માટે સ્પર્ધા કરી રહ્યા છે, અને ટીમે હજુ સુધી તેની ટીમને અંતિમ સ્વરૂપ આપ્યું નથી. જોકે, કેપ્ટન શુભમન ગિલે સ્પષ્ટ કર્યું છે કે ટીમ ચાર ફાસ્ટ બોલરોને મેદાનમાં ઉતારશે, કારણ કે તેમના પેસરો છેલ્લા કેટલાક મહિનામાં અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે, જેનાથી ટીમનું મનોબળ નોંધપાત્ર રીતે વધ્યું છે. એક પ્રેસ કોન્ફરન્સમાં, કેપ્ટન શુભમન ગિલે જણાવ્યું હતું કે તેઓ આ મેચમાં ચોક્કસપણે ચાર ફાસ્ટ બોલરોને મેદાનમાં ઉતારશે.ભારતીય ટીમ વનડે શ્રેણી ૩-૧થી જીત્યા પછી આ ટેસ્ટ શ્રેણીમાં પ્રવેશ કરી રહી છે. ટીમના યુવા ફાસ્ટ બોલરો વનડે શ્રેણીમાં અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું. કેપ્ટન શુભમન ગિલે જણાવ્યું હતું કે આ બોલરોના ઉત્તમ પ્રદર્શનને કારણે પ્લેઈંગ ઈલેવનમાં કોને સમાવવા તે નક્કી કરવું મુશ્કેલ બન્યું છે. ગિલે વધુમાં જણાવ્યું હતું કે અમારા બધા ફાસ્ટ બોલરોએ સારું પ્રદર્શન કર્યું છે, અને આ અમારા માટે સારી સમસ્યા છે.વનડે શ્રેણીમાં ઝડપી બોલરોએ અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું. જોકે અમે હજુ પણ અંતિમ સંયોજન પર વિચાર કરી રહ્યા છીએ, તે ચોક્કસ છે કે અમે ચાર ઝડપી બોલરોને મેદાનમાં ઉતારીશું.

કેપ્ટન શુભમન ગિલે પણ ખુલાસો કર્યો કે ટીમ તેની પ્લેઈંગ

અંબેકર મીતાઈએ યુથ ઓલિમ્પિક્સમાં ભારતનો પ્રથમ બોક્સિંગ ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો

નવીદિલ્હી,

યુથ ઓલિમ્પિક્સ ૨૦૨૬ ભારતીય બોક્સિંગ માટે લાંબા સમયથી રાહ જોવાતી ખુશખબર લઈને આવ્યું છે. યુવા મણિપુર બોક્સર લૈરેનલકપમ અંબેકર મીતાઈએ સેનેગલની રાજધાની ડાકારમાં યુથ ઓલિમ્પિક્સમાં ભારતનો પ્રથમ બોક્સિંગ ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો. ૫૦ કિગ્રા વજન વર્ગની ફાઇનલમાં, તેણે આયર્લેન્ડના ક્રિશ્ચિયન જુબાનીને ૩-૨ થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો.

અંબેકર મીતાઈ અને જુબાની વચ્ચેનો ટાઇટલ મુકાબલો રોમાંચક રહ્યો. ભારતીય બોક્સરને શરૂઆતના રાઉન્ડમાં



પાંચેય જજો તરફથી ઓછા પોઈન્ટ મળ્યા, જેના કારણે તે પાછળ પડી ગયો. જોકે, તેણે નોંધપાત્ર વાપસી કરી. બીજા રાઉન્ડમાં ત્રણ જજોએ મીતાઈના પક્ષમાં ચુકાદો આપ્યો, જ્યારે ત્રીજા અને નિર્ણાયક રાઉન્ડમાં ચાર જજોએ તેને શ્રેષ્ઠ બોક્સર માન્યો. આમ, મીતાઈએ ૩-૨ ના માર્જિનથી મુકાબલો જીતીને ભારતને ઐતિહાસિક ગોલ્ડ મેડલ અપાવ્યો. યુથ ઓલિમ્પિકમાં ભારતીય બોક્સર દ્વારા આ શ્રેષ્ઠ પ્રદર્શન છે.અંબેકર મીતાઈની જીતે ભારતીય બોક્સિંગ ઈતિહાસમાં એક નવો અધ્યાય ઉમેર્યો છે. તેમના પહેલા, ભારતે યુથ ઓલિમ્પિકમાં આ રમતમાં ક્યારેય ગોલ્ડ મેડલ જીત્યો ન હતો. યુથ ઓલિમ્પિકમાં બોક્સિંગમાં આ ભારતનો ત્રીજો મેડલ છે. આ પહેલા, ૨૦૧૦ માં સિંગાપોરમાં યોજાયેલા યુથ ઓલિમ્પિકમાં, શિવ થાપાએ પુરુષોના ૫૪ કિગ્રા વજન વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો હતો, જ્યારે વિકાસ કૃષ્ણને ૬૦ કિગ્રા વજન વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. હવે, મીતાઈએ ગોલ્ડ મેડલ જીતીને આ યાદીમાં એક મોટી સિદ્ધિ ઉમેરી છે.નોંધનીય છે કે યુથ ઓલિમ્પિક્સ ૨૦૨૬ માં ભારતીય ટુકડીનું પ્રદર્શન અત્યાર સુધી ઉત્તમ રહ્યું છે.

સ્વર્ગસ્થ અભિનેત્રી નિમ્મીના કેરટેકરે જુહુના બે ફ્લેટ, ૨ કરોડની ફિક્સ્ડ ડિપોઝિટ અને ઘરેણાં હડપ કરી લીધા



મુંબઈ,

પ્રખ્યાત બોલિવૂડ અભિનેત્રી નિમ્મીના મૃત્યુના છ વર્ષ પછી, તેમની મિલકત અંગે એક મોટો વિવાદ ઉભો થયો છે. મુંબઈ પોલીસે તેમના ભૂતપૂર્વ કેરટેકર અસરાર ઇકબાલ શેખ સામે કેસ દાખલ કર્યો છે. તેમના પર નિમ્મીની મિલકત, બેંક ડિપોઝિટ અને કરોડો રૂપિયાના દાગીના કથિત રીતે કબજે કરવાનો આરોપ છે. આ મિલકત સ્વર્ગસ્થ અભિનેત્રીના કાનૂની વારસદારોને જવાની હતી.

અહેવાલ મુજબ, સાંતાક્રુઝ પોલીસે ૧૧ નવેમ્બરના રોજ અસરાર ઇકબાલ શેખ વિરુદ્ધ એફઆઈઆર નોંધી હતી. અસરાર ૨૦૦૩ થી નિમ્મી માટે કામ કરતો હોવાનું કહેવાય છે અને તેના મૃત્યુ સુધી તેની સાથે રહ્યો હતો. એવો આરોપ છે કે તેણે નિમ્મીના બે જુહુ ફ્લેટ, આશરે ૨ કરોડની કિંમતની બે ફિક્સ્ડ ડિપોઝિટ અને અનેક કિંમતી ઘરેણાં હડપ કરી લીધા હતા. તે સમયે, બોમ્બે હાઈકોર્ટમાં તેની વસિયતનામા અંગે કાનૂની કાર્યવાહી પણ ચાલી રહી હતી.

એફઆઈઆરમાં એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે કે શેખે પોતાની અને નિમ્મીના વારસદારો વચ્ચે મિલકત સમાન રીતે વહેંચવાની ઓફર કરી હતી. જ્યારે આ ઓફર નકારી કાઢવામાં આવી ત્યારે તેણે કથિત રીતે પરિવારનું પ્રતિનિધિત્વ કરવા માટે અધિકૃત વ્યક્તિ મોહમ્મદ યુનુસ સલીમ દુર્રાનીને ધમકી આપી હતી.

કિયારા અડવાણીની પતિ સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે બીજા બાળકનું સ્વાગત કરવાની તૈયારી

મુંબઈ,

કિયારા અડવાણીએ ચાહકો સાથે તેના બેબી શાવરની એક ઝલક શેર કરી, અને કેકે બધાનું ધ્યાન ખેંચ્યું. અભિનેત્રી તેના પતિ સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે તેના બીજા બાળકનું સ્વાગત કરવાની તૈયારી કરી રહી છે. તેણીએ ખૂબ જ રસપ્રદ કેકનો ફોટો શેર કરીને ઉજવણીની એક ઝલક શેર કરી. આ તેમના પરિવાર માટે ખૂબ જ ખાસ પ્રસંગ છે, પરંતુ કેકની સજાવટથી ચાહકોમાં ઉત્સુકતા જગાવી છે. તેઓ સજાવટ પરથી અનુમાન લગાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે આવનાર બાળક છોકરો હશે કે છોકરી.

ચોકલેટ કેક સુંદર જાંબલી અને વાદળી ફૂલોથી શણગારવામાં



આવી હતી, જેમાં એક ગુલાબી ફૂલ બહાર આવ્યું હતું. જોકે કિયારાએ બાળકનું લિંગ જાહેર કર્યું નથી, આ અનોખા રંગ સંયોજનથી સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ આશ્ચર્ય પામી રહ્યા છે કે શું એક ગુલાબી ફૂલ પુત્રના જન્મનો સંકેત આપે છે. અભિનેત્રીએ આ ખાસ ઉજવણીને ખાનગી રાખી હશે, પરંતુ નાની ઝલકથી ચાહકોમાં ઉત્સુકતા વધી ગઈ છે. કિયારા અને સિદ્ધાર્થ બીજા નાના મહેમાનની અપેક્ષા રાખી રહ્યા છે. એવું લાગે છે કે આ દંપતી લાઈમલાઈટથી દૂર તેમના જીવનના આ ખાસ તબક્કાનો સંપૂર્ણ આનંદ માણી રહ્યું છે.

ફિલ્મ નિર્માતા કરણ જોહરના ચેટ શો, "કોફી વિથ કરણ" ની સીઝન ૯ માં, કિયારાએ તેના ગર્ભાવસ્થાના અનુભવો વિશે ખુલ્લેઆમ વાત કરી. તેણીએ ગર્ભાવસ્થા દરમિયાન તેણીએ અનુભવેલા ભાવનાત્મક અને શારીરિક ફેરફારો શેર કર્યા. તેણીએ સમજાવ્યું કે શરૂઆતના ત્રણ મહિના મુશ્કેલ હતા, કારણ કે તેણીને ઉબકા અને હોર્મોનલ ફેરફારોનો અનુભવ થયો હતો. કિયારાએ એ પણ ખુલાસો કર્યો કે તેણી અને સિદ્ધાર્થે શરૂઆતમાં આ સમાચાર પોતાના સુધી જ રાખવાનું નક્કી કર્યું. જોકે, તેણીને ટૂંક સમયમાં સમજાયું કે તેની આસપાસ મહિલાઓ હોવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેણીની માતા અને સાસુ તેની સાથે હોવાનું કારણ સમજાવતા, તેણીએ કહ્યું, "મને સ્ત્રીઓની જરૂર છે. મને મારા જીવનમાં એવી સ્ત્રીઓની જરૂર છે જે મને સમજે."

અભિનેત્રી કિયારાએ પણ શેર કર્યું કે તેણીને તેના મિત્રોમાં ખૂબ જ આરામ મળ્યો. તેણીએ તે ક્ષણોને યાદ કરી જ્યારે તે ફક્ત તેના મિત્રો સાથે બેસીને રડતી હતી, અને તેના મિત્રો તેણીને તેની લાગણીઓને પ્રક્રિયા કરવા અને પ્રક્રિયા કરવા માટે જગ્યા આપતા હતા. અંતે, તેણીએ સમગ્ર અનુભવને સુંદર ગણાવ્યો.વ્યાવસાયિક મોરચે, કિયારા છેલ્લે ફિલ્મ "ટોક્સિક" માં જોવા મળી હતી. જ્યારે ફિલ્મને વિવેચકો તરફથી મિશ્ર સમીક્ષાઓ મળી હતી, ત્યારે કિયારાના કામની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી.

શબ્દ શોધો

ગ	મો	મ	ણ	ણિ	મો	ભો	ર	ર	લ	બં	પ્ર
પ્ર	આ	ર	આ	કા	ણ	ળ	સ	જ્ઞા	ણ	અ	ર
ર	ક	ર	વિ	ધ	ક્કો	મા	ર	ર	સા	કા	ર
ભા	શિ	ત	ચા	ક્કો	બા	સા	શિ	લ	વા	ળ	ર
ર	ક્ષ	ખ	ર	ર	સ	મા	સ	બિ	ણ	ળો	લ
ર	ક	કા	ણા	હા	ર	બં	ધ	લા	જ	ક	વિ
કા	તી	ડી	ઔ	કા	રી	જી	ન	આ	ન	જ્ઞા	કા
ર	વિ	બિ	મો	જી	એ	બિ	ણિ	બં	ન	બ	બ
સા	ડી	હિ	મો	ઐ	ધ	પ્રા	સા	વિ	શિ	રા	કા
દ	બા	ર	સા	ખ	ઇ	શિ	ચી	ઊ	દ	ક્ષ	ન
કા	ઔ	તુ	આ	ઐ	રા	હિ	ભ	તુ	આ	ગ	ણ
ક્ષ	ર	કા	લ	સા	એ	કા	બા	ઐ	અઃ	ક	ભો

શબ્દ શોધો

મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

રામાયણ ફિલ્મે આરઆરઆર અને ધૂરંધરને પાછળ છોડીને વિશ્વભરમાં ૧,૪૩૭.૨૫ કરોડનો આંકડો પાર કર્યો

મુંબઈ,

'રામાયણ' થિયેટરોમાં ચાલી રહી છે અને બધી ભાષાઓમાં દર્શકોને આકર્ષી રહી છે. ફિલ્મ અને તેના કલાકારોની વ્યાપક ચર્ચા થઈ રહી છે. ફિલ્મના કલાકારો સોશિયલ મીડિયા દ્વારા ફિલ્મ પર કામ કરવાના પોતાના અનુભવો શેર કરી રહ્યા છે. તાજેતરમાં, ફિલ્મમાં 'ભારત' ની ભૂમિકા ભજવનાર આદિનાથ કોઠારેએ પણ ફિલ્મ પર કામ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો. રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશ અભિનીત, પૌરાણિક મહાકાવ્ય, થિયેટરોમાં તેનો બીજો સપ્તાહાંત પૂર્ણ કરી ચૂક્યું છે અને હવે તે ત્રીજા અઠવાડિયામાં પ્રવેશી રહ્યું છે. રિલીઝ થયા પછી, તેની દૈનિક કમાણીમાં થોડો વધઘટ થયો છે. સપ્તાહના અંતે કમાણીમાં વધારો થયો હોવા છતાં, બાકીનું અઠવાડિયું ફિલ્મના બોક્સ ઓફિસ



પ્રદર્શનને નક્કી કરવામાં મહત્વપૂર્ણ રહેશે.ડેટા અનુસાર, સોમવાર, ૧૬ નવેમ્બર (દિવસ ૧૨) ના રોજ, "રામાયણ" ની કમાણીમાં રવિવારની સરખામણીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. "રામાયણ" એ ભારતમાં ૨૨,૩૬૫ શોમાંથી ૩૨.૦૦ કરોડની ચોખ્ખી કમાણી કરી. ફિલ્મે હિન્દીમાં ૧૭,૭૪૨ શોમાંથી ૨૩.૭૫ કરોડ, મલયાલમમાં ૧,૦૬૧ શોમાંથી ૨.૮૫ કરોડ, કન્નડમાં ૮૯૨ શોમાંથી ૨.૦૦ કરોડ, તમિલમાં ૧,૧૫૮ શોમાંથી ૧.૯૦ કરોડ અને તેલુગુમાં ૧,૫૧૨ શોમાંથી ૧.૫૦ કરોડની કમાણી કરી છે. આનાથી ભારતમાં 'રામાયણ - ભાગ ૧'નું કુલ કલેક્શન ૯૪૭.૨૫ કરોડ અને નેટ કલેક્શન ૭૯૨.૬૦ કરોડ થયું છે.

આ સપ્તાહના અંતે, 'રામાયણ'એ બોક્સ ઓફિસ પર સર્વોચ્ચ સ્થાન મેળવ્યું. રવિવાર, ૧૫ નવેમ્બરના રોજ, ફિલ્મે નેટ કલેક્શનમાં ૭૫.૦૦ કરોડ અને શનિવારે, દસમા દિવસે, ફિલ્મે ૭૨.૯૦ કરોડની કમાણી કરી. જોકે, સોમવારની કમાણી રવિવારની સરખામણીમાં ૫૭.૩ ટકા ઘટી ગઈ છે. ૧૨મા દિવસની કમાણી સાથે, ભારતમાં ફિલ્મ રામાયણનું કુલ ચોખ્ખું કલેક્શન ૭૯૨.૬૦ કરોડ અને ગ્રોસ કલેક્શન ૯૪૭.૨૫ કરોડ સુધી પહોંચી ગયું છે.

હુમલાની ઘટના પછી ટાઇગર શ્રોફ કામ પર પાછો ફર્યો : ૧૭ વર્ષ જૂના ગીતના રિમિક્સમાં જોવા મળશે

મુંબઈ,

ટાઇગર શ્રોફ છેલ્લા કેટલાક અઠવાડિયાથી તેના પર થયેલા હુમલાને કારણે સમાચારમાં છે. ઓક્ટોબરમાં, કેટલાક બંદૂકધારીઓએ કથિત રીતે અભિનેતાને ગોળી મારવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તે હુમલામાંથી બચી ગયો. શૂટિંગની ઘટના પછી ટાઇગર શ્રોફ લગભગ એક મહિના પછી કામ પર પાછો ફર્યો છે, સોશિયલ મીડિયા પર તેની જાહેરાત કરી. મુંબઈના જુહુ વિસ્તારમાં શૂટિંગ થયા પછી આ અભિનેતા લોકોની નજરથી દૂર હતો, પરંતુ હવે તેણે તેના આગામી સિંગલ "તેનુ લેકે જાના"નું ટીઝર રિલીઝ કરીને તેની વાપસીની જાહેરાત કરી છે.

ટાઇગર શ્રોફે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો



છે જેમાં તે "તેનુ લેકે જાના" ના રિમિક્સ પર તેના સ્નાયુબદ્ધ શરીરને દર્શાવે છે. આ વીડિયોમાં, તે કેતિકા સાથે જોવા મળે છે. તેમની સિઝલિંગ કેમેસ્ટ્રી તેના ચાહકોમાં ગુંજી રહી છે. ટાઇગરના ચાહકો પણ તેના પાછા ફરવા પર ખૂબ ખુશ છે. ઘણા સોશિયલ મીડિયા વપરાશકર્તાઓએ આ વીડિયો પર પ્રતિક્રિયા આપી, તેના પાછા ફરવા પર ખુશી વ્યક્ત કરી. કેટલાકે તેના પાછા ફરવા પર આનંદ વ્યક્ત કર્યો, જ્યારે અન્ય લોકોએ તેના સ્નાયુબદ્ધ શરીરની પ્રશંસા કરી. આ વીડિયો એવા સમયે આવ્યો છે જ્યારે પોલીસ ૧૮ ઓક્ટોબરના રોજ થયેલી ગોળીબારની ઘટનાની તપાસ કરી રહી છે, અને અત્યાર સુધીમાં ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

રાજકોટની ધોળકિયા સ્કૂલ ક્રિકેટ લીગ- સિઝન ૪નો પ્રારંભ

૨૦ ટીમો અને ૨૪૦ ખેલાડીઓ વચ્ચે જામશે ક્રિકેટનો મુકાબલો







રાજકોટઃ વિદ્યાર્થીઓમાં રમતગમતની ભાવના, ટીમવર્ક, શિસ્ત અને ખેલદિલીને પ્રોત્સાહન આપવાના ઉમદા હેતુથી ધોળકિયા સ્કૂલ દ્વારા 'ધોળકિયા સ્કૂલ ક્રિકેટ લીગ - સીઝન ૪' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ધોળકિયા સ્કૂલના ક્રિકેટ વિભાગ દ્વારા આયોજિત આ ટુર્નામેન્ટ તા. ૧૭ નવેમ્બરથી ૨૧ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાશે.આ ક્રિકેટ લીગમાં ધોળકિયા સ્કૂલની કુલ ૨૦ ટીમોના અંદાજે ૨૪૦ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. રાજકોટના માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે યોજાનારી આ ટુર્નામેન્ટથી વિદ્યાર્થીઓને પોતાની ક્રિકેટ પ્રતિભા પ્રદર્શિત કરવાની સાથે રમતગમતના ક્ષેત્રે પોતાની ક્ષમતાઓ વિકસાવવાની ઉત્તમ તક મળશે.

ગુણવત્તા અને આધુનિક સુવિધાઓનું વિશેષ ધ્યાનઃ ટુર્નામેન્ટ દરમિયાન સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા માન્યતા પ્રાપ્ત અમ્પાયરો દ્વારા મેચનું સંચાલન કરવામાં આવશે, જેથી સ્પર્ધામાં ક્રિકેટના નિયમો અને રમતની ગુણવત્તા જળવાઈ રહે. ક્રિકેટપ્રેમીઓ માટે આ લીગને વધુ રોમાંચક અને જીવંત બનાવવા માટે લાઈવ સ્કોરિંગ તથા લાઈવ કોમેન્ટરીની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત, સેમિફાઇનલ અને ફાઈનલ મેચનું યુટ્યુબ પર લાઈવ પ્રસારણ પણ કરવામાં આવશે, જેથી વાલીઓ, ક્રિકેટપ્રેમીઓ અને શુભેચ્છકો ઘર બેઠા મેચનો રોમાંચ માણી શકે.પ્રત્યેક ટીમ પોતાની ખાસ જર્સી અને ટ્રેસ કોડ સાથે મેદાનમાં ઉતરશે. આ સમગ્ર આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં રમત પ્રત્યેનો ઉત્સાહ, આત્મવિશ્વાસ, નેતૃત્વ, પરસ્પર સહકાર તેમજ વિજયી બન્યા બાદ વિનમ્રતા અને હારને પણ ખેલદિલીથી સ્વીકારવાની ભાવના વિકસાવવાનો છે.ધોળકિયા સ્કૂલ દ્વારા હંમેશાં શિક્ષણની સાથે રમતગમતને પણ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસનું મહત્વપૂર્ણ અંગ માનવામાં આવે છે. આ ક્રિકેટ લીગ માત્ર એક ક્રિકેટ ટુર્નામેન્ટ ન રહેતા, યુવા ખેલાડીઓની પ્રતિભા, ટીમભાવના અને રમતગમતના સંસ્કારને ઉજાગર કરતો એક મહોત્સવ બની રહી છે.આ રોમાંચક ક્રિકેટ લીગને નિહાળવા માટે વાલીઓ, ક્રિકેટપ્રેમીઓ અને રમતગમતના તમામ રસિયાઓને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કોડીનારમાં જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી

વિવિધ ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમો યોજાયા



કૈલેશ ભટ્ટ ઉના

કોડીનારમાં શ્રી લોહાણા મહાજન અને શ્રી જલારામ સેવા મંડળના સંયુક્ત ઉપક્રમે સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની ભક્તિભાવ અને ઉત્સાહભેર ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જન્મજયંતિ નિમિત્તે બે દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક, સેવાકીય અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જ્ઞાતિજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

જન્મજયંતિના આગલા દિવસે તા. ૧૫ નવેમ્બરના રોજ શ્રમજીવી વસાહત ખાતે ભોજન પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત જલારામ રાસોત્સવ અને જન્મોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જ્યારે તા. ૧૬ નવેમ્બરના રોજ જન્મજયંતિના પાવન અવસરે પ્રભાતફેરી, ભવ્ય શોભાયાત્રા, અન્નકૂટ દર્શન, સાધુભોજન, બંને સમય જલારામ મહાપ્રસાદ, સન્માન સમારોહ, મહાઆરતી, પૂજન અને સંતવાણી સહિતના કાર્યક્રમો યોજાયા હતા.આ પ્રસંગે મહાપ્રસાદના મનોરથી વસનજીભાઈ કાનજીભાઈ સુચક પરિવાર (હસ્તે નલીનભાઈ વસનજીભાઈ સુચક પરિવાર)નું શ્રી લોહાણા મહાજન દ્વારા જલારામ બાપાની મૂર્તિ અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન સમારોહમાં શ્રી લોહાણા મહાજનના મંત્રી વિજયભાઈ કાનાબારે સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે મુકેશભાઈ પુજારા, વિજયભાઈ ખખ્ખર અને બિપીનભાઈ તન્નાએ પ્રાસંગિક પ્રવચન દ્વારા પ્રસંગને અનુરૂપ વિચારો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પુષ્ટિબેન રૂપારેલિયાએ કર્યું હતું.શોભાયાત્રામાં પ્રસિદ્ધ સાહિત્યકારો તથા વાદ્યવૃંદ દ્વારા સંતવાણીની ભક્તિરસથી ભરપૂર પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જેના દ્વારા ઉપસ્થિત શ્રોતાઓ ભક્તિમય વાતાવરણમાં તરબોળ થયા હતા.સમગ્ર જન્મજયંતિ મહોત્સવમાં લોહાણા જ્ઞાતિના ભાઈઓ-બહેનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી ધર્મલાભ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા જલારામ સત્સંગ મંડળના યુવા કાર્યકરોએ ઉત્સાહપૂર્વક સેવા અને સુંદર વ્યવસ્થાઓ સંભાળી હતી.

નયારા એનર્જી દ્વારા માર્ગ સલામતી પહેલ અંગે ઉચ્ચસ્તરીય વર્કશોપ યોજાયો





જામનગર, આંતરરાષ્ટ્રીય સંકલિત ડાઉનસ્ટ્રીમ એનર્જી અને પેટ્રોકેમિકલ્સ કંપની નયારા એનર્જી દ્વારા સીએસઆર પહેલ દ્વારા માર્ગ સલામતી અંગે ઉચ્ચસ્તરીય વર્કશોપનું આયોજન ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના કમિશ્નરના અધ્યક્ષસ્થાને કરાયું હતું. આ વર્કશોપમાં નેશનલ હાઈવે ૧૫૧-એ એટલે કે જાખર જંકશનથી લઈ બેડ નજીકની નંદનીકેતન ટાઉનશીપ સુધીના માર્ગના સલામતી ધોરણો અંગે વિવિધ પગલાં લેવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. ખાસ કરીને ટ્રાફિક પ્રવાહ અને સુરક્ષિત રસ્તા બનાવવા, માર્ગ માળખાને મજબૂત બનાવવા અને સમગ્ર માર્ગ સલામતીની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે બહુ-હિતધારકોના સહયોગના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો. વર્કશોપમાં રોડ સેફ્ટી એજ્યુકેશન મોડ્યુલ્સ અંગે પ્રોજેક્ટ રજૂ કરાયો હતો જેમાં કોમર્શિયલ ડ્રાઇવરો માટે આંખની તપાસ પહેલ, સેફ સ્કૂલ ઝોન પ્રોગ્રામ, સ્કૂલ અને હાયર સેકન્ડરીના વિદ્યાર્થીઓ માટે રોડ સેફ્ટી જાગૃતિ સત્રોનું અમલીકરણ કરવા નક્કી કરાયું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશ્નર, નાયબ પોલીસ અધિક્ષક સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

વર્કશોપમાં જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, પોલીસ, આરટીઓ, જીએસઆરટીસી, માર્ગ અને મકાન વિભાગ, આરોગ્ય વિભાગ, જીવીકે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ અને અન્ય મુખ્ય સરકારી વિભાગોના પ્રતિનિધિઓ સહિત ૧૦૦થી વધુ હિસ્સેદારોએ ભાગ લીધો હતો. વકર્શોપમાં નયારા એનર્જીની પહેલ સાથે જોડાયેલી પાથમેકર્સ, ટ્રેક સોસાયટી સંસ્થાના અધિકારીઓએ માર્ગ સલામતી અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

ઉનાના સનખડામાં દેવી ભાગવત પારાયણ શરૂ થયું

સમસ્ત જાદવ પરિવારના આયોજનમાં પોથીયાત્રા યોજાઈ; ૨૫ નવેમ્બર સુધી કથા અને ધાર્મિક કાર્યક્રમો



કૈલેશ ભટ્ટ ઉના

ઉના તાલુકાના સનખડા ગામમાં શ્રી સમસ્ત જાદવ પરિવાર દ્વારા શ્રીમદ્ દેવી ભાગવત પારાયણ શરૂ થયું છે. ૧૭થી ૨૫ નવેમ્બર ૨૦૨૬ સુધી ચાલનારા પારાયણના પહેલા દિવસે પોથીયાત્રા યોજાઈ હતી. પારાયણનું આયોજન ગામના શ્રી બલાડ માતાજી મઢ ખાતે સમસ્ત કુળના કલ્યાણ માટે કરવામાં આવ્યું છે. પોથીયાત્રામાં જાદવ પરિવારના વડીલો, આગેવાનો, યુવાનો, માતાઓ અને બહેનો જોડાયાં હતાં. યાત્રા દરમિયાન ભજન-કીર્તન થયું હતું.મહંત ભાવેશબાપુ શુકલ કથા કરી રહ્યા છે. કથાનો સમય દરરોજ સવારે ૯થી બપોરે ૧૨ અને બપોરે ૩થી સાંજે ૬ વાગ્યા સુધીનો છે. દરરોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે મહાપ્રસાદનું આયોજન છે. નવ દિવસ દરમિયાન નવદુર્ગા પ્રાગટ્ય, શ્રી મહાકાળી પ્રાગટ્ય, શ્રી ચામુંડા પ્રાગટ્ય, અંબા યજ્ઞ અને તુલસી વિવાહ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા

રાજકોટ ખાતે સહકાર ખાતાના નિવૃત ગ્રૂપ મેમ્બરોનું યોજાયું સ્નેહમિલન

રાજકોટ, શ્રી સમન્વય આર.જી. ગ્રૂપ સંચાલિત સહકાર ખાતાના નિવૃત મિત્રોનું સ્નેહમિલન દર વર્ષે દિપાવલીના તહેવારો નિમિતે સામાન્ય રીતે લાભ પાંચમ પછી સવારના ૧૦.૦૦ કલાકે રાજકોટ ખાતે સને ૨૦૧૮ના વર્ષથી આયોજિત થઈ રહ્યું છે. આ વર્ષનું સ્નેહમિલન તારીખ ૧૫/૧૧/૨૦૨૬ રવિવારના રોજ સવારના ૧૦.૦૦ કલાકે શ્રી લક્ષ્મી કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી રાજકોટ ખાતે આયોજિત થયેલ હતું. વિક્રમ સંવતના વીતેલા વર્ષ દરમ્યાન સ્વર્ગસ્થ થયેલ સદસ્ય શ્રી પી એસ શુક્લ શ્રી પી ડી રાવલને યાદ કરી શ્રદ્ધાજલી અર્પણ કરવામાં આવી હતી ત્યારબાદ શ્રી બી સી સખીયાના આધ્યાત્મિક વક્તવ્ય સાથે સ્નેહમિલન કાર્યક્રમ શરુ કરવામાં આવેલ હતો.. સ્નેયહમિલન પ્રસંગે શ્રી એ એસ ખંધાર પૂર્વ શ્રી કે બી ઉપાધ્યાય શ્રી આર બી વાડોદરિયા અને જી



એમ જાડેજાએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યા હતા સ્નેહ મિલન સમારોહ માટે પૂર્વ સચિવશ્રી વી એસ ગઢવી શ્રી વી સી જોષી તથા શ્રી અંબાલાલ એસ પટેલ સાહેબએ શુભેચ્છાઓ પાઠવી છે. સભાખંડ તથા સભા સ્થળની વ્યવસ્થા શ્રી લક્ષ્મી સોસાયટી રાજકોટ તરફથી મળેલ છે. સોસાયટીના પ્રમુખશ્રી જગદીશભાઈ ભોજાણી તથા સમિતિ સભ્યશ્રીનો આભાર માનવામાં આવે છે.

આ કામગીરી માટે શ્રી આર બી વાડોદરીયા અને શ્રી એલ એન જોષીનો આભાર માનવામાં આવે છે. તથા સ્ટેજ વ્યવસ્થા માટે શ્રી એન બી બુખારી અને શ્રી હસમુખભાઈનો સહયોગ પ્રાપ્ત થયેલ છે. માઈક વ્યવસ્થા શ્રી લક્ષ્મી સોસાયટીએ કરી આપી હતી તથા કાર્યક્રમનું સંચાલન શ્રી એ એમ જાંબુચાએ સંભાળેલ છે. અંતમાં આભારવિધિ શ્રી એ એમ ઘેટીયાએ કરી હતી.

રાજકોટ મનપા કર્મચારી પરિષદ દ્વારા દિપાવલી પર્વની ભેંટ બદલ મેયરનું અભિવાદન કરાયું



રાજકોટ, રાજકોટ મહાનગરપાલિકા મેયર દ્વારા ઐતિહાસિક અને અભુતપૂર્વ નિર્ણય જાહેર કરવામાં આવ્યો તમામ કર્મચારીઓને રૂા.૧૦૦૦નું બોનસ મળ્યું. રાજકોટ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા તમામ વર્ગના કર્મચારી સમુદાય માટે કોર્પોરેશનના ઇતિહાસમાં પ્રથમ વખત શાસક પક્ષ તરફથી મેયર દ્વારા દીપાવલી પર્વ નિમિતે રૂા.૧૦૦૦નું બોનસ જાહેર કરવામાં આવ્યું છે આ અતિ સંવેદનશીલ અને મકકમ નિર્ણય જાહેર થયેલ છે. કર્મચારી સમુદાયમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે રકમ ભલે સામાન્ય હોય પરંતુ કર્મચારી સમુદાય પ્રત્યેની મેયર ડો.નેહલ શુકલ તેમજ સ્ટે.કમીટી ચેરમેન પીપળીયા તથા સર્વ કોર્પોરેટરઓની લાગણી અમૂલ્ય છે. કર્મચારી સમુદાયએ સંસ્થાનું અભિન્ન અંગ છે. ત્યારે સામાન્યમાં સામાન્ય કર્મચારીના નાનામાં નાના પ્રશ્નનના નિરાકરણ લાવવા માટે હંમેશા તત્પર રહેતા મેયર ડો. નેહલ શુકલ દ્વારા ગુજરાત રાજયની તમામ મહાનગરપાલિકા સાથ રાજકોટ મહાનગરપાલિકાના ઇતિહાસમાં પ્રેરણાદાયી ઉત્તમ ઐતિહાસિક નિર્ણય જાહેર કરેલ છે.જેને બિરદાવા માટે તમામ યુનિયન આગેવાન દ્વારા નવા વર્ષની શુભેચ્છા સાથે પુષ્પગુચ્છ અર્પણ કરી અભિવાદન કરવામાં આવેલ છે. સંયુકત યુનિયનના સર્વ પ્રમુખ કશ્યમ શુકલ, જયેન્દ્રભાઇ મહેતા, વલ્લભભાઇ પીપળીયા, પ્રેરીત જોષી, માલેશ વ્યાસ, અશોકભાઇ સોલંકી, ઇશ્વર સોલંકી, હરિભાઇ, ભારદ્વાજ બારોટ હાજર રહ્યા હતા.

ગિરનારની લીલી પરિક્રમામાં શ્રી આઈ ખોડિયાર રાસ મંડળ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અન્નક્ષેત્રનો ૬૬માં વર્ષમાં મંગલ પ્રવેશ

જુનાગઢ, જૂનાગઢ ગિરનારની પાવનકારી લીલી પરિક્રમામાં આવતા લાખો ભાવિક ભક્તોની સેવાર્થે શ્રી આઈ ખોડિયાર રાસ મંડળ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સતત ૬૫ વર્ષની અવિરત સેવા બાદ આ વર્ષે ૬૬માં વર્ષમાં મંગલ પ્રવેશ કરવામાં આવી રહ્યો છે.

ટ્રસ્ટના પ્રમુખ શ્રી જાદવભાઈ મોહનભાઈ કાકડીયાની યાદીમાં જણાવ્યા અનુસાર, લીલી પરિક્રમાના રૂટ પર યાત્રાળુઓની સેવા માટે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ અન્નક્ષેત્ર તા. ૨૦-૧૧-૨૦૨૬ થી તા. ૨૪-૧૧-૨૦૨૬ સુધી કાર્યરત રહેશે, જેમાં પરિક્રમાર્થીઓ માટે દરરોજ સવારનો નાસ્તો, બપોરનું ભોજન તેમજ સાંજના



ભોજનની સુંદર અને નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ભગીરથ સેવાકાર્યને સફળ બનાવવા માટે ટ્રસ્ટના પ્રમુખ શ્રી જાદવભાઈ મોહનભાઈ કાકડીયા, ઉપપ્રમુખ શ્રી ભીખાભાઈ આંબલીયા, શ્રી વલ્લભભાઈ તેમજ શ્રી કિશોરભાઈ વાડોદરિયા સહિત ટ્રસ્ટના તમામ કાર્યકરો અને સેવકગણ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.પ્રમુખ શ્રી જાદવભાઈ કાકડીયાએ સર્વ ધર્મપ્રેમી જનતા અને પરિક્રમાર્થીઓને આ અન્નક્ષેત્રનો બહોળી સંખ્યામાં લાભ લેવા તેમજ સેવાકાર્યમાં સહભાગી થવા જાદવભાઈ મોહનભાઈ કાકડીયા (પ્રમુખ)શ્રી આઈ ખોડિયાર રાસ મંડળ ચેરિટેબલ ટ્રસ્ટ ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

રાજકોટના શ્રીજી બાવા પદયાત્રા સંઘ દ્વારા ડીસેમ્બરમાં શ્રીનાથજી પદયાત્રાનું આયોજન

રાજકોટ, શ્રીજી બાવા પદયાત્રા સંઘ દ્વારા ૧૨ ડીસેમ્બેરે રાજકોટથી શ્રીનાથજી (રાજસ્થાન) સુધીની પદયાત્રાનું આયોજન કરાયુ છે. ૧૭ દિવસની પદયાત્રા બાદ સંઘ શ્રીનાથજી પહોંચશે. દરેક પદયાત્રી વૈષ્ણવ શ્રીનાથજીમાં બે દિવસ મુકામ કરશે. રસ્તામાં પ્રાથમિક જરૂરિયાત મેડીકલ વ્યવસ્થા તેમજ રસ્તામાં ચા-નાસ્તો, બપોરે ભોજન, રાત્રે ભોજનની વ્યવસ્થા તેમજ મળવા આવતા સગા સંબંધી મિત્રો માટે પણ પ્રસાદની નિઃશુલ્ક વ્યવસ્થા પુરી પાડવામાં આવશે. યાત્રાને સફળ બનાવવા લલિતભાઈ માકડીયા મો.૭૬૦૦૦ ૧૬૮૧૦, પ્રજેશભાઈ કાપડીયા મો.૮૨૦૦૮ ૪૮૫૩૮, મુકેશભાઈ ગરધરીયા, અમિત ત્રિવેદી (કાનો) વગેરે કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.



પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં બાલુ ફોર્જે અત્યાર સુધીની સૌથી વધુ રૂ. ૬૨૫ કરોડની આવક કરી

રાજકોટઃ અગ્રણી એન્જિનીયરિંગ અને ઉત્પાદક કંપની બાલુ ફોર્જ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ એ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળા માટે એના ઓડિટ ન થયેલા નાણાકીય પરિણામોની જાહેરાત કરી છે.

આ કામગીરી પર બીએફઆઈએલના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી જસ્પાલ સિંહ ચંડોકે કહ્યું હતું, "નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નો પ્રથમ અર્ધવાર્ષિક ગાળો બાલુ ફોર્જ માટે રેકોર્ડ કામગીરીનો રહ્યો હતો, જે અમારા વ્યવસાયની મજબૂતી અને વિકાસના આગામી તબક્કા તરફ અમે કરેલી પ્રગતિ દર્શાવે છે. જ્યારે કંપનીની આવક ૧૭ ટકા વધીને રૂ. ૬૨૫ કરોડ થઈ હતી, ત્યારે તેનો ચોખ્ખો નફો (પીએટી) ૧૭ ટકા વધીને રૂ. ૧૪૩ કરોડ થયો હતો. ઈબીઆઈટીડીએ ૨૮.૬ ટકા માર્જિન સાથે ૧૫ ટકા વધીને રૂ. ૧૭૯ કરોડ થયો હતો. બીજા ત્રિમાસિક ગાળામાં ઈબીઆઈટીડીએ માર્જિન ૧૩૦ બીપીએસ સુધરીને ૨૮.૯ ટકા થયું હતું. એટલી જ પ્રોત્સાહનજનક રોકડ આવક રીહ હતી, જેમાં કાર્યકારી રોકડપ્રવાહ રૂ. ૨૪૫ કરોડ પહોંચી ગયો હતો, જે અગાઉના વર્ષની સરખામણીમાં ૭ ગણો વધારે હતો.

રાજકોટમાં પૂ.જલારામ શોભાયાત્રાનું મુસ્લિમ સમાજ દ્વારા સ્વાગત

રાજકોટ, સંત શિરોમણી શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતી નીમીતે નીકળેલ શોભાયાત્રાનું સદરબજાર ગનીબાપુ કટારીયાના નિવાસસ્થાન પાસે યાત્રા પહોંચતા મુસ્લીમ અગ્રણી હબીબભાઈ ગનીબાપુ કટારીયાના પરિવારે



રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરેલ હતું, આ પ્રસંગે હબીબભાઈ ગનીબાપુ કટારીયા, યાસીનભાઈ ખોખર, મુસ્તુફાભાઈ દાઉદી વોરા, યુનુસભાઈ કટારીયા, યુસુફભાઈ કટારીયા, હનીફભાઈ કટારીયા, મુસ્તાકભાઈ મકરાણી, માટેલ સર પટેલ, ઝાકીર સુમરા, અરમાન કટારીયા વગેરે જોડાયા હતા.

સમગ્ર ભારતમાં આજે નેચરોપથી દિવસની ઉજવણી

કર્ણાટકના નાગમંગલા સ્થિત સેન્ટ્રલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ઓફ યોગ એન્ડ નેચરોપથી ખાતે રાષ્ટ્રીય કાર્યક્રમ યોજાશે



કર્ણાટક

આયુષ મંત્રાલય ૧૮ નવેમ્બર ૨૦૨૬ ના રોજ કર્ણાટકના નાગમંગલા સ્થિત સેન્ટ્રલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ઓફ યોગ એન્ડ નેચરોપથી (CRIYN) ખાતે 'પ્રાકૃતિક ચિકિત્સા, સ્વસ્થ ભારત' થીમ અંતર્ગત ૯મો નેચરોપથી દિવસ ઉજવશે. આ ઉજવણી નિવારક સ્વાસ્થ્યસંભાળ, સ્વસ્થ જીવનશૈલી અને સમગ્ર સુખાકારીને પ્રોત્સાહન આપવામાં કુદરતી ચિકિત્સાની ભૂમિકાને ઉજાગર કરશે, જેમાં સ્થૂળતા અને જીવનશૈલી સંબંધિત વિકારોને દૂર કરવા પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

આ દિવસના મહત્વને ચિહ્નિત કરવા માટે, નાગમંગલા ખાતેના મુખ્ય કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રમાં મહત્વપૂર્ણ અને વ્યાપક પહોંચ ધરાવતી અનેક પહેલો જોવા મળશે. મુખ્ય આકર્ષણોમાં એક સમર્પિત સમુદાય સ્વાસ્થ્ય પહેલનો સમાવેશ થશે, જે સર્વગ્રાહી સુખાકારી અને ટકાઉ સમુદાય વિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે અનેક અન્ય પ્રભાવશાળી કાર્યક્રમોની સાથે યોજાશે. આ કાર્યક્રમો સમાજના તમામ વર્ગોના સહભાગીઓને જોડવા અને સમગ્ર પ્રદેશમાં કાયમી સકારાત્મક પરિવર્તન લાવવા માટે વિચારપૂર્વક ડિઝાઇન કરવામાં આવ્યા છે. સાથે મળીને, તેઓ લોકકલ્યાણ અને સર્વસમાવેશક પ્રગતિ પ્રત્યે મજબૂત પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

આ વર્ષની થીમ યોગ્ય આહાર પ્રથાઓ, શારીરિક પ્રવૃત્તિ, યોગ, તણાવ વ્યવસ્થાપન અને સ્વસ્થ ભારતમાં યોગદાન આપતી અન્ય પુરાવા-આધારિત કુદરતી ચિકિત્સા પદ્ધતિઓ દ્વારા સ્વસ્થ જીવનશૈલી અપનાવવાના મહત્વને રેખાંકિત કરે છે. તે નિવારક સ્વાસ્થ્યના મહત્વ વિશે જાગૃતિ મજબૂત કરવા અને વ્યક્તિઓ તથા સમુદાયોને તેમના સ્વાસ્થ્ય અને સુખાકારીને જાળવવામાં સક્રિય ભૂમિકા ભજવવા પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરે છે. આ ઉજવણી નિવારક સ્વાસ્થ્યસંભાળ અને સ્વસ્થ જીવન પર ભાર મૂકતા પ્રધાનમંત્રીના 'ફિટ એન્ડ હેલ્થી ઇન્ડિયા'ના વિઝન સાથે પણ સુસંગત છે.

દેશવ્યાપી આઉટરીચના ભાગરૂપે, આ ઉજવણીમાં સમાજના વિવિધ વિભાગો અને જાહેર આરોગ્યના મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરતા દસ પેટા-વિષયો દર્શાવવામાં આવશે. આમાં 'માં પ્રકૃતિ — સ્વસ્થ માતા, સ્વસ્થ પરિવાર', 'સ્વસ્થ મહિલા — ફિટ એન્ડ હેલ્થી વિમેન', 'ફિટ ફોર્સ — મજબૂત, લીન એન્ડ હેલ્થી ફોર્સ', 'હેલ્થી કેમ્પસ — ફિટ સ્ટુડન્ટ્સ, હેલ્થી નેશન', 'હેલ્થી વર્કપ્લેસ—ફિટ વર્કફોર્સ' અને 'સેફ જર્ની — ફિટ ડ્રાઇવર, સેફ જર્ની' નો સમાવેશ થાય છે.

અમેરિકાએ ગ્વાટેમાલાના ડ્રગ કિંગપીન એક્સેલ બ્લાદિમીર મોન્ટેજો સેન્ઝની ધરપકડ કરી

મોન્ટેજો સેન્ઝ પર આંતરરાષ્ટ્રીય ગુનાહિત જૂથો અને નાર્કો-ટેરરિસ્ટ કાર્ટેલ સાથે જોડાણો સાથે મોટા પાયે કોકેઈન હેરફેરનું ઓપરેશન ચલાવવાનો આરોપ

સાન ડિએગો,

યુએસ ફેડરલ એજન્ટોએ સાન ડિએગોમાં ગ્વાટેમાલાના ડ્રગ કિંગપીન એક્સેલ બ્લાદિમીર મોન્ટેજો સેન્ઝની ધરપકડ કરી છે, જે "મોશ" અને "કેકેન" ઉપનામોથી જાણીતા છે. મોન્ટેજો સેન્ઝ પર આંતરરાષ્ટ્રીય ગુનાહિત જૂથો અને નાર્કો-ટેરરિસ્ટ કાર્ટેલ સાથે જોડાણો સાથે મોટા પાયે કોકેઈન હેરફેરનું ઓપરેશન ચલાવવાનો આરોપ છે.

કેલિફોર્નિયાના દક્ષિણ જિલ્લા માટે યુએસ એટર્ની ઑફિસ અનુસાર, હોમલેન્ડ સિક્યુરિટી ટાસ્ક ફોર્સ (HSTF) ના સભ્યો દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

"દરેક ડ્રગ કિંગપીનની સમાપ્તિ તારીખ હોય છે. આજે તેનો દિવસ હતો," યુએસ એટર્ની એડમ ગોર્ડને એક નિવેદનમાં જણાવ્યું હતું.

૪૦ વર્ષીય મોન્ટેજો સેન્ઝ પર ૧ નવેમ્બર, ૨૦૧૮ ના રોજ ગેરકાયદેસર આયાત માટે બનાવાયેલ કોકેઈનનું વિતરણ કરવાના કાવતરા અને જહાજ પર કોકેઈનનું વિતરણ કરવાના કાવતરાના આરોપસર આરોપ મૂકવામાં આવ્યો હતો. આરોપમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેનું ટ્રાફિકિંગ નેટવર્ક કોલંબિયા, એક્વાડોર, ગ્વાટેમાલા, કોસ્ટા રિકા, અલ સાલ્વાડોર અને મેક્સિકો સહિત અનેક દેશોમાં કાર્યરત હતું.

ફેડરલ પ્રોસિક્યુટર્સ દ્વારા જાહેરમાં દાખલ કરાયેલા કોર્ટ દસ્તાવેજો અનુસાર, તપાસ દરમિયાન તપાસકર્તાઓએ ૫,૫૦૦ કિલોગ્રામથી વધુ કોકેન અને મોન્ટેજો સેન્ઝ સાથે જોડાયેલા ઈંઉ.૭ મિલિયન જપ્ત કર્યા હતા.

મોન્ટેજો સેન્ઝની તાજેતરની ધરપકડ એપ્રિલ ૨૦૨૬ માં અન્ય એક કથિત ગ્વાટેમાલાના ડ્રગ ટ્રાફિકર, યુજેનિયો ડારિયો મોલિના-લોપેઝની ધરપકડના મહિનાઓ પછી થઈ છે.

આજે વિશ્વને જેની સૌથી વધુ જરૂર છે તે છે શાંતિ, સ્થિરતા અને આગાહી : વડાપ્રધાન મોદી

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મનીલામાં ૨૩મા આસિયાન સમિટને સંબોધન કર્યું



મનિલા,

આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ફિલિપાઈન્સની મુલાકાતનો બીજો દિવસ છે. વડા પ્રધાન મનીલામાં ૨૩મા આસિયાન સમિટમાં હાજરી આપી અને સમિટને સંબોધિત કરી ભારત અને આસિયાન આ વર્ષને આસિયાન-ભારત દરિયાઈ સહકાર વર્ષ તરીકે ઉજવી રહ્યા છે. વર્ષ ૨૦૨૭ બંને દેશો વચ્ચેના સંબંધોના ૩૫ વર્ષ અને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીના પાંચ વર્ષ તરીકે પણ ઉજવશે. સમિટમાં પીએમ મોદીએ કહ્યું, "છેલ્લા કેટલાક વર્ષોમાં, વિશ્વએ શ્રેણીબદ્ધ કટોકટીઓનો સામનો કરવો પડ્યો છે. આજે, વિશ્વને જેની સૌથી વધુ જરૂર છે તે છે શાંતિ, સ્થિરતા અને આગાહી."

આસિયાન સમિટમાં, પીએમ મોદીએ કહ્યું, "મને વિશ્વાસ છે કે આજની બેઠક આપણી વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને નવી ઊંચાઈએ લઈ જશે અને સુરક્ષિત, સમાવિષ્ટ અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના નિર્માણમાં ફાળો આપશે." પીએમ મોદીએ કહ્યું, "અમારું માનવું છે કે ભારતનો વિકાસ અને આસિયાનની સમૃદ્ધિ એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલી છે. ભવિષ્યમાં, આસિયાન કોમ્યુનિટી વિઝન ૨૦૪૫ અને વિકસિત ભારત ૨૦૪૭ આપણી સહિયારી આકાંક્ષાઓને સાકાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. છેલ્લા ૧૨ વર્ષોમાં, આપણે આપણી ભાગીદારીને નવી ગતિ આપી છે. હવે, સાથે મળીને, આપણે આપણા પ્રદેશના ભવિષ્યને આકાર આપવો જોઈએ. આ ભાગીદારીમાં, આસિયાનની એકતા અને કેન્દ્રિયતા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા અડગ છે અને રહેશે."

પીએમ મોદીએ કહ્યું, "એકસાથે, ભારત અને આસિયાન વિશ્વની લગભગ એક ચતુર્થાંશ વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે." તેથી, આપણું ભવિષ્ય સ્પર્ધા દ્વારા નહીં, સહકાર દ્વારા નક્કી થવા દો. આપણી પાસે શક્તિ અને નિશ્ચય બંને છે. સાથે મળીને, આપણે આ પ્રદેશને શાંતિ અને સ્થિરતાનું પ્રતીક બનાવી શકીએ છીએ. પીએમ નરેન્દ્ર મોદી આસિયાન-ભારત સમિટ અને પૂર્વ એશિયા સમિટની બાજુમાં સિંગાપોરના પ્રધાનમંત્રી લોરેન્સ વોંગને મળ્યા.

મહેન્દ્ર સિંહ ધોનીએ IPLમાંથી નિવૃત્તિ લીધી, ચેન્નાઈ સુપર કિંગ્સના મેન્ટર તરીકે નિયુક્ત

ચેન્નાઈ,

વિશ્વ ક્રિકેટમાં એક યુગના અંત સમાન ઘટનામાં, મહેન્દ્ર સિંહ ધોનીએ વ્યાવસાયિક ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, આ સુપરસ્ટાર ક્રિકેટરે IPLમાં ખેલાડી તરીકે ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) સાથેના પોતાના લાંબા સમયના સંબંધનો અંત આણ્યો છે. આ નિર્ણય IPLમાં ખેલાડીઓને જાળવી રાખવાની (રિટેન્શન) અંતિમ તારીખ પહેલાં લેવામાં આવ્યો છે.

૪૫ વર્ષીય વિકેટકીપર-બેટ્સમેન, જેમણે ઓગસ્ટ ૨૦૨૦માં જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી, તેઓ હવે સત્તાવાર રીતે મેદાનની



બહાર એક નવી ભૂમિકામાં પ્રવેશ કરી રહ્યા છે — તેઓ ચેન્નાઈ ફ્રેન્ચાઈઝી માટે 'ટીમ મેન્ટર' (માર્ગદર્શક) તરીકે કામ કરશે. તેમના નેતૃત્વ હેઠળ, CSKએ તમામ સંભવિત ખિતાબો જીત્યા છે; જેમાં પાંચ વખત IPL ટ્રોફી અને બે વખત ચેમ્પિયન્સ ટ્રોફીનો સમાવેશ થાય છે.

CSKના માલિક એન. શ્રીનિવાસને કહ્યું, "એમ.એસ. ધોની વિના CSKની કલ્પના પણ ન થઈ શકે. લગભગ બે દાયકા સુધી, અમે વિજયો, નિષ્ફળતાઓ અને તે વચ્ચેની તમામ પરિસ્થિતિઓમાં એકબીજાની સાથે આગળ વધ્યા છીએ અને વિકાસ કર્યો છે. અમારો સંબંધ આટલો મજબૂત હોવાનું એક જ કારણ છે: અમે એકબીજાના ઈરાદાઓ પર ક્યારેય શંકા નથી કરી. આ વિશ્વાસને કારણે જ આ સફર શક્ય બની શકી છે."

તેમણે વધુમાં ઉમેર્યું, "૨૦૦૮માં, મેં આગ્રહ રાખ્યો હતો કે ધોની CSKનો ભાગ હોવો જોઈએ... અને તે મારો શ્રેષ્ઠ નિર્ણય સાબિત થયો. માત્ર ફ્રેન્ચાઈઝી માટે તેમણે મેળવેલી સિદ્ધિઓને કારણે જ નહીં, પરંતુ તેઓ એક વ્યક્તિ તરીકે કેવા છે, તે માટે પણ. ધોની હંમેશા અમારી ઓળખનો હિસ્સો રહેશે. આ હંમેશા તેમનું ઘર રહેશે.

બાંગ્લાદેશમાં ગાર્મેન્ટ કામદારોની વેતન હડતાળ વચ્ચે નવા વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા

શેખ હસીનાના સંભવિત વાપસી અંગે તણાવ

ઢાકા,

બાંગ્લાદેશમાં ફરી એકવાર વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા છે, કારણ કે ગાર્મેન્ટ કામદારો વધુ સારા વેતનની માંગ સાથે હડતાલ પર અડગ છે. આ પ્રદર્શનોની વચ્ચે, ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાની સંભવિત વાપસીને લઈને પણ તણાવ વધી ગયો છે; નોંધનીય છે કે વિદ્યાર્થીઓના નેતૃત્વમાં થયેલા આંદોલન દરમિયાન તેમને સત્તા પરથી હટાવવામાં આવ્યાના બે વર્ષ બાદ આ સ્થિતિ સર્જાઈ છે.

ઢાકાના બાહ્ય વિસ્તારમાં આવેલા ગાઝીપુર શહેરમાં, લઘુત્તમ વેતનમાં વધારાની માંગ સાથેના વિરોધ પ્રદર્શન દરમિયાન, એક ગાર્મેન્ટ કામદારે ટીયર ગેસના શેલને પાછો ફેંકી દીધો—જે એક અત્યંત જોખમી પ્રકારનું વિરોધ પ્રદર્શન હતું.

'ઢાકા ટ્રિબ્યુન' અને અન્ય સ્થાનિક અહેવાલો અનુસાર, ગાર્મેન્ટ કામદારોનું આંદોલન હિંસક બનતા તેમણે ઢાકા અને દેશના મુખ્ય આર્થિક ક્ષેત્ર ગણાતા મૈમનસિંહ વચ્ચેના મુખ્ય હાઈવેને બ્લોક કરી દીધો હતો.

આ વિરોધ પ્રદર્શનો ઓક્ટોબરમાં શરૂ થયા હતા, જ્યારે ગાર્મેન્ટ કામદારોએ વધુ સારા વેતનની માંગ કરી હતી. તેઓ ૩૦,૦૦૦ ટકા (બાંગ્લાદેશી ચલણ) ના માસિક લઘુત્તમ વેતનની માંગ કરી રહ્યા છે, જે તેમના



વર્તમાન ૧૨,૫૦૦ ટકાના વેતન કરતાં ૧૪૦ ટકાનો વધારો છે. મીડિયા સુત્રોના અહેવાલ મુજબ, કામદારો ખોરાક, રહેઠાણ, પરિવહન અને આરોગ્યસંભાળના વધતા ખર્ચને પહોંચી વળવા સંઘર્ષ કરી રહ્યા હોવાથી આ માંગ કરવામાં આવી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ ફિલિપાઈન્સ પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી

મનિલા,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આસિયાન શિખર સંમેલન દરમિયાન મનિલામાં ફિલિપાઈન્સ પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ મહામહિમ ફર્ડિનન્ડ આર. માર્કોસ જુનિયર સાથે મુલાકાત કરી હતી.

પ્રધાનમંત્રીએ આ વર્ષે આસિયાનની સફળ અધ્યક્ષતા કરવા બદલ ફિલિપાઈન્સને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ૨૦૨૪ થી આસિયાનમાં ભારતના દેશ સંયોજક (country coordinator) તરીકે ફિલિપાઈન્સની ભૂમિકા અને આસિયાન-ભારત સંબંધોને મજબૂત કરવામાં તેના સતત સમર્થનની પ્રશંસા કરી હતી.

નેતાઓએ સપ્ટેમ્બર ૨૦૨૬ માં નવી દિલ્હીમાં BRICS શિખર સંમેલનની બાજુમાં તેમની તાજેતરની મુલાકાતને ઉષ્માભરી રીતે યાદ કરી હતી, જ્યાં રાષ્ટ્રપતિ માર્કોસ જુનિયરને પીએમ મોદીએ આસિયાન અધ્યક્ષ તરીકે આમંત્રણ આપ્યું હતું. તેમણે ઓગસ્ટ ૨૦૨૫માં રાષ્ટ્રપતિ માર્કોસ જુનિયરની રાજકીય મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે સ્થાપિત વ્યૂહાત્મક ભાગીદારી ના નેજા હેઠળ સંરક્ષણ અને સુરક્ષા, અવકાશ, રેલવે માળખાગત સુવિધાઓ, ફિનટેક તથા વેપાર અને રોકાણ જેવા વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગમાં વધતી ગતિની પ્રશંસા કરી હતી. નેતાઓએ પરસ્પર હિતના મુખ્ય પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.

સોનિયા ગાંધીના પુસ્તક વિમોચનમાં કેપ્ટન અમરિંદર સિંહની હાજરીએ નવી રાજકીય ચર્ચા જગાવી

અમરિંદર સિંહે પંજાબ સંબંધિત બાબતો પર સલાહ ન લેવા બદલ નારાજગી વ્યક્ત કરી હતી

ચંદીગઢ,

શું પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહ, જેઓ ૨૦૨૧ માં કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા, તેઓ તેમના જૂના પક્ષમાં પાછા ફરવા જઈ રહ્યા છે? સોનિયા ગાંધીના સંસ્મરણના વિમોચનમાં તેમની હાજરીએ આ પ્રશ્નને ફરીથી ઉજાગર કર્યો છે. નોંધનીય છે કે, આ કાર્યક્રમના થોડા દિવસો પહેલા જ, અમરિંદર સિંહે પંજાબના મુદ્દાઓ પર તેમના મંતવ્યો ન માંગવામાં આવતા નારાજગી વ્યક્ત કરી હતી. જોકે, તેમણે ભાજપ છોડવા અથવા કોંગ્રેસમાં પાછા ફરવાની અટકળોને ફગાવી દીધી હતી. આમ છતાં, કોંગ્રેસના દિગ્ગજ નેતાઓમાં તેમની હાજરીથી પંજાબના રાજકારણમાં નવી ચર્ચાઓ શરૂ થઈ છે.

હકીકતમાં, થોડા સમય પહેલા અમરિંદર સિંહે પંજાબ સંબંધિત બાબતો પર સલાહ ન લેવા બદલ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે પંજાબના રાજકારણમાં છ દાયકા વિતાવ્યા છતાં, એક સમય એવો આવ્યો જ્યારે તેમની અને તેમના સાથીદારો સાથે રાજ્યની પરિસ્થિતિ પર સલાહ લેવામાં આવી ન હતી. અમરિંદર સિંહે કહ્યું, "મેં પંજાબના



રાજકારણમાં ૬૦ વર્ષ વિતાવ્યા છે. હું એકલો નથી. મારી સાથે અન્ય સાથીઓ પણ છે. અમે વર્ષોથી પંજાબની સ્થિતિ જોઈ છે, પરંતુ એક સમય એવો હતો જ્યારે તેઓએ અમને પૂછ્યું પણ નહીં." અગાઉ, કોંગ્રેસના નેતાઓએ પણ કેપ્ટન અમરિંદર સિંહની પ્રશંસા કરી હતી. રાહુલ ગાંધીએ પોતે તેમને તેમના પ્રિય નેતા ગણાવ્યા હતા.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બેઈજિંગ, વોશિંગ્ટન અને મોસ્કો એકબીજાની સાથે મળીને લડ્યા હતા

બીજિંગ,

ચીને શી જિનપિંગ, વ્લાદિમીર પુતિન અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે યોજાનારી ત્રિપક્ષીય બેઠકને 'અત્યંત મહત્વપૂર્ણ' ગણાવી હતી. ચીને ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ ત્રણેય નેતાઓ વિશ્વ શાંતિની જાળવણી અંગે ચર્ચા કરશે, જેના પરથી સંકેત મળે છે કે ઈરાન યુદ્ધ અને યુક્રેન સંઘર્ષ જેવા મુદ્દાઓ પર પણ વાતચીત થઈ શકે છે.

ત્રણેય નેતાઓ વચ્ચેની આ પ્રથમ પ્રત્યક્ષ (રૂબરૂ) ત્રિપક્ષીય બેઠક અંગે પત્રકારોને માહિતી આપતા, ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે યાદ અપાવ્યું કે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બેઈજિંગ, વોશિંગ્ટન અને મોસ્કો એકબીજાની સાથે મળીને લડ્યા હતા. તેમણે કહ્યું કે, વિશ્વ હાલમાં જે પડકારોનો સામનો કરી રહ્યું છે, તેને ઉકેલવા માટે આ



ચીને શી જિનપિંગ, વ્લાદિમીર પુતિન અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે યોજાનારી ત્રિપક્ષીય બેઠકને 'અત્યંત મહત્વપૂર્ણ' ગણાવી

દેશો હજુ પણ મહત્વપૂર્ણ જવાબદારીઓ ધરાવે છે.

માઓ નિંગે કહ્યું, "ચીન, રશિયા અને અમેરિકાના રાષ્ટ્રાધ્યક્ષો વચ્ચેની આ સૌપ્રથમ પ્રત્યક્ષ મુલાકાત હશે. ત્રણેય રાષ્ટ્રપતિઓ વિશ્વ શાંતિની જાળવણી અને મહાસત્તાઓ વચ્ચેના સંબંધોમાં વ્યૂહાત્મક સ્થિરતા લાવવા અંગે વિચારોનું આદાનપ્રદાન કરશે. આ શિખર સંમેલન અત્યંત મહત્વનું છે. ચીન, રશિયા અને અમેરિકા સુરક્ષા પરિષદ (સિક્યુરિટી કાઉન્સિલ) ના સ્થાપક સભ્યો છે."

શી, પુતિન અને ટ્રમ્પ વચ્ચેની આ પ્રથમ ત્રિપક્ષીય વાતચીત ચીનના શેનઝેન શહેરમાં, ૩૩મી 'એપેક' (APEC) આર્થિક નેતાઓની બેઠક દરમિયાન યોજાશે. આ બેઠક ખૂબ મહત્વ ધરાવે છે, કારણ કે તેમાં સંઘર્ષો, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને પરમાણુ શસ્ત્રોમાં ઘટાડા સહિતના અનેક વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

પરમાણુ શસ્ત્રોમાં ઘટાડા અંગેની ચર્ચા અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે આ ચર્ચા એવા સમયે થઈ રહી છે જ્યારે આ વર્ષે ફેબ્રુઆરીમાં અમેરિકા અને રશિયા વચ્ચેની 'ન્યૂ સ્ટાર્ટ' (New START) સંધિની મુદત પૂરી થઈ ગઈ છે. આ સંધિ સમાપ્ત થવાને કારણે, વિશ્વની આ બે પરમાણુ સત્તાઓ હવે કોઈ બંધનકર્તા મર્યાદા વિના રહી ગઈ છે.

થાઈલેન્ડમાં મોટરસાઈકલ ભાડે આપતી દુકાન અને રહેણાંક મકાનોમાં લાગેલી આગમાં ૧૧ લોકોના મોત

ફૂકેટ,

સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, સોમવારે વહેલી સવારે દક્ષિણ થાઈલેન્ડના ફુકેટમાં એક ઈમારતમાં લાગેલી આગમાં ઓછામાં ઓછા ૧૧ લોકોના મોત થયા છે અને ૧૭ અન્ય લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી છે. આગ રાત્રે લગભગ ૨ વાગ્યે શરૂ થઈ હતી અને તેને કાબૂમાં લેવા માટે અગ્નિશામકોને લગભગ એક કલાકનો સમય લાગ્યો હતો.

આ ઈમારતના ગ્રાઉન્ડ ફ્લોર પર મોટરસાયકલ ભાડે આપવાની દુકાન હતી, જ્યારે ઉપરના માળનો ઉપયોગ રહેણાંક તરીકે થતો હતો. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે આગ સમગ્ર ઈમારતમાં ફેલાઈ ગઈ હતી; એવું માનવામાં આવે છે કે ઘણા લોકોએ ઉપરના માળ તરફ



જઈને બચવાનો પ્રયાસ કર્યો હતો.

સ્થાનિક સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, સોમવારે રાત્રે લગભગ ૨ વાગ્યે આગ લાગી હતી. અગ્નિશામકો ઘટનાસ્થળે પહોંચ્યા અને આગને કાબૂમાં લેવા માટે કામગીરી કરી, જેમાં લગભગ એક કલાકનો સમય લાગ્યો. આ ઘટનામાં ૧૧ લોકોના મોત થયા છે અને ૧૭ અન્ય લોકોને સામાન્ય ઈજાઓ થઈ છે. ઘાયલોને નજીવી ઈજાઓ પહોંચી હોવાનું જણાવાયું છે, જ્યારે સત્તાવાળાઓએ પુષ્ટિ કરી છે કે મૃતકોની સંખ્યા ૧૧ છે.

ફુકેટ પોલીસ કમાન્ડર સુરાચાઈ સુકસાઈએ જણાવ્યું હતું કે આગ લાગવાનું કારણ હજુ તપાસ હેઠળ છે. જોકે, પ્રાથમિક તપાસમાં સંકેત મળ્યો છે કે આગ લાગ્યાના થોડા સમય પહેલા જ ઈમારતની નજીક આવેલું એક ઈલેક્ટ્રિકલ ટ્રાન્સફોર્મર વિસ્ફોટ સાથે ફાટી ગયું હતું. અધિકારીઓએ હજુ સુધી એ પુષ્ટિ કરી નથી કે ટ્રાન્સફોર્મરના વિસ્ફોટને કારણે જ આગ લાગી હતી કે કેમ. તપાસકર્તાઓ ઘટના સાથે સંકળાયેલા સંજોગોની તપાસ કરી રહ્યા છે.

ફુકેટના ગવર્નર ચોડનારિન કોએડસોમે જણાવ્યું હતું કે ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી મોટરસાયકલ ભાડે આપવાની દુકાનમાં લગભગ ૧૦૦ મોટરસાયકલો હતી. આ જગ્યાએ ગેસ, એન્જિન ઓઈલ, પ્લાસ્ટિકની સામગ્રી અને ટાયરનો પણ સંગ્રહ કરવામાં આવ્યો હતો. ગવર્નરના મતે, આ જ્વલનશીલ પદાર્થોને કારણે આગ ઝડપથી ફેલાઈ હશે અને ઈમારતમાં ઘટ્ટ, ઝેરી ધુમાડો ભરાઈ ગયો હશે.

મોરબી હાઈવે પર બાઈક સ્ટંટ કરતા યુવાનોનો વિડીયો વાયરલ

૨ યુવાનો બાઈક પર સુતા-સુતા ૮૦ કિમીની ઝડપે બેફિકરાઈથી વાહન ચલાવતા હતા!



રાજકોટઃ

રાજકોટ મોરબી હાઈવે જાણે બાઈક સ્ટંટ કરતા યુવાનો માટે બનાવવામાં આવ્યો હોય તેમ એક સાથે બે બે વાહનોમાં યુવાનો ધૂમ સ્ટાઈલમાં પુરપાટ ઝડપે બાઈક ચલાવી બાઈક પર સુતા સુતા વાહન ચલાવતા જતા હોવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થવા પામ્યો છે જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આ યુવાનો પોતે બેફિકરાઈથી વાહન ચલાવી અકસ્માતને નોતરી રહ્યા છે અને સાથે સાથે અન્ય વાહન ચાલકો માટે પણ તેઓ જોખમી સાબિત થઈ રહ્યા છે.

રાજકોટ જામનગર અને રાજકોટ મોરબી હાઈવે રોડ પર અવારનવાર યુવાનો બાઈક પર સ્ટંટ કરતા અને રેસ કરતા હોવાના વિડીયો સામે આવતા હોય છે આજ રોજ વધુ એક વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થવા પામ્યો છે. જેમાં મંગળવારની રાત્રે ૧૧ વાગ્યા આસપાસ રાજકોટ મોરબી હાઈવે પર રતનપર ગામ નજીક બે બાઈક પર યુવાનો એક સાથે રસ્તા પર પુરપાટ ઝડપે વાહન હંકારી સુતા સુતા બાઈક ચલાવતા જોવા મળી રહ્યા છે. આ વાયરલ વીડિયોમાં અલગ અલગ ચાર વાહનો જોવા મળી રહ્યા છે જેમાં ૨ બાઈક પૂર ઝડપે ચાલી રહ્યા છે અને બીજા બે બાઈકમાં યુવાનો સ્ટંટ કરતા નજરે પડી રહ્યા છે. આ સમયે વાહનની સ્પીડ ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી હોય તેવું લાગી રહ્યું છે.

રાજકોટ મોરબી હાઈવે પર યુવાનો દ્વારા જોખમી રીતે સ્ટંટ કરતા કરતા વાહન ચલાવી પોતાની સાથે અન્યોના જીવ જોખમમાં મૂકી રહ્યા છે ત્યારે એક જાગૃત નાગરિકે વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો, જેના આધારે હવે પોલીસ દ્વારા વાયરલ વિડીયો આધારે તપાસ શરૂ કરવામાં આવશે. જો કે મહત્વની વાત એ છે કે રાજકોટમાં વારંવાર આ પ્રકારે હાઈવે પર સ્ટંટ બાજોના વીડિયો સામે આવતા હોય છે જેમાં પોલીસ દ્વારા કોઈ કડક કાર્યવાહી કરવામાં ન આવતા સ્ટંટ બાજો પર પોલીસનો કોઈ ડર ન હોવાનું સ્પષ્ટ લાગી રહ્યું છે ત્યારે જાગૃત નાગરિક દ્વારા હાઇવે પર નાઈટ પેટ્રોલિંગ વધારી આવા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

હલેન્ડામાં વાડીમાં ફેન્સિંગ પર પડેલા વીજ વાયરમાંથી કરંટ લાગતાં દંપતીનું મોત

પહેલા ગાંડુભાઈને કરંટ લાગ્યો, જે જોઈ કાંતાબેન બચાવવા જતા તેમણે પણ જીવ ખોયો : બનાવથી અરેરાટી વ્યાપી ગઈ

રાજકોટઃ

રાજકોટ તાલુકાના હલેન્ડા ગામે આજે સવારનો સમય એક પરિવાર માટે કાળ બનીને આવ્યો હતો. રોજિંદી જિંદગીની જેમ વાડીમાં ખેતીકામ માટે પહોંચેલ કોળી દંપતી ત્યાં પડેલ ૧૧ કે.વી. જીવંત વીજવાયરને અડી જતા બંનેનાં સ્થળ પર જ કરુણ મોત નીપજ્યાં હતાં. વૃદ્ધ દંપતી બંને એકસાથે કાળનો કોળિયો બની જતાં વાવડીયા પરિવારમાં આભ તૂટી પડ્યું હતું.

જ્યારે સમગ્ર હલેન્ડા ગામ સહિત આસપાસના વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. આ ઉપરાંત બેભાન પડેલા માતા પિતાને જોઈ દોડી ગયેલા પુત્ર અને પુત્રવધૂને પણ વીજ કરંટ લાગ્યો હતો. તેઓને સારવારમાં ખસેડાયા હતા.પ્રાપ્ત વિગતો અનુસાર રાજકોટ-આટકોટ રોડ પર આવેલા હલેન્ડા ગામમાં રહેતા ગાંડુભાઈ જાદવભાઈ વાવડીયા (ઉંમર વર્ષ ૭૨) અને તેમનાં પત્ની કાંતાબેન (ઉંમર વર્ષ ૬૯) આજે તા.૧૭ નવેમ્બરના રોજ સવારના સમયે





હલેન્ડા-ઉમરાળી રોડ પર આવેલી પોતાની વાડીએ ખેતીકામ કામ કરવા પહોંચ્યા હતા. મગફળીના પાથરા ફેરવવાના હતા. જેથી ગાંડુભાઈ કેવા ખેતરના ક્યારામાં પહોંચ્યા ત્યાં તેમને કરંટ લાગ્યો હતો.

કેમ કે ત્યાં અગાઉથી જ ઈલેક્ટ્રીક પોલ પરથી ૧૧ કે.વી.નો તૂટેલો વીજ વાયર પડ્યો હતો. વીજવાયરમાં જીવંત પ્રવાહ ચાલુ હોવાથી જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. જે જોઈ કાંતાબેન દોડ્યા હતા. પતિ ગાંડુભાઈને બચાવવા જતા તેઓને પણ જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. બંને બેભાન થઈ ત્યાં ને ત્યાં ઢળી પડ્યા હતા. બનાવની અમુક ક્ષણોમાં જ તેમના પુત્ર હસમુખભાઈ (ઉંમર વર્ષ ૪૦) અને હસમુખભાઈના પત્ની દયાબેન (ઉંમર વર્ષ ૩૮) ત્યાં પહોંચ્યા હતા.

તેમણે ગાંડુભાઈ અને કાંતાબેન ને બેભાન હાલતમાં જમીન પર પડેલા જોતા હસમુખભાઈ તુરંત તેમના માતાને ઉભા કરવા ગયા ત્યાં તે પણ કરંટની ઝપેટમાં આવી ગયા હતા અને દયાબેનને પણ દોડ લગાવતા તેમને પણ વીજ ઝટકો લાગ્યો હતો . જોકે દયાબેન દૂર ફેકાઈ જતા તેમણે એક લાકડી લઈ પતિ હસમુખભાઈને વીજ કરંટથી છોડાવ્યા હતા.

દેકારો થતા આસપાસની વાડીઓમાંથી ખેડૂતો અને શ્રમિકો દોડી આવેલ. ગ્રામજનો પણ દોડી ગયા હતા. તાલુકા પંચાયતના સદસ્ય વનરાજભાઈ ગેરૈયા સહિતના રાજકીય આગેવાનો પણ દોડી ગયા હતા. પીજીવીસીએલની ટીમ દોડી ગઈ હતી. વીજ પુરવઠો બંધ કરાયો હતો. આજીડેમ પોલીસની ટીમ પણ તોડી ગઈ હતી. મૃતદેહો પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.હોસ્પિટલે મદદ માટે રોગી કલ્યાણ સમિતિના સભ્ય રાજેશભાઈ ચાવડા પણ દોડી આવ્યા હતા. જેમને કરંટ લાગ્યો હતો તે હસમુખભાઈ અને દયાબેનને પણ રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમર્જન્સી રૂમમાં દાખલ કરાયા હતા અને સારવાર અપાઈ હતી. પરિવારજનોએ જણાવ્યું કે ગાંડુભાઈને સંતાનમાં ચાર દીકરા અને ચાર દીકરીઓ છે. જ્યારે તેમના પુત્ર હસમુખને સંતાનમાં એક દીકરી છે. વૃદ્ધ દંપતીના મૃત્યુથી પરિવારમાં શોક છવાયો હતો.

આ દુર્ઘટનાના સમાચાર આસપાસનાં ખેતરોમાં કામ કરી રહેલા લોકોને મળતાં તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગ્રામજનો પણ મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા. જોકે, વીજતારની ઝપેટમાં આવેલા દંપતીને બચાવવાની કોઈ તક મળી નહોતી. ઘટનાની જાણ તાલુકા પંચાયતના સદસ્ય વનરાજભાઈ ગરૈયા સહિત સ્થાનિક આગેવાનોને થતાં તેઓ પણ તાત્કાલિક વાડી ખાતે પહોંચી ગયા હતા. આ કરુણ બનાવને પગલે સ્થાનિક ગ્રામજનોમાં વીજતંત્રની કામગીરી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર હલેન્ડા આસપાસના વિસ્તારમાં લાંબા સમયથી વીજવાયરો જર્જરિત હાલતમાં છે. આ અંગે અગાઉ અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં વીજતંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

જેતલસરમાં રેલવે બચાવ સમિતિનું આંદોલન, ગામ બંધઃ રેલવે સુપરિન્ટેન્ડન્ટને આવેદન

રાજકોટઃ

જેતપુરના જેતલસર જંકશનના ગામે રેલ બચાવ સમિતિની સાત જેટલી માંગણીઓ રેલ મંત્રીઓની સૂચના છતાં ન સંતોષાતા આજે ગામ સ્વંભૂ બંધ રહી વેપારી મંડળ, ગ્રામજનો તેમજ રેલ્વેના પૂર્વ કર્મચારીઓએ એક રેલી યોજી રેલ તંત્રને આવેદનપત્ર આપી જ્યાં સુધી પોતાની માંગ સંતોષશે નહી ત્યાં સુધી આમરણાંત ઉપવાસ આંદોલનના મંડાણ કર્યા હતાં.નોંધનીય છે કે ઈ.સ. ૧૮૯૦માં ગોંડલ સ્ટેટના રાજવી ભગવતસિંહજીએ પ્રજાજન રેલ દ્વારા જમીન માર્ગે સરળતાથી અવરજવર કરી શકે તે માટે જેતપુર પાસે જેતલસર ગામે રેલ્વે સ્ટેશન બનાવેલ જે આગળ જતાં વેસ્ટર્ન રેલ્વેનું મહત્વનું સ્ટેશન બનતા તેને જંકશન બનાવવામાં આવ્યું હતું.સમગ્ર ભારતમાં માત્ર આઠ જ ફોરવે જંકશન છે એટલે કે ચારેય દિશામાં રેલ્વે જતી હોય તેવું જંકશન જેમાં જેતલસર જંકશન આઠમાનું એક અને ગુજરાતનું એકમાત્ર ફોરવેની સુવિધા ધરાવતું જંકશન છે.મીટર ગેજ વખતે



જેતલસર જંકશન બે હજારથી પચીસોના સ્ટાફ અને ૧૮ લાઈન ધરાવતું ખૂબ મોટું જંકશન હતું. અને આ સ્ટાફને રહેવા માટે ૯૭૦ જેટલા રેલ્વે ક્વાર્ટર પણ હતાં.

આજે પણ જેતલસર જંકશન ખૂબ મોટું જંકશન છે પરંતુ ભાવનગર રેલ્વે ડિવિઝન જેતલસર જંકશનનો વિનાશ કરવાનો પ્રણ લીધો હોય તેમ મોટા ભાગના કર્મચારીઓની બદલી કરી નાખતા આખું ગામ ભાંગીને ઉજ્જડ વેરાન ભાસતું નજરે પડે છે. આ અન્યાય સામે કેટલાય કર્મચારીઓએ અવાજ ઉઠાવ્યો તો તેઓને રાતોરાત બદલી કરી નાખતા હોવાનો રેલવેના પૂર્વ કર્મચારીઓને જણાવી ગામના જ્યાં સુધી માંગ નહીં સ્વીકારાય ત્યાં સુધી આમરણાંત ઉપવાસ હેઠળ હડતાળ પર બેસી ગયા હતાં અને સાથોસાથ એવો પણ ઉચ્ચાર કર્યો હતો કે જ્યાં સુધી આ માગણીઓનો ઉકેલ નહી આવે ત્યાં સુધી ઉપવાસ શરૂ જ રહેશે.મુખ્ય સાત માગણીઓ કઈ કઈ છે?:૧.આર્ટ એન્ડ આર્મીનું હેડક્વાર્ટર સ્થાપવું: જેતલસર જંકશન ખાતે આર્ટ ૨ આર્મીનું હેડક્વાર્ટર સ્થાપિત કરવું.૨.પીટ લાઈન બનાવવીઃ ટ્રેનોના મેન્ટેનન્સ (સમારકામ અને જાળવણી) માટે પીટ લાઈનનું નિર્માણ કરવું.૩.સી એન્ડ ડબલ્યુ વિભાગ શરૂ કરવોઃ જેતલસર જંકશન પર સી ૨ ડબલ્યુ (કેરેજ એન્ડ વેગન) વિભાગની સુવિધા શરૂ કરવી.૪.ઈલેક્ટ્રિક લોકો શેડ સ્થાપિત કરવોઃ જેતલસર ખાતે ઈલેક્ટ્રિક લોકો શેડની સ્થાપના કરવી.૫.લાંબા અંતરની ટ્રેનો શરૂ કરવીઃ પ્લેટફોર્મ નંબર ૫ નો યોગ્ય ઉપયોગ કરીને ત્યાંથી લાંબા અંતરની ટ્રેનો શરૂ કરવી.૬.પડતર જમીનનો વિકાસ માટે ઉપયોગઃ રેલવે વિભાગની પડતર જમીનનો યોગ્ય ઉપયોગ કરીને જેતલસર જંકશનનો વિકાસ કરવો.૭.રનિંગ સ્ટાફને પરત લાવવોઃ રાજકોટ ખસેડવામાં આવેલા તમામ રનિંગ સ્ટાફ (જેમ કે લોકો પાયલોટ, આસિસ્ટન્ટ લોકો પાયલોટ, ટ્રેન મેનેજર વગેરે) ને પરત જેતલસર જંકશન ખાતે લાવવા.

કુખ્યાત ઉમંગ ભૂતે માફી માગી, પોલીસે ઘટનાનું રિ-કન્સ્ટ્રક્શન કર્યું

નાણાવટી ચોક પાસે છોટા હાથી હટાવવા મામલે માથાકૂટ કરી વેપારી ઉપર છરીથી હુમલો કર્યો'તો

રાજકોટઃ

રાજકોટના નાણાવટી ચોક પાસે આવેલા સોમેશ્વર મહાદેવ મંદિરના ચોકમાં ગત ૧૫ નવેમ્બરના રાત્રે જલારામ જયંતીની પવિત્ર તૈયારીઓ ચાલી રહી હતી ત્યારે એક છોટા હાથી ટેમ્પો ખસેડવા જેવી નજીવી બાબતે થયેલી બોલાચાલીએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઘટનામાં સ્કોર્પિયો કાર ચાલકે વેપારી સાથે ઉગ્ર ઝઘડો કરી તેમના પર છરી વડે હુમલો કર્યો હતો.જેથી ગાંધીગ્રામ પોલીસે આતંક મચાવતા સ્કોર્પિયો ચાલક ઉમંગ ભૂત સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી ઘટના સ્થળ પર લઈ જઈ રિ-કન્સ્ટ્રકશન કરાવવામાં આવ્યું હતું. આરોપી ઉમંગ ભૂત વિરૂધ્ધ અલગ અલગ બે ડઝન જેટલા ગુના નોંધાઈ ચુક્યા હોવાનું સામે આવ્યું છે.



શહેરના નાણાવટી ચોક પાસે આવેલ વિતરાગ સોસાયટીમાં રહેતા વેપારી ૪૧ વર્ષીય અંકિત ગુણવંતરાય શેઠ રવિવારે મોડી રાત્રે તેમના સાથીદારો સાથે મળીને જલારામ જયંતી મહોત્સવની તૈયારીઓ કરી રહ્યા હતા ત્યારે તેઓ તેમના છોટા હાથી ટેમ્પામાંથી શાકભાજી ઉતારી મંદિરના સ્ટોર રૂમમાં મૂકી રહ્યા હતા દરમિયાન એક કાળા કલરની સ્કોર્પિયો કાર ત્યાં આવી હતી અને તેના ચાલક ઉમંગ ભુતે અંકિતભાઈને છોટાહાથી સાઈડમાં લેવા માટે ઉગ્ર બોલાચાલી કરી હતી અને બિભત્સ ગાળો આપવાનું શરૂ કર્યું હતું.

આરોપીએ વેપારીને ઢીકા-પાટુનો માર મારી પોતાની પાસે રહેલી છરી કાઢી ઝીંકી દીધી હતી. છરીનો એક ઘા વેપારીના ડાબા કાનની નીચે ગળાના ભાગે વાગતા તે લોહીલુહાણ થઈ ગયો હતો. હુમલો કર્યા બાદ આરોપી જાનથી મારી નાખવાની ધમકી આપી ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે આરોપી સ્કોર્પિયો ચાલક ઉમંગ ભુત વિરુદ્ધ ગુનો નોંધી તાત્કાલિક તેની ધરપકડ કરી આજે ઘટના સ્થળ પર લઈ જઈ રીકન્સ્ટ્રકશન કરાવવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આરોપી ઉમંગ ભૂત વિરૂધ્ધ અલગ અલગ બે ડઝનથી વધુ ગુના નોંધાઈ ચુક્યા હોવાનું સામે આવ્યું છે.

કુવાડવા પાસે અકસ્માતમાં કેશોદના ગાયકનું માથું ધડથી અલગ થઈ ગયું!

કિશન પાંચ બહેનોનો એકલૌતો ભાઈ હતો,મોતથી પરિવાર ઉપર આભ તૂટી પડયું

રાજકોટ :

કુવાડવા ગામ નજીક આજે પરોઢિયે સર્જાયેલા અકસ્માતમાં કેશોદના ગંગનાથપરામાં રહેતા સિંગર કિશન રતનજીભાઈ સોલંકી (ઉ.વ.૨૩)નું માથુ ધડથી અલગ થઈ જતાં સ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજયું હતું. કિશન પાંચ બહેનોનો એકલૌતો ભાઈ હતો. તેના મોતથી પરિવાર ઉપર આભ તૂટી પડયું હતું.કેશોદમાં કિશન મ્યુઝિક ક્લાસ ચલાવતો હતો. પોતે ગાયક સાથે હાર્મોનિયમ પ્લેયર પણ હતો. સ્વિફટ કાર લઈ કેશોદથી અમદાવાદ જતો હતો ત્યારે કુવાડવા



ગામ પાસે તેની કાર રોડની વચ્ચે પાર્ક કરેલા ગેસ ટેન્કર પાછળ ઘૂસી જતાં તેનું માથુ ધડથી અલગ થઈ ગયું હતું. સિવિલમાં મૃતદેહ જ પહોંચ્યો હતો.જાણ થતાં રાજકોટ રહેતા તેના સગા હોસ્પિટલ દોડી ગયા હતા. મોબાઈલ ફોનના આધારે તેની પોલીસે ઓળખ મેળવી હતી. નવાગામની રંગીલા સોસાયટીમાં તેનો સાળો આદિત્ય મકવાણા (ઉ.વ.૩૦) રહે છે, જેની ફરિયાદ પરથી કુવાડવા રોડ પોલીસે રોડની વચ્ચે ભયજનક રીતે ગેસ ટેન્કર પાર્ક કરી પ્રાણઘાતક અકસ્માત સર્જવા અંગે ચાલક સામે ગુનો દાખલ કર્યો હતો.ટેન્કર ચાલકે પાર્કિંગ લાઈટ પણ ચાલુ રાખી ન હતી. એટલું જ નહી ટેન્કરની આજુબાજુ કોઈ આડશ પણ રાખી ન હતી. જેને કારણે અંધારામાં કિશનને ટેન્કર નહીં દેખાતા અકસ્માત સર્જાયો હતો. વહેલી સવારે સવા ત્રણ વાગ્યા આસપાસ આ અકસ્માત સર્જાયો હતો.

અમરનગર–સુલતાનપુર રોડ પર ટ્રકની ટક્કરથી યુવકનું મોત

ગોંડલઃ

ગોંડલ તાલુકાના સુલતાનપુર ગામ નજીક અમરનગર–સુલતાનપુર રોડ પર ટ્રક અને બાઈક વચ્ચે ટક્કર થતાં ૨૯ વર્ષના ખેતમજૂરનું ઘટનાસ્થળે મોત થયું હતું.

મૂળ મધ્યપ્રદેશના ભાગાભાઈ થાવરીયાભાઈ જમરે બાઈક લઈને સુલતાનપુર



ગામેથી પોતાના શેઠની વાડીએ જવા નીકળ્યા હતા. રસ્તામાં સામેથી આવતા ટ્રક સાથે તેમની બાઈક અથડાઈ હતી. અકસ્માતમાં તેમને ગંભીર ઈજાઓ થઈ હતી.

અકસ્મતમાં સામેલ ટ્રક સિહોરનો હોવાનું જાણવા મળ્યું છે. ભાગાભાઈની પત્નીએ સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અકસ્માત અંગે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દર્શન કરવા જવું છે કહી નિદ્રાધિન બહેનને જગાડી કૌટુંબિક ભાઈએ દુષ્કર્મ આચર્યું

ગોંડલઃ

કૌટુંબિક ભાઈ બહેનના પવિત્ર સંબંધો પર લાંછનરૂપ બનાવ ગોંડલ પંથકમાંથી સામે આવ્યો છે. તાલુકાના ખાંડાધાર ગામેથી ફક્ત ૧૩ વર્ષની નિદ્રાધિન તરુણીને દર્શન કરવા જવું છે કહીને જગાડી હતી અને ઘરમાંથી છકડા રીક્ષામાં મોરબી પંથકમાં લઈ જઈ કૌટુંબિક ભાઈએ દુષ્કર્મ આચર્યું હતું.



જે મામલે ગોંડલ તાલુકા પોલીસે દુષ્કર્મ, પોક્સો એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી કરી હતી.પીડિતાના પિતાએ જણાવ્યું હતું કે, તેઓ મૂળ દાહોદ જિલ્લાના વતની છે અને હાલ પત્ની અને ૧૩ વર્ષ, પાંચ મહિનાની સગીર પુત્રી સાથે ગોંડલના ખાંડાધાર ગામે રહી મજૂરી કામ કરે છે. દસ દિવસ પૂર્વે રાત્રીના સમયે તેઓ જમીને સૂતા હતા,ત્યારે પુત્રી સાથે હતી પરંતુ સવારે જાગ્યા ત્યારે ન હતી. આથી પરિજનોએ તરૂણીની શોધખોળ શરૂ કરી હતી પણ પુત્રીનો ક્યાંય પતો લાગ્યો ન હતો. બે દિવસ બાદ પુત્રીએ ઘરે આવીને પરિવારજનોને સમગ્ર હકિકતથી વાકેફ કરતાં માતા પિતાના પગ તળેથી જમીન સરકી ગઈ હતી.તરૂણીએ જણાવ્યું હતું કે, તેણી ઘરે સૂતી હતી ત્યારે મોડી રાત્રિના સમયે કૌટુંબિક ભાઈ ધસી આવ્યો હતો અને નજીકમાં આવેલા મંદિરે દર્શન કરવા જવાનું છે, ચાલ કહીને લઈ ગયો હતો. અને દુષ્કર્મ કર્યું હતું.ત્યાર બાદ તરૂણીને રઝળતી મૂકીને આરોપી નાસી છૂટ્યો હતો. આથી ગમે તેમ કરીને પોતે ઘરે પહોંચી હતી અને માતા પિતાને સમગ્ર હકિકતથી વાકેફ કર્યા હતા.આથી પરિવારજનો તાત્કાલિક ગોંડલ તાલુકા પોલીસ મથકે દોડી ગયા હતા અને ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર મામલાની તપાસ ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકના પીઆઈ જી એસ ગઢવી ચલાવી રહ્યા છે.

મોરબીના ટીંબડી પાટિયા નજીક ડમ્પરની ઠોકરે બાઈક સવાર પિતા-પુત્રનાં મોત

મજૂરી કરતો પરિવાર બીમાર પુત્રની દવા લેવા બાઈક પર મોરબી જતો હતો

મોરબી :

મોરબીના ટીંબડી પાટિયા નજીક બપોરના સુમારે ગમખ્વાર અકસ્માત થયો હતો, જેમાં માળિયા હાઈ-વે પરથી બાઈક લઈને મોરબી આવતા પરિવારને ડમ્પર ચાલકે ટક્કર મારી હતી. અકસ્માતમાં બાઈક સવાર દંપતી અને બાળક ફંગોળાઈ રોડ પર પડી ગયા હતા. બાઈક ચાલક દિનેશભાઈ ઉર્ફે રોહિતભાઈ લક્ષ્મણભાઈ પરમાર (ઉ.વ.૩૦) અને તેના પુત્ર આદેશ દિનેશભાઈ પરમાર (ઉ.વ.૬)ના ઘટનાસ્થળે જ કરુણ મોત થયા હતા જ્યારે મૃતકના પત્ની લક્ષ્મીબેન દિનેશભાઈ પરમારને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા છે.પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મૃતક દિનેશભાઈ પરિવાર સાથે માળિયા હાઈ-વે પર કારખાનામાં રહીને મજુરી કરતા હતા. પુત્ર આદેશ છેલ્લા ત્રણ દિવસથી બીમાર હોવાથી પ્રતિદિન સારવાર માટે મોરબી આવતા જતા હતા, અને આજે બપોરે પરિવાર બાઈક પર મોરબી આવવા નીકળ્યો, ત્યારે ડમ્પર ચાલકે ટક્કર મારતા અકસ્માત થયો હતો. અકસ્માત બાદ ડમ્પર સ્થળ પર મૂકી ચાલક નાસી ગયો હતો. મોરબી તાલુકા પોલીસે ફરાર ડમ્પર ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધી અને તેને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

મોરબી-માળિયા હાઈવે હોય કે પછી નવલખી હાઈ-વે બેફામ દોડતા ડમ્પરોના ત્રાસથી વાહનચાલકો ત્રાહિમામ પોકારી ગયા છે. માતેલા સાંઢ જેમ દોડતા ડમ્પર અવારનવાર અકસ્માત સર્જી નિર્દોષ નાગરિકોના જીવ લઈ રહ્યા છે .

ફરિયાદ પાછી ખેંચી લેવાનું કહી વૃધ્ધને સતત મારી નાખવાની ધમકી!

રાજકોટ :

વાણીયાવાડી શેરી નં. ૮માં રહેતા અને મીરા ઉદ્યોગનગર જીઆઈડીસીમાં કાસ્ટીંગના કારખાનામાં નોકરી કરતા ગિરીશભાઈ મગનલાલ પીઠવા (ઉ.વ.૬૫) ફરિયાદમાં ગિરીશભાઈએ જણાવ્યું છે કે તે અપરિણીત છે. ૨૦૧૭માં તેની સંબંધી તરૂણી પૂજારા પ્લોટમાં આવેલા શિવ ગ્રુપ ક્લાસીસમાં જતી હતી ત્યારે આરોપી અવારનવાર હેરાન કરતો હતો. જેથી ફરિયાદ કરી હતી. ત્યારબાદ આરોપી સાથે સમાધાન થઈ ગયું હતું. ગઈ તા. ૨૨ ઓક્ટોબરના રોજ રાત્રે ભત્રીજા દિલીપ સાથે શ્યામ વાડી પાસેથી પસાર થતા હતા ત્યારે આરોપીએ ગાળો ભાંડી, ઝઘડો કરી, મારી નાખવાની ધમકી આપી, ઝપાઝપી કરી હતી. જે અંગે ગઈ તા. ૨૩ ઓક્ટોબરના રોજ ફરિયાદ નોંધાવી હતી.તેના બીજા જ દિવસથી આરોપીએ કોલ કરી ફરિયાદ પાછી ખેંચી લેવાનું કહી અન્યથા જ્યાં હશે ત્યાંથી શોધીને મારી નાખશે તેવી ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. આ પછી આરોપીએ મોબાઈલ ઉપર અવારનવાર ધમકી આપવાનું ચાલુ જ રાખ્યું હતું. જેથી કંટાળીને આખરે આરોપી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે ભક્તિનગર પોલીસે તપાસ શરૂ કરી છે.